॥ णमोत्थु णं समणस्स भगवओं महावीरस्स. ॥

શ્રીશાસન કંટકોદ્ધારક ગ્રંથમાલા–ગ્રંથાંક ૩૯

# જ્ઞાતનંદન ગુણાવલી

— યાને —

## શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના પ્રાચીન ૧૦૧

# સ્તવનોનો સંગ્રહ

પ્રે....૨....ક

પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ

પ્રકાશક :

શ્રી શાસન કંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા તળાજા, મુ. ઠળીયા

# તિથિચર્ચા અંગેના પુસ્તકો વસાવો.

| નંબર | નામ | કિમત |
|---|---|---|
| ૧ | શ્રી તત્વતરંગિણી ગ્રંથનો અક્ષરશઃ અનુવાદ | રૂા. ૮-૦૦ |
| ૨ | પ...ર્વ.. તિ... થ...નિ...ર્ણ...ય | રૂા. ૯-૦૦ |
| ૩ | તત્વતરંગિણી ગ્રંથરત્ન સાનુવાદ | રૂા ૪-૦૦ |
| ૪ | પર્વતિથિ પ્રકાશ તિમિર ભાસ્કર | રૂા. ૫-૦૦ |
| ૫ | પર્વતિથિ બોધક પ્ર...શ્નો . ત્ત...રી | રૂા ૮-૦૦ |
| ૬ | તિથિચર્ચા અંગેના શાસ્ત્રીય પુરાવાઓ | રૂા. ૨-૦૦ |
| ૭ | સૂતક-ગ્રહણના શાસ્ત્રીય પૂરાવા ભા. ૧ લો | રૂા. ૧-૦૦ |
| ૮ | નવામતનું સચોટ અને સરળ નિરસન | રૂા ૧-૨૫ |
| ૯ | અસજ્ઝાય અંગેના શાસ્ત્રીય પુરાવા ભા. ૨જો | રૂા ૧-૦૦ |
| ૧૦ | નવાવર્ગની સાધુતાનું દિગ દર્શન | રૂા. ૧-૦૦ |
| ૧૧ | આરાધનામાં બે પર્વતિથિ કરાય જ નહિ | અલભ્ય |
| ૧૨ | નવામતિઓના વિવેકદર્શનનું પ્રદર્શન | રૂા. ૧-૦૦ |
| ૧૩ | તપાગચ્છની આચરણા આગમ અગે પરંપરાનુ સારી છે | રૂા. ૧-૦૦ |
| ૧૪ | જૈન -સ...મા જ-સા...વ ધા...ન | રૂા. અમુલ્ય |
| ૧૫ | દેવસુર તપાગચ્છીય શ્રી સંઘને સુચના | રૂા. ૧-૦૦ |
| ૧૬ | પ્ર સ્તા..વ ના તિમિર-ભા...સ્ક...ર | રૂા. ૧-૦૦ |
| ૧૭ | તિ...થિ ચ..ર્ચા નું તા..ર..વ . ણ | રૂા અલભ્ય |
| ૧૮ | પાલીતાણા-તિ...થિ.. ચ.. ર્ચા પ્રશ્નોત્તરી | રૂા. ૮-૦૦ |
| ૧૯ | જૈન શાસનને ઘેરી રહેલો ઘોર પીળાયો | રૂા ૨-૦૦ |
| ૨૦ | રાજનગર-શ્રમણ સંમેલનની કાર્યવાહી | રૂા ૧૦-૦૦ |
| ૨૧ | શ્રી રામચંદ્રસૂરિજીને સણસણતો જવાબ | રૂા ૨-૦૦ |
| ૨૨ | શા સ . ન-જય પ...તા...કા | રૂા. ૨-૦૦ |
| ૨૩ | નવામતીઓના પ્રચારોની પોકળતા | રૂા. ૧-૨૫ |
| ૨૪ | નેવું વર્ષ પહેલાના પંચાંગોની ફોટોકોપી બુક | રૂા ૧-૦૦ |
| ૨૫ | શા સ . ન .ધોત...પ...ત્રિ...કા | રૂા. ૧ ૦૦ |

॥ ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામિને નમઃ ॥

* શ્રી શાસનકંટકોદ્ધારક ગ્રંથમાળા-ગ્રંથાંક ૩૯ *

# શ્રી જ્ઞાત નંદન ગુણાવળી

— યાને —

ચરમ તીર્થંકર ભગવાનશ્રી મહાવીર સ્વામીના

**૧૦૧ પ્રાચીન સ્તવન સંગ્રહ.**


સંશોધક :—

પરમ પૂજ્ય શાસનકંટકોદ્ધારક આચાર્યદેવ શ્રી

હંસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના

પરમવિનયી શિષ્યરત્ન પૂ. પ્ર. મુનિશ્રી મુનીન્દ્રસાગરજી

મહારાજ તથા વ્યાકરણ વિશારદ, જ્યોતિર્વિદ

પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મહારાજ સાહેબ.



---


પ્રકાશક :-

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર

વાયા : તલાજા; જી. ભાવનગર.

મુ. ઠળીયા – ગુજરાત




## દિવસનાં ચોઘડીયા

પ્રાપ્તિસ્થાન :-

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર**

વાયા : તળાજા, જી. : ભાવનગર.

મું. **ઠળીયા** (ગુજરાત)

વીર સં. ૨૫૦૯ —(૦)— વિ. સં. ૨૦૩૯


卐 આગમોદ્ધારક સં. ૩૪ 卐

દ્વિતીયા વૃત્તિ 卐 કોપી ૫૦૦

**કિંમત રૂ. ૫ ૦૦**

મુદ્રક :—શ્રી અરૂણોદય પ્રેસ ખારગેટ-ભાવનગર.

## રાત્રીનાં ચોઘડીયા



## શ્રી જ્ઞાતનંદન ગુણાવલીના સહાયકોની
# શુ.....ભ.....ના.....મા.....વ.....લી

રૂા. ૩૫૧ શેઠશ્રી અમરચંદ મુળજીભાઇના સ્મરણાર્થે હ. તેમના સુપુત્રો. પાલીતાણા

રૂા. ૧૫૧ પૂ. સા. શ્રી વિદ્યાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રાવિકા સંઘ. હ. દેવકોરબેન વલ્લભીપુર

રૂા. ૧૫૧ શેઠશ્રી દીપચંદ કેશવજી પાલીતાણા

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી મૃગેન્દ્રશ્રીજી મ ના ઉપદેશથી ખાનપુરના શ્રાવિકા બ્હેનો અમદાવાદ

રૂા ૧૦૧ પૂ. સા. શ્રી રત્નત્રયાશ્રીજી મ.ના ઉપદેશથી મહેતા ભંવરલાલ વીરચંદભાઇ સોજત

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી ગુણોદયાશ્રીજી મ.ના ઉપદેશથી શ્રી હસુબેન હીરાચંદના સિદ્ધિતપ નિમિત્તે હરિપુરા સુરત

રૂા. ૧૦૧ શેઠશ્રી ગીરધરલાલ જુઠાલાલ પાલીતાણા

રૂા. ૧૦૧ શેઠશ્રી રમણલાલ મણીલાલ એગમપુરા, અમદાવાદ.

રૂા. ૧૦૧ શેઠશ્રી જગજીવન ઉજમશી સરદાર સોસાયટી, સુરેન્દ્રનગર.

રૂા. ૧૦૧ મહેતા યશવંતરાય પોપટલાલ હરિપુરા, સુરત.

રૂા. ૧૦૧ શા. માણેકચંદ નાનજીભાઈ ધ્રાંગધ્રા

રૂા. ૧૦૧ સંઘવી શાંતિલાલ ઠાકોરદાસ મહિધરપુરા, સુરત.

રૂા. ૧૦૧ શેઠશ્રી તારાચંદ પોપટલાલ ચૂડાવાળા અમદાવાદ.

રૂા. ૧૦૧ શેઠશ્રી શાંતિલાલ મોહનલાલ રામપુરા.

રૂા. ૧૦૧ વકીલ વીરચંદભાઇ ગોર્ધનભાઈ સદ્ગતના સુપત્ની અચરતબેનના સ્મરણાર્થે પાલીતાણા.

રૂા. ૧૦૧ શ્રી રમણબ્હેન રંગીલદાસ તરફથી તેમના માસક્ષમણ નિમિત્તે. હરિપુરા, સુરત.

રૂા. ૧૦૧ શ્રી કુસુમબ્હેન વશરામભાઇ પાલીતાણા.



# શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનો માહિમા

---

૧. જૈન જનતાનો ગુરૂ મંત્ર કયો?........
પંચ પરમેષ્ઠિ મંત્ર

૨. સર્વ શાસ્ત્રોનું અંતર વ્યાપક સૂત્ર કયું?....
પંચ પરમેષ્ઠિ મંત્ર

૩. સર્વ સૂત્રોને અર્પણ કરતા પહેલાં શું
અર્પણ કરાય?.... પંચ પરમેષ્ઠિ મંત્ર

૪. ભગવાન ભદ્રબાહુસ્વામીએ બધી નિર્યુકિતઓમાં
પહેલી નિર્યુકિત જે સૂત્રની કરી તે સૂત્ર કયું?....
પંચ પરમેષ્ઠિ મંત્ર

૫. સૂત્રોની વ્યાખ્યા કરવા પહેલાં કયા સૂત્રની
વ્યાખ્યા પહેલી કરાય?....પંચ પરમેષ્ઠિ મંત્ર

૬. સર્વકાલમાં સર્વક્ષેત્રમાં એક સરખો જ સૂત્રપાઠ
જેનો રહે એવું સૂત્ર કયું?....પંચ પરમેષ્ઠિ મંત્ર

૭. બાર અંગ અને ચૌદ પૂર્વને ધારણ કરનારાઓને
પણ મરણ સમયે આરાધના કરવાના
સાધનભૂત સૂત્ર કયું?....પંચ પરમેષ્ઠિ મંત્ર

૮. સુદર્શન શેઠને તેવી ઉત્તમ દશા લાવી આપનાર ભવાંતરનું સાધન કયું ?....પંચ પરમેષ્ઠિ નમસ્કાર

૯. સમસ્ત પાપોનો નાશ કરવામાં સમર્થ એવો મંત્ર કયો?....પંચ પરમેષ્ઠિ મંત્ર

૧૦. રસ્તે ચાલતાં પણ ગણી શકાય એવું સૂત્ર કયું ?.... ....પંચ પરમેષ્ઠિ મંત્ર

૧૧. અપવિત્ર અથવા પવિત્ર એ બંને અવસ્થામાં સ્મરણ કરી શકાય એવું સૂત્ર કયું ?.... પંચ પરમેષ્ઠિ મંત્ર

૧૨. સર્વ મંગલોમાં આદ્ય મંગલ તરીકે ઉચ્ચારણ કરવાનું મંગલ કયું ?....પંચ પરમેષ્ઠિ નમસ્કાર

૧૩. અનુક્રમે, વગર અનુક્રમે અથવા અંતથી શરૂ કરીને પણ ગણી શકાય એવું સૂત્ર કયું ?........ પંચ પરમેષ્ઠિ મંત્ર

૧૪. કેવળ આત્માની શુદ્ધ દશાને પ્રકટ કરનારાઓને જ જેમાં નમસ્કાર કરવાનો છે. એ નમન સૂત્ર કયું ?.... ....પંચ પરમેષ્ઠિ મંત્ર

૧૫. કેવલ આત્મદશાના અવલંબને જ નમન કરવા લાયક એવા મહાપુરૂષોને જ નમસ્કાર કરાવનાર સૂત્ર કયું ?....પંચ પરમેષ્ઠિ નમસ્કાર

૧૬. કયું સૂત્ર ઉચ્ચારણ કર્યા પછી ભવ્ય જીવને સૂત્રોનું અધ્યયન કરાવાય ?....

પંચ પરમેષ્ઠિ નમસ્કાર

૧૭. કયું સૂત્ર આરાધતાં અઠ્ઠમ, આઠ આંબિલ અને પાંચ ઉપવાસો કરવાનું સૂત્રકાર ફરમાવે છે ?....

પંચ પરમેષ્ઠિ મંત્ર

૧૮. ઇરિયાવહી અથવા ચૈત્યવંદનાદિ સૂત્રોનું અધ્યયન કરવા પહેલાં સૂત્રકારો કયું સૂત્ર ભણાવવું જરૂરી ગણે છે. ?....પંચ પરમેષ્ઠિ સૂત્ર

૧૯. સકલ શાસન, બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર કયો ?....પંચ પરમેષ્ઠિ મંત્ર

૨૦. સર્વ કાલે, સર્વ ક્ષેત્રે, સર્વ જીવોને મંગલ અને લોકોત્તમ હોય તે કોણ ? ....પંચ પરમેષ્ઠિ

પ્રણેતા—

'આગમોદ્ધારક'

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# પ્રકાશકીય નિવેદન.

શ્રી સર્વજ્ઞપ્રણીત સદ્ધર્મારાધક શ્રી ચતુર્વિધ જૈન સંઘના પુનિત કર કમલમાં આ 'શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન ગ્રંથમાળા'ના ૩૯મા મણકા તરીકે– **"શ્રી જ્ઞાતનંદન ગુણાવલી"** નામના પુસ્તક રત્નને સમર્પતા પ્રમોદાતિરેક અનુભવીએ છીએ.

આપણા લોકોત્તર એવા શ્રી જૈન સંઘને અનેક મહાશયો તરફથી સ્તવનાદિ સંગ્રહોના અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. તેમાં ચરમ તીર્થંકર મહાવીર પ્રભુજીના અનેક છુટક–છુટક સ્તવનો પણ પ્રસિદ્ધ થયા છે.

પરંતુ એકજ પુસ્તકમાં શ્રી મહાવીર પરમાત્માના સ્તવનોનો સંગ્રહ પ્રગટ થાય તો કેવું સારૂં ? એવી શુભ ભાવનાથી વિ. સં. ૨૦૧૯ ની સાલમાં શાંતમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજશ્રીએ અનેક પુસ્તકોમાંથી લઇને શ્રી મહાવીર પરમાત્માના ૧૦૧ સ્તવનોનો સંગ્રહ કરાવીને જ્ઞાતનંદન ગુણાવલી નામનું હિંદી ટાઈપમાં પુસ્તક પ્રસિદ્ધ કરાવેલ.

ઉપરોકત પુસ્તકની માંગણી વધી જવાથી અને તે હાલમાં અપ્રાપ્ય હોવાથી હવે ગુજરાતી ટાઇપમાં છપાવવાની પૂજ્યશ્રીની ભાવના થવાથી તેઓશ્રીએ પૂ. શાસન પ્રભાવક શાસનકંટકોદ્ધારક આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. શ્રી ના વિદ્વાન શિષ્યરત્ન જ્યોતિર્વિદ પૂ.

પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. **શ્રીને** આ કાર્ય સોંપ્યુ અને તેઓશ્રીએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

'જ્ઞાતનંદન ગુણાવલી' નામના હિંદી પુસ્તકની પૂ. સા. શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યા પૂ. વિદુષી સા. શ્રી વિદ્યાશ્રીજી મ. એ તથા તેઓના શિષ્યાઓએ ગુજરાતી લીપીમાં પ્રેસ કોપી તૈયાર કરી આપી છે.

શ્રી ચતુર્વિધ સંઘને હંમેશને માટે ઉપયોગી એવું આ પુસ્તક રત્ન શ્રી મહાવીર પરમાત્માના ૧૦૧ સ્તવનો નો સંગ્રહ રૂપ શ્રી જ્ઞાતનંદન ગુણાવલીની દ્વિતીયાવૃત્તિરૂપે શ્રી જૈન આનંદ જ્ઞાન મંદિર દેવબાગ – જૈન ઉપાશ્રય જામનગર તરફથી નૂતન વર્ષે પ્રગટ થયેલ છે

તેમાંથી ૫૦૦ કોપીઓ આ ગ્રંથમાળાને જુદી કાઢવા માટે ઉદારતા બતાવનાર પૂ. મુનિરાજ શ્રી ગુણ-સાગરજી મ. શ્રીનો આભાર માનવામાં આવે છે.

તેમજ આ પુસ્તક રત્નના દરેક પ્રુફો બારીકાઈથી તપાસનાર પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. શ્રીનો તથા આ પુસ્તકની વ્યવસ્થિત સંકલના કરી આપનાર પૂ. મુનીન્દ્રસાગરજી મ. શ્રીનો આભાર માનવામાં આવે છે.

# શ્રી મહાવીર પ્રભુજીના ૧૦૧ સ્તવનોની
# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા


| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ગિરૂઆરે ગુણ તુમ તણા | ૧ |
| ૨ | આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે | ૨ |
| ૩ | સાહિબ ધ્યાયા મનમોહના | ૩ |
| ૪ | સિદ્ધારથનાં રે નંદન વિનવું | ૪ |
| ૫ | વીર જિણેસર પ્રણમું પાયા | ૫ |
| ૬ | વંદુ વીર જિનેશ્વર રાયા | ૬ |
| ૭ | વંદો વીર જિનેશ્વર રાયા | ૬ |
| ૮ | વીર જિણંદ જગત ઉપકારી | ૭ |
| ૯ | આજ મ્હારા પ્રભુજી સ્હામું જુઓને | ૮ |
| ૧૦ | વીરજી સુણો એક વિનતિ મોરી | ૯ |
| ૧૧ | માતા ત્રીશલાનંદ કુમાર | ૧૧ |
| ૧૨ | ના રે પ્રભુ નહિં માનું | ૧૨ |
| ૧૩ | રૂડીને રઢીયાળી રે | ૧૩ |
| ૧૪ | વંદો વીર જિનેસર રાયા | ૧૩ |
| ૧૫ | વીર કુંવરની વાતલડી કેને કરીએ | ૧૪ |
| ૧૬ | શાસન નાયક શિવસુખ દાયક | ૧૫ |
| ૧૭ | શ્રી મહાવીર મનોહરૂ | ૧૭ |
| ૧૮ | દુઃખ હરણી દીપાલિકારે લાલ | ૧૮ |
| ૧૯ | વીર મધુરી વાણી ભાખે | ૧૯ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૦ | માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે | ૨૦ |
| ૨૧ | મારે દિવાળી રે થઇ આજ | ૨૪ |
| ૨૨ | મેં તો નજીક રહસ્યાજી | ૨૪ |
| ૨૩ | સિદ્ધિ શિરોમણી સુરતિ સુંદર | ૨૫ |
| ૨૪ | વીરજીને ચરણે લાગું | ૨૬ |
| ૨૫ | ચરમ જિણેસર વિગત સ્વરૂપનું | ૨૭ |
| ૨૬ | દુર્લભ ભવ લહી દોહલો રે | ૨૯ |
| ૨૭ | વર્ધમાન જિનવરને ધ્યાને | ૩૦ |
| ૨૮ | દુઃખ ટળીયા મુખ દીઠે | ૩૧ |
| ૨૯ | પ્રભુ બળદેખી સુરરાજા | ૩૨ |
| ૩૦ | પ્રભુ ધરી પીઠ વૈતાલ બાલ | ૩૨ |
| ૩૧ | વીરજી ઉભો મદ મોડી | ૩૩ |
| ૩૨ | શાસન નાયક સુંદરૂ રે | ૩૪ |
| ૩૩ | સુણ સુગુણ સનેહી સાહિબા | ૩૬ |
| ૩૪ | ચરમ જિણંદ ચોવીશમો | ૩૭ |
| ૩૫ | ચરણ નમી જિનરાજના રે | ૩૮ |
| ૩૬ | નીરખી નીરખી સાહિબકી સુરત | ૩૮ |
| ૩૭ | શાસન નાયક સાહિબ સાચો | ૩૯ |
| ૩૮ | આણંદમય નિરૂપમ ચોવીશમો | ૪૧ |
| ૩૯ | ત્રિશલા નંદન ચંદન શીતલ | ૪૨ |
| ૪૦ | મુજરો લ્યોજી સિદ્ધારથ દારક | ૪૨ |
| ૪૧ | સુગુણ સસનેહા વીરજી | ૪૩ |
| ૪૨ | સફળ ફલ્યા સહિ માહરાજી | ૪૫ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ટ |
|---|---|---|
| ૪૩ | આજ મારે સુરતરૂ ફલિયો સાર | ૪૬ |
| ૪૪ | આજ સફલ દિન માહરો એ | ૪૭ |
| ૪૫ | આવ આવરે મારા મનડા માંહે | ૪૮ |
| ૪૬ | શાસન પતિને વંદના | ૪૮ |
| ૪૭ | શાસન નાયક સો અબ મેરી | ૪૯ |
| ૪૮ | વર્ધમાન પ્રભુ વંદીએ | ૫૦ |
| ૪૯ | વીર જિનેસર વંદીએ | ૫૧ |
| ૫૦ | સમવસરણ શ્રી વીર બિરાજે | ૫૨ |
| ૫૧ | જંબુદ્વીપે અવર વિદેહે | ૫૩ |
| ૫૨ | ક્રોડી ગમે ગુન્હા કર્યાજી | ૫૫ |
| ૫૩ | અરજ સુણી એક માહરી રે | ૫૫ |
| ૫૪ | વીર વડધીર મહાવીર મોટો પ્રભુ | ૫૮ |
| ૫૫ | વીર જિનેસર સુણ મુજ સ્વામી | ૫૯ |
| ૫૬ | સુણ સુગુણ સનેહિરે સાહિબા | ૬૦ |
| ૫૭ | સમરી સરસતી વરસતી | ૬૨ |
| ૫૮ | તો શું પ્રીત બંધાણી જગતગુરૂ | ૬૪ |
| ૫૯ | નંદન ત્રિશલા દેવીનો રે | ૬૫ |
| ૬૦ | જગપતિ તારક શ્રી જિનદેવ | ૬૭ |
| ૬૧ | પ્રભુજી વીર જિણંદને વંદીએ | ૬૭ |
| ૬૨ | સિધ્ધારથ રાજાને ઘેર પટરાણી | ૬૯ |
| ૬૩ | વધતી વેલી મહાવીરથી | ૭૦ |
| ૬૪ | વીર જિનેશ્વર સાહિબ મેરા | ૭૦ |
| ૬૫ | વીર હમણા આવે છે મારે મંદિરીએ | ૭૨ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ટ |
|---|---|---|
| ૬૬ | શ્રી જિનવર ચરણે નમીજી | ૭૩ |
| ૬૭ | જય જિનવર જગ હિતકારીરે | ૭૫ |
| ૬૮ | શ્રી વર્ધમાન જિન રાજિઆ રે | ૭૬ |
| ૬૯ | સમરીઅ સરસતી વરસતી | ૭૮ |
| ૭૦ | સરસતી સામિણી પાયે લાગી | ૮૧ |
| ૭૧ | હસ્તિપાલ રાજાની સભામાં રે | ૮૨ |
| ૭૨ | હે વીર વ્હેલા આવજો | ૮૪ |
| ૭૩ | દરિશણ આવ્યા રે હો | ૮૫ |
| ૭૪ | માતાજી તુમ ધન ધન રે | ૮૭ |
| ૭૫ | સકલ સુરાસુર સેવિત સાહેબ | ૮૯ |
| ૭૬ | વીરા વિના વીર કોની સાથે બોલશું | ૯૦ |
| ૭૭ | સરસ્વતી સ્વામિની વિનવું રે | ૯૧ |
| ૭૮ | વીર જિનેશ્વર પરમેશ્વર જયો | ૯૨ |
| ૭૯ | સરસતી માતા રે ! મતિ દીયો નિરમલી | ૯૩ |
| ૮૦ | મહાવીર સ્વામીના ૨૭ ભવનું સ્તવન | |
| | પહેલે ભવ એક ગામનો રે....ઢાળ ૧ | ૯૫ |
| ૮૧ | નયો વેશ રચે તેણી વેલા ઢાળ ૨ | ૯૭ |
| ૮૨ | પાંચમે ભવે કોલ્લાગ સન્નિવેશ ઢાળ ૩ | ૯૮ |
| ૮૩ | અઢારમે ભવે સાત સુપન ઢાળ ૪ | ૧૦૦ |
| ૮૪ | નયર માહણકુંડમાં વસે રે ઢાળ ૫ | ૧૦૧ |
| ૮૫ | શ્રી મહાવીર પંચકલ્યાણક સ્તવન | |
| | સાંભળજો સસનેહી સમણા ઢાળ ૧ | ૧૦૩ |

| ક્રમાંક | સ્તવન | પૃષ્ટ |
|---|---|---|
| ૮૬ | ભવ સત્તાવીશ સ્થૂળમાંહિ ઢાળ ૨ | ૧૦૫ |
| ૮૭ | કરી મહોત્સવ સિધ્ધારથ નૃપતિ ઢાળ ૩ | ૧૦૮ |
| | શ્રી મહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું દસ ઢાળીયુ | |
| ૮૮ | સરસ્વતી ભગવતી દીયો. ઢાળ ૧ | ૧૧૨ |
| ૮૯ | નયર ક્ષત્રિય કુંડ નરપતિ ઢાળ ૨ | ૧૧૪ |
| ૯૦ | ચળ્યું રે સિંહાસન ઈંદ્ર ઢાળ ૩ | ૧૧૬ |
| ૯૧ | પ્રભુ કલ્પતરૂસમ વાધે ઢાળ ૪ | ૧૧૭ |
| ૯૨ | યૌવન વય જબ આવિયા રે ઢાળ ૫ | ૧૧૮ |
| ૯૩ | પીતરીયો સુપાસ રે ઢાળ ૬ | ૧૧૯ |
| ૯૪ | આલે આલે ત્રિશલાનો કુંવર ઢાળ ૭ | ૧૨૦ |
| ૯૫ | જસ ઘરે હોય પ્રભુ પારણું ઢાળ ૮ | ૧૨૧ |
| ૯૬ | જુઓ જુઓ કર્મે શું કીધું રે ઢાળ ૯ | ૧૨૨ |
| ૯૭ | એમ કર્મ ખપાવી ઢાળ ૧૦ | ૧૨૩ |
| ૯૮ | વીર જિનેશ્વર સાહિબા | ૧૨૫ |
| ૯૯ | ત્રિશલા નંદન ચંદન શીત | ૧૨૫ |
| ૧૦૦ | અનિ હારે પુરણ મનોરથ | ૧૨૭ |
| ૧૦૧ | મહાવીરજી સિધ્ધિવર્યા | ૧૨૯ |
| | સાગર સમાધાનના પ્રશ્નોત્તરો ૧૩૦ થી | ૧૩૬ |

卐 ॐ નમો વીરાય 卐

આગમોદ્ધારક આચાર્ય પ્રવર શ્રી-આનંદસાગરસૂરીશ્વરેભ્યો નમઃ ।

# શ્રી જ્ઞાતનંદન ગુણાવલી

ગિરૂઆ રે ગુણ તુમતણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિરમળ થાયે કાયા રે....
ગિ૦ ૧

તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે....
ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ નવિ પેસે રે;
જે માલતી ફુલે મોહીયા, તે બાઉલ જઈ નવિ બેસે રે....
ગિ૦ ૩

ઈમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કિમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે....
ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જસ કહે માહરે, તું જીવજીવન આધારો રે....
ગિ૦ ૫

## ૨

આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે,
તું કૃપા કુંભ જો મુજ તુઠો;
કલ્પતરુ કામઘટ કામધેનુ મિલ્યા,
આંગણે અમીયરસ મેહ વૂઠો. આજ૦ ૧
વીર તું કુંડપુર નયર ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ ત્રિશલા તનુજો;
સિંહ લંછન કનક વર્ણ કર સપ્ત તનુ,
તુજ સમો જગતમાં કોન દુજો? આજ૦ ૨
સિંહ પરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયું બહોતેર વર્ષ પૂર્ણ પાળી;
પુરી અપાપાએ નિષ્પાપ શિવવહુ વર્યો,
તિહાં થકી પર્વ પ્રગટયું દીવાળી. આજ૦ ૩
સહસ તુજ ચૌદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીસ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી,
સકલ તુજ ભવિકની ભીતિ ભાંજે. આજ૦ ૪
તુજ વચન રાગ સુખ સાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વ વેલી;
આવીજો ભાવીઓ ધર્મ પથ હું હવે,
દીજીયે પરમપદ હોઇ વેલી. આજ૦ ૫

સિંહ નિશદિહ જો હૃદય ગિરિ મુજ રમે,
તું સુગુણલીહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના જુથથી,
મુજ નહીં કોઈ લવલેશ બીહો. આજ૦ ૬
ચરણ તુજ શરણ મેં ચરણ ગુણનિધિ ગ્રહ્યા,
ભવ તરણ કરણ દમ શર્મ દાખો;
હાથ જોડી કહે જસવિજય બુધ ઈસ્યું,
દેવ નિજ ભુવનમાં દાસ રાખો. આજ૦ ૭

---

## 3

સાહિબ ધ્યાયા મનમોહના, અતિ સોહના ભવિ મોહના,
સાહિબ૦ ટેક
આજ થે સફલ મેરે, માનું ચિંતામણી પાયા-સાહિબ.
ચોસઠ ઈન્દ્ર મિલિય પૂજ્યો, ઇન્દ્રાણી ગુણ ગાયા.
સાહિબ૦—૧.
જન્મ મહોત્સવ કરે દેવ; મેરૂશિખર લે આયા,
હરિકો મન સંદેહ જાણી; ચરણે મેરૂ ચલાયા.
સાહિબ૦—૨
અહિ વેતાલરૂપ દાખી, દેવે ન વીર ખોભાયા,
પ્રગટ ભયે પાય લાગી, વીર નાભિ બુલાયા સાહિબ.—૩
ઇન્દ્ર પૂછે વીર કહે, વ્યાકરણ નિપાયા,
મોહ થે નિશાલ ધરમેં, યુહીં વીર પ્રઢાયા સાહિબ.—૪

વરસી દાન દઈ ધીર, લેઇ વ્રત સુહાયા.
સાલ તલે ધ્યાન ધ્યાતે; ઘાતી ઘન ખપાયા. સાહિબ.–૫
લહી અનંતજ્ઞાન આપે, રૂપ ઝગમગાયા,
જસ કહે હમ સોઇ વીર, જ્યોતિસું જ્યોતિ મીલાયા સા૦–૬

---

૪

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ.
સિદ્ધા.–૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
દાન દિયંતા રે પ્રભુ કોસર કિસી, આપો પદવી રે આપ
સિદ્ધા.–૨

ચરણ અંગુઠે રે મેરૂ કંપાવીઓ, મોડયું સુરનું રે માન;
અષ્ટ કર્મના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન.
સિદ્ધા.–૩

શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીઓ, પ્રભુ તુમે ધન ધન.
સિદ્ધા.–૪

વાચક શેખર કીર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાયઃ
ધર્મતણા એ જિન ચોવીસમા વિનય વિજય ગુણ ગાય.
સિદ્ધા.–૫

---

## ૫

વીર જિણેસર પ્રણમું પાયા, ત્રિશલાદેવી માયા રે;
સિદ્ધારથ રાજા તસ તાયા, નંદિવર્ધન ભાયા રે. વીર.—૧
લઇ દીક્ષા પરિસહ બહુ આયા; શમદમ સમણ તે જાયા રે;
બાર વર્ષ પ્રભુ ભૂમિ ને ઠાયા, નિદ્રા અલ્પ કહાયા રે.
વીર૦—૨
ચંડ કૌશીક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે;
ત્રણ પ્રકારે વીર કહાયા, સુર નર જસ ગુણ ગાયા રે.
વીર૦—૩
જગત જીવ હિતકારી કાયા, હરિ લંછન જસ પાયા રે;
માન ન લોભી વલી અકષાયા, વિહાર કરે નિરમાયા રે.
વીર૦—૪
કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુકલ પ્રભુ ધ્યાયા રે;
સમોસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે.
વીર૦—૫
કનક કમલ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશન દાયા રે;
પાંત્રીસ ગુણ વાણી ઉચ્ચરાયા, ચોત્રીસ અતિશય પાયા રે.
વીર૦—૬
શૈલેશીમાં કર્મ જલાયા, જિત નિશાન બજાયા રે;
પંડિત ઉત્તમ વિજય પસાયા પદ્મવિજય ગુણ ગાયા રે.
વીર૦—૭

૬

વંદુ વીર જિનેશ્વર રાયા, વર્ધમાન સુખદાયાજી;
શાસનનાયક જેહ કહાયા, જગ જશવાદ સવાયાજી. વંદુ-૧
હરિ લંછન કંચનવન કાયા, સિદ્ધારથ નૃપ તાયાજી;
સિદ્ધારથ થયા કર્મ ખપાયા, ત્રિશલા રાણી માયાજી. વંદુ-૨
લઘુવયથી જેણે મેરૂ ચલાયા, વીર વેતાલ હરાયાજી;
દુર્ધર મોહજોહ જિતીને, જ્યોતિમેં જ્યોતિ મિલાયાજી.
વંદુ-૩
જસ શાસનથી ષટ્ દ્રવ્ય પાયા, સ્યાદવાદ સમજાયા જી;
અભિનવ નંદનવનની છાયા, દર્શન જ્ઞાન ઉપાયાજી. વંદુ-૪
જાસ વજીર છે ગૌતમરાયા, લબ્ધિ નિધાન મન ભાયાજી;
ન્યાયસાગર પ્રભુના ગુણ ગાયા, સુજશ સુબોધ સવાયાજી.
વંદુ-૫

---

૭

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિશાલા દેવી જાયા રે;
હરિ લંછન કંચનવન કાયા, અમરવધુ હુલરાયા રે વંદો-૧
બાલપણે સુરગિરિ ડોલાયા, અહિ વૈતાલ હરાયા રે;
ઇન્દ્ર કહેણ વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયા રે.
વંદો-૨
ત્રીશ વરસ ઘરબાર રહીયા, સંયમશું લય લાયા રે;
બાર વરસ તપ કર્મ ખપાયા, કેવલજ્ઞાન ઉપાયા રે. વંદો-૩

ખાયક રિદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે.
ચાર રુપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુરગુણ ગાયારે.વંદો-૪
તીન ભુવનમેં આણ મનાયા, દશ દોય છત્ર ધરાયા રે;
રુપ કનક મણિગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામધરાયારે વંદો-૫
રયણ સિંહાસણ બેઠણ ઠાયા, દુંદુભિ નાદ બજાયા રે;
દાનવ માનવ વાસ વસાયા, ભકતે શિષ નમાયા રે. વંદો-૬
પ્રભુ ગુણગણ ગંગાજલ નાહ્યા, પાવન તેહુની કાયા રે;
પંડિત ક્ષમા વિજય સુપસાયા, સેવક જિન સુખદાયા રે.
વંદો-૭

---

૮

વીર જિણંદ જગત ઉપકારી, મિથ્યાધામ નિવારીજી;
દેશના અમૃતધારા વરસી, પર પરિણતિ સવિવારિજી. વીર-૧
પંચમ આરે જેહનું શાસન, દોય હજારને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહેશે, સુવિહિત મુનિ આધારજી વીર-૨
ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાંહિમીઠું જલ, પીવે શ્રૃંગી મચ્છજી. વીર-૩
દશ અચ્છેરે દુષિત ભરતે, બહુ મતભેદ કરાલજી;
જિન કેવલી પૂર્વધર વિરહે, ફણીસમ પંચમ કાલજી વીર-૪
તેહનું ઝેર નિવારણ મણીસમ, તુજ આગમ તુજ બિંબજી;
નિશિ દીપક પ્રવહણ જિમ દરિયે, મરૂમાં સુરતરૂ લુબજી વીર-૫

જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્દવાદ શુચિ બોધજી;
કલિકાલે પણ પ્રભુ તુજ શાસન, વરતે છે અવિરોધજી વીર-૬
મારે તો સુષમાંથી દુષમા, અવસર પુણ્ય નિધાનજી;
ક્ષમાવિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી.
વીર—૭

---

૯

આજ મ્હારા પ્રભુજી સ્હામું જુઓને, સેવક કહિને બોલાવો.
—ટેક૦

આજ મ્હારા પ્રભુજી મહિર કરીને, સેવક સ્હામું નીહાલો;
કરૂણાસાગર મહિર કરીને, અતિશય સુખ ભૂપાલો.
આજ૦ ૧

ભક્ત વચ્છલ શરણાગત પંજર, ત્રિભુવનનાથ દયાલો:
મૈત્રીભાવ અનંત વહે અહર્નિશ, જીવ સયલ પ્રતિપાલો.
આજ૦ ૨

ત્રિભુવનદીપક જીપક અરિગણ, અવિઘટ જ્યોતિ પ્રકાશી;
મહાગોપ નિર્યામક કહીએ, અનુભવ રસ સુવિલાસી;
આજ૦ ૩

મહા માહણ મહાસારથી અવિતથ, અપના બિરૂદ સંભાલો:
બાહ્ય અભ્યંતર અરિગણ જોરો. વ્યસન વિરોધ ભય ટાલો.
આજ૦ ૪

વાદી તમહર તરણી સરિખા, અનેક બિરૂદના ધારી:
જીત્યા પ્રતિવાદી નિજમતથી,સકલજ્ઞાયક યશકારી. આજ ૫

યજ્ઞકારક ચઉ વેદના ધારક, જીવાદિ સત્તા ન ધારે.
તે તુજ મુખ દિનકર નિરખણથી, મિથ્યાતિમિર પરજાલે;
આજ૦ ૬

ઈલિકા ભમરી ન્યાયે જિનેસર, આપ સમાન તે કીધાઃ
ઈમ અનેક યશ ત્રિશલા નંદન, ત્રિભુવનમાંહે પ્રસિદ્ધા.
આજ૦ ૭

મુજ મન ગિરિ કંદરમાં વસીયો, વીર ચરમ જિન સિંહઃ
હવે કુમત માતંગના ગણથી, ત્રિવિધ યોગે મીટી બીહ.
આજ૦ ૮

અતિમન રંગે શુભ ઉપયોગે, ગાતા જિન જગદીશઃ
સૌભાગ્યસૂરિશિષ્ય લક્ષ્મીસૂરિ લહે, પ્રતિદિન સયલ જગીસ.
આજ૦ ૯

---

૧૦

વીરજી સુણો એક વિનતિ મોરી, વાત વિચારો તુમે ધણીરેઃ
વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારોને
(ટેક૦)

પરિભ્રમણ મેં અનંતારે કીધા, હજુએ ન આવ્યો છેડલોરે,
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ
ભમ્યા રે—વીર. ૧

તમે અમે વાર અનંતી વેલા, રમીયા સંસારી પણે રે:
તેહ પ્રીત જો પૂરણ પાલો, તો અમને તુમ સમ કરો રે.
વીર૦ ૨

તુમ સમ અમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે:
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીજીએ રે.
વીર૦ ૩

ઈન્દ્રજાલીયો કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીયો રે:
અર્જુનમાલી જે ઘોર પાપી, તેહને જિન તમે ઉદ્ધર્યો રે.
વીર૦ ૪

ચંદનબાલાએ અડદના બાકુળા, પડીલાભ્યા તુમને પ્રભુ રે:
તેહને સાહુણી સાચી રે કીધી, શિવવહુ સાથે ભેળવી રે:
વીર૦ ૫

ચરણે ચંડકોશિયો ડસીઓ, કલ્પ આઠમે તે ગયો રે:
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ
રહ્યો રે.–વીર૦ ૬

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરિખા ગણો રે;
ભેદભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેકશું રે.
વીર૦ ૭

મોડા વહેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાનતણા ભવનાં પાપ મીટાવો, વારી જાઉ વીર તોરા
વારણે રે–વીર૦ ૮

## ૧૧

માતા ત્રિશલાનંદકુમાર, જગતનો દીવો રે;
મારા પ્રાણ તણો આધાર, વીર ઘણું જીવો રે. (ટેક૦)
આમલકી ક્રીડાએ રમતા, હાર્યો સુર પ્રભુ પામી રે;
સુણજો સ્વામી આતમરામી, વાત કહું શીરનામી રે-જગ. ૧
સૌધર્મા સુરલોકે રહેતા, અમો મિથ્યાત્વે ભરાણા રેઃ
નાગદેવની પૂજા કરતા, શિર ન ધરી પ્રભુ આણા રે.
જગ-૨
એક દિન ઇન્દ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રેઃ
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે.
જગ-૩
સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માની રે,
ફણીધર ને લઘુબાલક રૂપે, રમત રમીયો છાનીરે. જગ-૪
વર્ધમાન તુજ ધૈર્યજ મોટું, બલમાં પણ નહી કાચું રે
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે.
જગ-૫
એકજ મુષ્ટિપ્રહારે મારૂં, મિથ્યાત્વ ભાગ્યું જાય રે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહી થાય રે.-જગ. ૬
આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તારો રેઃ
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણ થકી તું પ્યારો રે.
જગ-૭

મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે.
મહાવીર પ્રભુ નામ ધરાવે, ઈન્દ્રસભા ગુણ ગાવે રે.જગ-૮
પ્રભુ મલપતાં નિજઘર આવે, સરખા મિત્ર સોહાવે રે:
શ્રી શુભવીરનું મુખડું નીરખી, માતાજી સુખ પાવેરે. જગ-૯

---

૧૨

ના રે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ; ના૦
માહરે તાહરૂં વચન પ્રમાણ, અવરને નહિ માનું–ટેક૦
હરિહરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે;
ભામિની ભ્રમર ભ્રૂકુટિએ ભૂલ્યા, તે મુજને ન સુહાયરે; ના૦૧
કેઇક રાગીને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવ રે;
કેઇક મદમાયાના ભરીયા, કેમ કરીએ તસ સેવ રે? ના૦૨
મુદ્રા પણ તેહમાં નહિ દિસે પ્રભુ, તુજ માહેલી તિલમાત્ર રે;
જે દેખી દિલડું નવિ રીઝે, શી કરવી તસ વાત. ના૦૩
તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, તું જીવજીવન આધાર રે;
રાતદિવસ સુપનાંતરમાંહિ, તું હિ મારે નિરધાર. ના૦૪
અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલ રે;
જગબંધવ એ વિનતિ માહરી, મારા ભવોભવના દુઃખ ટાલ. ના૦૫
ચોવીસમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે;
ત્રિશલાજીના નાનડીયાપ્રભુ, તુમ દીઠે અતિહિ આનંદ. ના૦૬

સુમતિવિજય કવિરાયનો રે, રામ કહે કરજોડ રે;
ઉપકારી અરિહંતજી મારા, ભવોભવના બંધ છોડ. ના-૭

---

## ૧૩

રૂડી ને રઢીયાલી રે, વીર તારી દેશના રે;
એતો ભલી યોજનમાં સંભળાય, સમકિત બીજ આરોપણ
થાય. રૂડી ને૦૧
ષટ્ મહિનાનીરે ભુખ તરશ શમેરે, સાકર દ્રાક્ષને હારી જાયઃ
કુમતિ જનના મદ મોડાય. રૂડી ને૦૨
ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહિભલી સપ્તભંગી વિખ્યાત
નિજનિજ ભાષાએ સહુ સમજાત. રૂડી ને૦૩
પ્રભુજીને ધ્યાતા રે શિવપદવી લહે રે, આતમ ઋદ્ધિનો-
ભોક્તા થાય; જ્ઞાનમાં લોકાલોક સમાય. રૂડી ને૦૪
પ્રભુજી સરિખા હો દેશક કો નહિ રે, એમ સહુ જિન ઉત્તમ
ગુણ ગાય; પ્રભુપદ પદ્મને નિત્ય ધ્યાય. રૂડી ને૦૫

---

## ૧૪

વંદો વીર જિનેસર રાયા, ત્રિશલા માતા જાયાજી;
હરિ લંછન કંચન વર્ણ કાયા, મુજ મનમંદિર આયાજી
વંદો૦-૧

કુષમ સમયે શાસન જેહનું, શીતલ ચંદન છાયાજી;
જે સેવંતા ભવિજન મધુકર, દિન દિન હોત સવાયાજી.
વંદો.—૨

તે ધન્ય પ્રાણી સદ્દગતિ ખાણી, જસ મનમાં જિન આયાજી:
વંદન પૂજન સેવન કીધી, તે કાં જનની જાયાજી. વં.—૩
કર્મ કટક ભેદન બલવત્તર, વીર બિરૂદ જેણે પાયાજી;
એકલ મલ્લ અતુલીબલ અરિહા, દુશ્મન દૂરે ગમાયાજી.
વંદો.—૪

વંછિત પૂરણ સંકટ ચૂરણ, તું માતપિતા સુહાયાજી;
સિંહ પરે ચારિત્ર આરાધી, સુજશ નિશાન બજાયાજી.
વંદો.—૫

ગુણ અનંત ભગવંત વિરાજે, વર્ધમાન જિનરાયાજી;
ધીરવિમલ કવિ સેવક નય કહે, શુદ્ધ સમકિત ગુણ દાયાજી.
વંદો.—૬

---

## ૧૫

વીર કુંવરની વાતડી કેને કહીએ, હાંરે કેને કહિએ રે
કેને કહિએ રે;
નવિ મંદિર બેસી રહિએ, હાંરે સુકુમાર શરીર. વીર—૧
બાલપણાથી લાડકો નૃપ ભાવ્યો, મલી ચોસઠ ઈન્દ્રે મલાવ્યો;
ઇન્દ્રાણી મલી હુલરાવ્યો, ગયો રમવા કાજ. વીર—૨

છોરૂ ઉછાંછળાં લોકના કેમ રહિએ, એની માવડીને શું કહીએ;
કહીએ તો અદેખા થઈએ, નાશી આવ્યા બાલ. વીર–૩
આમલકી ક્રીડા વૃક્ષે વીંટાણો, મોટો ભોરિંગ રોષે ભરાણો;
વીરે હાથે ઝાલીને તાણ્યો, કાઢી નાખ્યો દૂર. વીર–૪
રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઇ ઉછલીયો;
વીર મુષ્ટિપ્રહારે વલીયો, સાંભળીએ એમ. વીર–૫
ત્રિશલામાતા મોજમાં એમ કહેતી, સખીઓનો એલંભા દેતી;
ક્ષણ ક્ષણ પ્રભુ નામજ લેતી, તેડાવે બાલ. વીર–૬
વાટ જોવંતા વીરજી ઘરે આવ્યા, માતા ત્રિશલાએ નવરાવ્યા,
ખોલે બેસાડી હુલરાવ્યા, આલિંગન દેત. વીર–૭
યૌવનવયપ્રભુ પામતા પરણાવે, પછી સંજમશું દિલ લાવે;
ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવલજ્ઞાન. વીર–૮
કર્મસૂદનતપ ભાખિયુ જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઇ છાજે.
ફલપૂજા કરી શિવકાજે, ભવિને ઉપગાર. વીર–૯
શાતાઅશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષયપદ લીધું:
શુભવીરનું કારજ સિધ્યુ, ભાગે સાદિ અનંત. વીર–૧૦

૧૬

શાસન નાયક શિવસુખદાયક, જિનપતિ મારા લાલ
પાયક જાસ સુરાસુર ચરણે, નરપતિ મારા લાલ

સાયક કંદર્પ કેરા જેણે નવિ, ચિત્ત ધર્યા મારા લાલ,
ઢાયક પાતક વૃંદ ચરણ, અંગીકર્યા મારા લાલ. ૧

ખાયક ભાવે કેવલજ્ઞાન દર્શન ધરે મારા લાલ,
જ્ઞાયક લોકાલોકનાં ભાવશું વિસ્તરે મારા લાલ:
ધાયક ઘાતીકર્મ મર્મની આપદા મારા લાલ,
લાયક અતિશય પ્રાતિહાર્યની સંપદા મારા લાલ. ૨

કારક ષટ્ક થયા તુજ આતમ તત્વમાં મારા લાલ,
ધારક ગુણસમુદાય સયલ એકત્વમાં મારા લાલ;
તારક નર તિરિદેવ ભમણથી હું થયો મારા લાલ,
કારક જેહ વિભાવ તેણે વિપરીત ભયો મારા લાલ. ૩

તારક તું ભવિજીવને સમરથ મેં લહ્યો મારા લાલ,
ઠારક કરૂણા રસથી ક્રોધાનલ દહ્યો મારા લાલ;
વારક જેહ ઉપાધિ અનાદિની સહચરી મારા લાલ,
કારક નિજગુણ ઋદ્ધિ સેવકને બરાબરી મારા લાલ. ૪

વાણી એહવી સાંભલી જિન આગમતણી મારા લાલ,
જાણી ઉત્તમ આશા ધરી મનમાં ઘણી મારા લાલ;
ખાણી ગુણની તુજ પદ પદ્મની ચાકરી મારા લાલ,
આણી હૈયડે હેજ, કરૂં નિજપદ કરી મારા લાલ. ૫

૧૭

શ્રી મહાવીર મનોહરુ, પ્રણમુ શિર નામી;
કંત જશોદા નારીનો, જિન શિવગતિ ગામી—૧
ભગીની જામ સુદંસણા, નંદિવર્ધન ભાઈ;
હરિલંછન હેઆલુઓ, સહુ કોને સુખદાઇ.—૨
સિદ્ધાર્થ ભુપતિ તણો, સુત સુંદર સોહે;
નંદન ત્રિશલા દેવીનો, ત્રિભૂવન મન મોહે.—૩
એક શત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે;
પુણ્ય પાપ ફલ કેરડા, સુણે ભવિક ઉલ્લાસે—૪
ઉતરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર;
સોલ પહોર દીયે દેશના, કરે ભવિ ઉપગાર—૫
સર્વાર્થ સિદ્ધ મુહુર્તમાં, પાછલી જે રયણી;
યોગ નિરોધ કરે તિહા, શિવની નિસરણી.—૬
ચોસઠ સુરવર આવીઆ, જિન અંગ પખાલી;
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દીવાલી.—૭
સ્વાતિ નક્ષત્ર ચંદ્રમા, જોગે શુભ આવે;
અજરામર પદ પામીઆ, જય જય રવ થાએ—૭
લાખકોડી ફલ પામીએ, જિન ધ્યાને રહીએ;
ધીર વિમલ કવિરાજનો, જ્ઞાન વિમલ કહીએ—૯

૧૮

દુઃખ હરણી દીપાલિકારે લોલ, પર્વ થયું જગમાંહી ભવિ
પ્રાણી રે;
વીર નિર્વાણથી થાપનારે લાલ, આજ લગે ઉચ્છાહિ ભવિ.
સમકિત દ્રષ્ટિ સાંભળો રે લોલ–૧

સ્યાદવાદ ઘર ધોલીએ રે લાલ, દર્શનની કરી શુદ્ધિ ભવિ;
ચારિત્ર ચંદ્રોદય બાંધીયે રે લાલ, ટાલો રજ દુઃકર્મ બુદ્ધિ.
ભવિ–સમ૦ ૨

સેવા કરો જિનરાયની રે લાલ, દિલ દીઠાં મિઠાશ ભવિ;
વિવિધ પદારથ ભાવના રે લાલ, તે પકવાનની રાશિ
ભવિ.–સમ૦ ૩

ગુણીજન પદની નામના રે લાલ, તેહિ જ જુહાર ભટ્ટાર ભવિ;
વિવેક રતન મેરાઈયા રે લાલ, ઉચિત તે દીપ સંભાર
ભવિ–સમ૦ ૪

સુમતિ સુવનિતા હેજ શું રે લાલ, મન ઘરમાં કરો વાસ ભવિ;
વિરતિ સાહેલી સાથ શું રે લાલ, અવિરતિ અલચ્છી નિકાશ
ભવિ–સમ૦ ૫

મૈત્રાદિકની ચિંતના રે લાલ, તેહ ભલા શણગાર ભવિ;
દર્શન ગુણ વાઘા બન્યા રે લાલ, પરિમલ પર ઉપગાર
ભવિ–સમ૦ ૬

પૂર્વ સિદ્ધિ કન્યા પખે રે લાલ, જાનઈયા અણગાર ભવિ;
સિદ્ધશિલા વર વેદિકા રે લાલ, કન્યા નિવૃત્તિ સાર.
ભવિ–સમ૦ ૭

અનંત ચતુષ્ટય દાયજો રે લાલ, શુક્લ યોગ નિરોધ ભવિ;
પાણિગ્રહણ પ્રભુજી કરે રે લાલ, સહુને હરખ વિબોધ
ભવિ–સમ૦ ૮

ઇણીપરે પર્વ દીપાલિકા રે લાલ, કરતા કોડિ કલ્યાણ ભવિ;
જ્ઞાનવિમલ પ્રભુભકિતશું રે લાલ, પ્રગટે સકલ ગુણખાણ
ભવિ–સમ૦ ૯

---

## ૧૯

વીર મધુરી વાણી ભાખે, જલધિ જલ ગંભીર રે;
ઇન્દ્રભુતિ ચિત્ત ભ્રાંતિ રજકણ, હરણ પ્રવર સમીર રે. વી-૧
પંચભૂત થકી જે પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાએ, તે નરભવ સંજ્ઞાન રે. વી-૨
વેદપદનો અર્થ એહવો; કરે મિથ્યા રૂપ રે;
વિજ્ઞાન ધન પદ વેદ કેરા, તેહનું એહ સ્વરૂપ રે. વી-૩
ચેતના વિજ્ઞાન ધન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;
પંચ ભૌતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે; વી-૪

જિહ્વા જેહવી વસ્તુ દેખીએ, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવ જ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તર જ્ઞાન રે. વી-૫
એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે
ઈણિ પરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે. વી-૬
દીપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમ સ્વામ રેઃ
અનુક્રમે શિવસુખ લહ્યા, તેહને નય કરે પ્રણામ રે. વી-૭

---

૨૦

માતા ત્રિશલાવે ઝુલા પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાના ગીત;
સોના રૂપાને વલી રત્ને જડિયું પારણું રે,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમછુમ રીત
હાલો હાલો હાલો હાલો મારા નંદને રે ૧
જિનજી પાસ પ્રભુજી વરસ અઢીસે અંતરે,
હોશે ચોવીસમાં તિર્થંકર જિન પરિમાણ;
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભલી;
સાચી સાચી હુઇ તે મારે અમૃતવાણ હા૦ ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વિત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશીગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીસમા જિનરાજઃ

મારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ
હું તો પુન્ય પનોતી ઇન્દ્રાણી થઇ આજ હાલો ૩

મુજને દોહલો ઉપન્યો બેસુ ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસુ ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજના,
તે દિન સંભારૂને આનંદ અંગ ન માય.
હાલો હાલો હાલો હાલો ૪

કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ વિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વીસવાવીસ હાલો ૫

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઇઓનાં દેવર છો સુકુમાલ;
હસશે ભોજાઇઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશેને વલી ચુંટી ખણશે ગાલ
હસશે રમશે ને વલી ઠુંસા દેશે ગાલ હાલો ૬

નંદન નવલા ચેડા રાણાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજ સુકુમાલ,

હસશે હાથે ઉચ્છાલી કહિને નાહના ભાણેજા
આંખો આજીને વલી ટપકુ કરશે ગાલ હા૦ ૭
નંદન મામા મામી લાવશે ટોપી આંગલા,
રત્ને જડીયા ઝાલર મોતિ કસબી કોરઃ
નીલા પીલાને વલી રાતા સર્વે જાતિના
પહેરાવશે મામી મહારા નંદ કિશોર હા૦ ૮
નંદન મામા મામી સુખડલી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતી ચુરઃ
નંદન મુખડા જોઈને લેશે મામી ભામણા,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર હા૦ ૯
નંદન નવલી ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજીને બેન તમારી નંદઃ
તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે,
તુમને જોઇ જોઈ હોંશે અધિકો પરમાનંદ હા૦ ૧૦
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વલી સુડા મેના પોપટને ગજરાજ;
સારસ હંસ કોયલ તીતરને વલી મોરજી
મામી લાવશે રમવા નંદ તમારે કાજ હા૦ ૧૧
છપન્ન કુમરી અમરી જલકળશે નવરાવીયા,
નંદન તમને અમને કેલીઘરની માંહી,

ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહી હાં૦ ૧૨
તમને મેરૂ ગિરિપર સુરપતિએ નવરાવીયા,
નીરખી નીરખી હરખી સુકૃત લાભ કમાય:
મુખડા ઉપર વારૂ કોટિ કોટિ ચંદ્રમા,
વલી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય હાં૦ ૧૩
નંદન નવલા ભણવા નિશાલે મૂકશું,
ગજવર અંબાડી બેસાડી મોહરે સાજ:
પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગરવેલશું,
સુખડલી લેશુ નિશાલીયાને કાજ હાં૦ ૧૪
નંદન નવલા મહોટાં થાશોને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા વેવાઇ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર—હાં૦ ૧૫
પીયર સાસરા માહરા બેહું પક્ષ નંદન ઉજલા,
મારી કુખે આવ્યા તાત પનોતા નંદ;
મારે આંગણે વૂઠા અમૃત દુધે મેહુલા,
માહરે આંગણે ફલિયા સુરતરુ સુખના કંદ—હાં૦ ૧૬
ઇણિપરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણુ,
જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ;
બીલીમોરા નગરે વર્ણવ્યુ વીરનું હાલરૂ,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ—હાં૦ ૧૭

## ૨૧

મારે દિવાળી રે થઈ આજ, પ્રભુ મુખ જોવાને,
સર્યા સર્યા રે સેવકના કાજ, ભવદુઃખ ખોવાને,
મહાવીર સ્વામી મુગતે પહોત્યા, ગૌતમ કેવળજ્ઞાન રે;
ધન્ય અમાવાસ્યા, ધન્ય દિવાળી મારે,
વીરપ્રભુ નિર્વાણ–જિન મુખ. ૧
ચારિત્ર પાળ્યા નિર્મળાને, ટાળ્યા તે વિષય કષાય રે;
એવા મુનિને વાંદિયે તો, ઉતારે ભવપાર–જિન મુખ૦ ૨
બાકુલા વહોર્યા વીર જિને, તારી ચંદનબાળા રે,
કેવળ લઇ મુગતેપહોતા, પામ્યા ભવનો પાર રેજિન.મુખ૦ ૩
એવા મુનિને વાંદીયે જે, પંચજ્ઞાનને ધરતા રે:
સમવસરણ દઇ દેશના રે, પ્રભુ તાર્યા નરને નાર જિનમુખ૦ ૪
ચોવીસમા જિનેસરુને, મુક્તિતણા દાતાર રે,
કરજોડી કવિયણ ઇમ ભણે રે, પ્રભુ ભવનો ફેરો ટાળ.
જિન મુખ૦ ૫

---

## ૨૨

મેં તો નજીક રહસ્યાંજી, મોરારે સાહેબની મેં તો સેવા
કરસ્યાંજી.
સાહેબની સેવામાં રહીશું, કરશું સુખદુઃખ વાત;
આણ વહીને શિવસુખ લેશું, લેશું ભવનો પાર મેં તો૦ ૧

સિદ્ધારથ રાજાનો નંદન, ત્રિશલાદેવી માય;
ચોવીશમા જિનના ગુણ ગાશું, નિર્મળ કરશું ગાત્ર..મેં તો. ૨
ચાર પાંચ સાત આઠ હણીને, નવશું ધરશું નેહ;
દશ પોતાના દોસ્ત કરીને, એકને શું છેહ....મેં તો૦ ૩
છને છંડી બેને મંડી, બોલાવીશું બાર;
પંદર જનની પાસ ન પડશું, તેરને દેશું માર...મેં તો૦ ૪
સત્તર પાળી અઢાર અજુવાળી, જીતીશું બાવીશ;
ત્રેવીશ જણને દૂર કરીને, ચિત્ત ધરશું ચોવીશ....મેં તો૦ ૫
ત્રણ પાંચ સત્તાવીશ ધરશું, બેતાલીશે શુદ્ધ;
તેત્રીશ ચોરાશી ટાળી, આતમ કરશું શુદ્ધ....મેં તો૦ ૬
ચારમાને શે પરિહરશું, બેનો આદર કરશું;
એમ જીનની આણ વહીને, ભવસાગરથી તરશું..મેં તો૦ ૭
અંગ વિનાનો સંગ ન કરીએ, ઉતરીએ ભવજલ તીર;
ઉદયરત્ન કહે ત્રિશલાનંદન, જય જય શ્રી મહાવીર...મેં તો. ૮

૨૩

સિદ્ધિ શિરોમણિ સુરતિ સુંદર, સેવઇ સુર સુરરાય;
ગુણ સમુદ્ર મહિમા અતિ મોટો, જયવંતો જયવંતો જગદીશ.
વસંત વધાવો વીરજી હો. ૧
સમકિત તેલ ફુલેલ સરસ અતિ, ભાવ ગુલાલ અબીર
ગૈરણ રૂપે વિસ્તર્યો હો, ઉપશમ ઉપશમ રસ તે નીર.
વસંત વધાવો વીરજી હો. ૨

મન પિચકારી ક્રિયા કુમકુમા, સુરતિ અખંડિત ધાર;
ગ્યાન પોટલી ગાયનો હો, કીજે અશુભ કરમ વેભાર.
વસંત વધાવો વીરજી હો. ૩

અષ્ટપ્રકારી પૂજા રચાવો, આણી આણંદ પૂર;
સંસાર તણા સંતાપ મીટાવો, દેખિકે દેખિકે પ્રભુ મુખ નૂર;
વસંત વધાવો વીરજી હો. ૪

ડફ ઝાંઝ પખવાવજ આવજ, વાવજ તાલ કંસાલ;
નૃત્ય કરી જે નવ નવા હો, તતથૈ તતથૈ તાન રસાલ;
વસંત વધાવો વીરજી હો. ૫

ત્રિશલાનંદન ત્રિહું જગવંદન, આનંદકારી એન;
સાચો સિદ્ધારથ સેવજ્યો હો; નિરખિત નિર્મળ નૈન;
વસંત વધાવો વીરજી હો. ૬

સકલ સામગ્રી લેઈ ઇણ પરિ, મિલજ્યો સાચૌ ભાવ;
ઋદ્ધિસાગર શીષ્ય ઋષભ કહે, જો હુવૈ જો હુવૈ અવિચલ
પદનો ચાવ, વસંત વધાવો વીરજી હો. ૭

---

## ૨૪

વીરજીને ચરણુ લાગું, વીરપણું તે માંગુ રે,
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જિત નગારૂં વાગ્યું રે,
વીરજીને ચરણે લાગું, ૧

છદ્મસ્થ વીરય લેશ્યા સંગે, અભિસંધિ જ મતિ અંગે રે,
સૂક્ષ્મ થુલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે;
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે. ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે,
પુદ્ગલ ગણ તેણે તે સુવિશેષે, યથાશકિત મતિ લેખે રે,
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે. ૩

ઉત્કૃષ્ટે વીરયને વેષે, યોગક્રિયા નવિ પેસે રે,
યોગતણી ધ્રુવતાને લેસે, આતમ શકિત ન ખેસે રે,
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે. ૪

કામ વીર્યવશે જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે,
સુરપણે આતમ ઉપયોગી, થાય તેહને અયોગી રે.
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે. ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિનાણે શકિત પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે,
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે. ૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાંગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે. આનંદઘન પ્રભુ જાગે રે,
વીરજીને ચરણે લાગું. વીરપણું તે માંગુ રે. ૭

૨૫

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે, ભાવું કેમ સરૂપઃ
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ.
ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે—૧
આપ સરુપે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;
અસંખ ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ.
ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે—૨
સુખમ નામ કરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત,
નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત.
ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે—૩
રૂપ નહી કંઇયે બંધન ઘટયું રે, બંધન મોક્ષ ન હોયઃ
બંધ મોક્ષ વિણ સાદિ અનંતનું રે, ભંગસંગ કિમ હોય.
ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે—૪
દ્રવ્ય વિના તિમ સત્તા નવિ લહે રે, સત્તા વિણ શ્યો રૂપઃ
રૂપ વિના કિમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ અરુપ.
ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે—૫
આતમતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુજ ભેદા ભેદ;
તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધ પ્રતિષેધ. ચરમ-૬
અંતિમ ભવ ગહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપઃ
તઇયે આનંદઘન પદ પામશું રે, આતમ રૂપ અરૂપ. ચરમ-૭

૨૬

દુર્લભ ભવ લહી દોહલોરે, કહો તરીયે કેણ ઉપાય રેઃ
પ્રભુજીને વિનવું રે !
સમકિત સાચો સાચવું રે, તે કરણી કિમ થાય રે. પ્રભુ-૧
અશુભ મોહ જે ભેટીયે રે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્રભુ.
નિરાગે પ્રભુને ધ્યાઈયે રે, કાંઈ તો વિણરાગે કહેવાય રે.
પ્રભુજીને વિનવું રે. ૨
નામ ધ્યાતા જો ધ્યાઇયે રે, કાંઇ પ્રેમ વિના નવિ તાન રેઃ પ્રભુ.
મોહવિકાર જિહા તિહા રે, કાંઇ કિમ તરીયે ગુણધામ રે.
પ્રભુજીને વિનવું રે. ૩
મોહ બંધજ બાંધીયો રે, કાંઇ બંધ જિહા નહિ સોય રેઃ પ્રભુ.
કર્મબંધ ન કીજીયે રે, કર્મ બંધન ગયે જોય રે. પ્રભુ-૪
તેમાં શો પાડ ચઢાવીયે રે, કાંઇ તુમે શ્રી મહારાજ રેઃ પ્રભુ.
વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા જિનરાજ રે.
પ્રભુજીને વિનવું રે. ૫
પ્રેમ મગનની ભાવના રે, કાંઇ ભાવ તિહાં ભવનાશ રેઃ પ્રભુ.
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઇ ઉદ્દેશ્યે આતમસાર રે.
પ્રભુજીને વિનવું રે. ૬
પૂરણઘટાભ્યંતર ભર્યો રે, કાંઇ અનુભાવ અનુહાર રે પ્રભુ.
આતમધ્યાને ઓળખી રે, કંઈ તરશ્યું ભવનો પાર રે.
પ્રભુજીને વિનવું રે. ૭

વર્ધમાન મુજ વિનતિ રે, કાંઈ માનજો નિશદિશ રેઃ પ્રભુ
મોહન કહે મનમંદિરે રે, કાંઇ તુ વસીયો વિસવાવીશ રે.
પ્રભુજીને વિનવું રે. ૮

## ૨૭

વર્દ્ધમાન જિનવરને ધ્યાને, વર્દ્ધમાન સમ થાવેજી;
વર્દ્ધમાન વિદ્યા સુપસાયે, વર્દ્ધમાન સુખ પાવેજી. વ૦ ૧

તું ગતિ મતિ થિતિ છે માહરો, જીવન પ્રાણ આધારજી;
જયવંતુ જગમાં જસ શાસન, કરતું બહુ ઉપગારજી
વર્દ્ધમાન૦ ૨

જે અજ્ઞાની તુમ મત સરિખો, પરમતને કરી જાણેજીઃ
કહો કુણ અમૃતને વિષ સરિખું, મંદમતિ વિણ જાણેજી.
વર્દ્ધમાન૦ ૩

જે તુમ આગમરસ સુધારસે, સીંચ્યો શીતલ થાયજી;
તાસ જન્મ સુકૃતારથ જાણો, સુરનર તસ ગુણ ગાયજી.
વર્દ્ધમાન૦ ૪

સાહિબ તુમ પદપંકજ સેવા, નિતુ નિતુ એહિ યાચુંજીઃ
શ્રી જ્ઞાનવિમલ સૂરિવર ભાખે, પ્રભુને ધ્યાને માચુંજી
વર્દ્ધમાન૦ ૫

૨૮

દુઃખ ટળીયા મુખ દીઠે મુજ સુખ ઉપન્યા રે,
ભેટયા ભેટયા વીર જિણંદ રેઃ
હવે મુજ મનમંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાણંદ રે ! દુઃખ-૧
પીઠબંધ ઈહા કીધો સમક્તિ વજ્રનો રે,
કાઢયો કાઢયો કચરો તે ભ્રાંતિ રેઃ
ઇહા અતિ ઉંચા સોહે ચારિત્ર ચંદુઆ રે,
રૂડી રૂડી સંવર ભિત્તી રે ! દુઃખ-૨
કર્મવિવર ગોખે ઈહા મોતી ઝુમણા રે,
ઝુલઇ ઝુલઈ ધીગુણ આઠ રેઃ
બાર ભાવના પંચાલી અચરજ કરે રે,
કોરી કોરી કોરણી કાઠ રે. ! દુઃખ-૩
ઈહા આવી સમતા રાણીશ્યું પ્રભુ રમો રે,
સારી સારી થિરતા સેજ રે;
કિમ જઇ શકશો રે એકવાર જો આવશો રે,
રંજયા રંજયા હિયડાની હેજ રે ! દુઃખ-૪
વયણ અરજ સુણો પ્રભુ મનમંદિર આવી ત્યારે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવન ભાણ રે;
શ્રી નયવિજય વિબુધ પયસેવક ઈમ ભણે રે,
તેણિ પામ્યા કોડી કલ્યાણ રે ! દુઃખ-૫

૨૯

પ્રભુ બળદેખી સુરરાજા, લાજતો ઈમ બોલે:
દેખો બળ ભાંગ્યો ભ્રમ મેરો, કો નહિ જગ તુમ તોલે.
પ્રભુ બળ દેખી૦ ૧
ચરણ અંગુઠે કંપિત સુરગિરિ, માનુ નાચત ડોલે:
ઇન મિસિ પ્રભુ મોહિ ઉપર તૂઠે, હરખ દિયાકો ખોલે.
પ્રભુ બળ દેખી૦ ૨
ડરત શેષધર હરત મહોદધિ, ભય ભુંગર ભૂગોલે:
દિશિકુંજર દિગ્મૂઢ ભએ તબ, સબહી મિલત એક ટોલે
પ્રભુ બળ દેખી૦ ૩
લીલા બાલ અબાલ પરાક્રમ, તિન ભુવન ધંધોલે:
જસ પ્રભુવીર મહેર અબ કીજે, બહુરી પરિ હુન હું ભોલે.
પ્રભુ બળ દેખી૦ ૪

---

૩૦

પ્રભુ ધરી પીઠ વૈતાલ બાલ, સાત તાલલોં વાધે,
કાલરૂપ વિકરાળ ભયંકર, લાગત અંબર આધે.
પ્રભુ ધરી પીઠ૦ ૧
બાલ કહે 'કો વીર લે ગયો, પરિજન દેવ આરાધે:
તિલ વિભાગ ચિત્ત વીર ન ખોભ્યો, બળ અનંત કણ બાધે.
પ્રભુ ધરી પીઠ૦ ૨

અટત રહે નહી સુર ભીષણ, જાનું મોહિ વિરાધે;
કુલિશ કઠિન દ્રઢ મુષ્ટિ માર્યો, સંકુચિત તનુ મન દાધે
પ્રભુ૦ ૩
સુર કહે પરખત મોહિ ભયો હે, પાણી રસ વિણ ખાધે;
જસ કહે ઇન્દ્ર પ્રશંસ્યો તૈસો, તુંહિ વીર શિવ સાધે. ૪

---

## ૩૧

વીરજી ઉભો મદ મોડી, બે કર જોડી અરજ કરુ રે લો ;
મ્હારા વીર પ્યારા રે લો, વીરજી રાજેસર રાણા !
આણા તાહરી શીર ધરું રે લો! મારા. ૧
વીરજી મીઠલડે વયણે નયણે, ઇણ રાચી રહું રે લો. મારા.
વીરજી વાતો મનરુષની સુખની, તુજ આગે કહું રે લો.
મારા. ૨
વીરજીપિત્ર પરલોકે ગયા, તિણ શોકે દીહા ગમું રે લો! મા.
વીરજી ચિંતાતુર નિજ મો ચિત્તમાં,જિમ શૂનો ભમું રે લો!
મારા. ૩
વીરજી તુજ વિરહે મોટિકાં, વળી છેહ દેહી રે લો; મા.
વીરજી સંયમ જો લેશ્યો દેશ્યો, ગુંબડ ખાર તેઈ રે લો !
મારા. ૪
વીરજી ભોજન નવિ ભાવે થાવે, અતિ આસાંગલો રે લો. મા.
વીરજી નિંદરડી નાવે ધ્યાવે, મન ઉધાંધલો રે લો.

મારા. ૫

વીરજી છાતીમાં ઘાતી કાતી, જેણે સારની રે લો; મા.
વીરજી પીડા વિણ વાગે લાગે, મોટી મારની રે લો

મારા. ૬

વીરજી વેદન નવિ જાણે ટાણે, આણે કઠિન હિયોરે લો. મા.
વીરજી થાઓ કરુણાલા વાલ્હા, વ્રતાના મુંકી દિયો રે લો

મારા. ૭

વીરજી વિનવ્યા ઈમ આઈ ભાઈ, ભાઈ નાંદિવર્ધને રે લો ! મા.
વીરજી ભીના નહિ મનશું ધનશું, પોષે જગતને રે લો

મારા. ૮

વીરજી ચારિત્ર લેશ્યું મેં પામી, અવસર આપણો રે લો. મા.
વીરજી કેવલ લહી સીધો લીધો, શાશ્વત સુખ ઘણો રે લો.

મારા. ૯

પ્રેમ જે ધ્યાવે ગાવે; જિનગુણ આદરી રે લો; મા.
કાંતિવિજય જય બાબા, માલાને વરી રે લો.
માહરા વીર પ્યારે રે લો.

---

## ૩૨

### (જાત્રા નવ્વાણું કરિયે સલુણા)

શાસન નાયક સુંદરુ રે
વર્ધમાન જિનરાય, સકલ સુખ સાયરું.

જસ નામે નિત્ય નવ નવા રે,
મંદિર મંગલ થાય! સકલ. ૧
રંગ મજીઠના સારીખો રે, જેહશું ધર્મ સનેહ; સકલ.
અહર્નિશ દિલમાંહી વસે રે,
જિમ મોરા મન મેહ! સકલ. ૨
રાતી પ્રભુગુણ રાગશું રે,
માહરી સાતે ધાત; સકલ.
વિધ વિધ ભાતે વખાણીએ રે,
જેહનો જસ અવદાત સકલ. ૩
તે જિનવર ચોવીસમોરે,
ગુણ ગણ રયણ નિધાન; સકલ.
મુજ ભવ ભાવઠ ભંજીયે રે,
ભગત વત્સલ ભગવાન; સકલ. ૪
સાહિબ ગુણ રંગે કરી રે,
જે રાતા નિશદિશ; સકલ.
તસ ઘર રંગ વધામણા રે,
દિન દિન અધિક જગીશ; સકલ. ૫
શ્રી તપગચ્છ શિરોમણિરે,
શ્રી વિજય રાજ સૂરીંદ; સકલ. ૬
તાસ શિષ્યે એમ વિનવ્યારે,

ચોવીશમાં જીનચંદ સકલ. ૬
વર્તમાન શાસન ધણી એ,
સુખ સંપત્તિ દાતાર; સકલ.
સકલ મનોરથ પૂરવો રે;
દાન વિજય જયકાર ! સકલ. ૭

---

## ૩૩

## ( પ્રભુ તુજ શાસન અતિ ભલું )

સુણ સુગુણ સનેહી સાહિબા ! ત્રિશલાનંદન મહાવીર રે;
શાસન નાયક ! જગધણી ! શિવદાયક ! ગુણગંભીર રે !
સુણ. ૧
તુજ સરીખા મુજ શિર છતે, હવે મોહતણું નહિ જોર રે;
રવિઉદયે કહો કિમ રહે, અંધકાર અતિ ઘનઘોર રે સુણ. ૨
વેષ રચી બહુ નવનવા, હું નાચ્યો વિષમ સંસાર રે;
હવે ચરણ શરણ તુજ આવીયો; મુજ ભવની ભાવઠ વાર રે
સુણ. ૩
હું નિગુણો તો પણ તાહરો, સેવક છું કરુણા નિધાન રે;
મુજ મનમંદિર આવી વસો, જેમ નાસે કર્મ નિદાન રે
સુણ. ૪
મનમાં વિમાસો છો કિશ્યું, મુજ મહેર કરો જિનરાજ રે;
સેવકના કષ્ટ નવિ ટળે, એ સાહિબને શિર લાજ રે

સુણ. ૫

તું અક્ષય સુખ અનુભવે, તસ અંશ દીજે મુજ એક રે;
તો ભાંજે ભૂખ ભવોભવ તણી, વળી પામું પરમ વિવેકરે
સુણ ૬

શી કહું મુજ મન વાતડી, તુમે સર્વ વિધારના જાણ રે;
વાચક જસ એમ વિનવે, પ્રભુ દેજો ક્રોડ કલ્યાણ રે સુણ. ૭

---

## ૩૪

ચરમ જીણંદ ચોવીશમો, શાસન નાયક સ્વામી ! સનેહી;
વરસ અઢીસે આંતરો, પ્રણમો નિજહિત કામી ! સનેહી
ચરમ. ૧

અષાઢ સુદિ છઠ ચવ્યા, પ્રાણત સ્વર્ગથી ગેહ ! સનેહીઃ
જનમ્યા ચૈતર સુદિ તેરસે, સાત હાથ પ્રભુ દેહ ! સનેહી
ચરમ. ૨

સોવન વરણ સોહામણો, બોતેર વરસનું આય સનેહી
માગશર વદિ દશમી દિને, સંયમશું ચિત્ત લાય સનેહી
ચરમ. ૩

વૈશાખ શુદિ દશમી પ્રભું, પામ્યા કેવલજ્ઞાન સનેહી;
કાર્તિ અમાવાસને દહાડલે, લહિઆ પ્રભુ નિર્વાણ ચરમ. ૪
દિવાળી એ જિન થકી, ઉત્તમ દિવસ કહાય; સનેહી
પદ્મવિજય કહે પ્રણમતાં, ભવભવનાં દુઃખ જાય સનેહી. ૫

## ૩૫

ચરણ નમી જિનરાજનારે, માગું એક પસાય;
મારા લ્હાખેણા સ્વામીરે, તુંને વિનવું રે
મહેરકરે મહારા નાથજીરે, દાસ ધરિ દિલમાંહે ! મારા. ૧
પતિત ઘણાં તે ઉદ્ધર્યા રે, બિરુદ ગરીબ નિવાજ; મા.
એક મુજને વિસારતાં રે; શ્યેં ન આવે પ્રભુ લાજ ! મા. ૨
ઉત્તમ જન ધન સારિખોરે, નવિ જોવે ઠામ કુઠામ; મા.
પ્રભુ સુનજર કરુણા થકીરે, લહિએ અવિચલ ધામ ! મા. ૩
સુત સિદ્ધારથ રાયનો રે, ત્રિશલાનંદન વીર ! મા.
વરસ બહોંતેર આઉખું રે, કંચનવાન શરીર મા. ૪
મુખ દેખી પ્રભુ તાહરૂં રે, પામ્યો પરમાનંદ મા.
હૃદયકમલનો હંસલો રે, મુનિજન કૈરવ ચંદ મા. ૫
તું સમરથ શિર નાહલોરે, તો વાધે જસ પૂર મા.
જિત નિશાનના નાદથી રે, નાઠા દુશ્મન દૂર મા. ૬
શ્રી સુમતિ સુગુરુપદ સેવનારે, કલ્પતરુની છાંહ; મા.
રામ પ્રભુ જીવન વિરજી રે, છે અવલંબન બાંહ મા. ૭

---

## ૩૬

નીરખી નિરખી સાહિબકી સૂરત, લોચનકેરે લટકે હો રાજા !
પ્યારા લાગે. !
માને બાબાજીરી આણ પ્યા. માને દાદાજીરી આણ !
પ્યારી. ૧

તુમ બાનીમાંયે અમીય સમાની, મન મોહયું મુખ મટકે
હો રાજ....પ્યારા. ૨
મુજમન ભમરી પરિમલ સમરી, ચરણકમલ જઈ અટકે
હો રાજ....પ્યારા ૩
સુરતી દીઠી મુજ મન મીઠી, પરસુર કિમ નવિ ખટકે
હો રાજ....પ્યારા. ૪
જિન ઉવેખી ગુણીના દ્વેષી, ત્યાંથી મુજ મન છટકે
હો રાજ....પ્યારા. ૫
ત્રિશલાનંદન તુમ પય ચંદન, શીતલતા હુઈ ઘટકે
હો રાજ....પ્યારા. ૬
ઉત્તમશીશે ન્યાય જગીશે, ગુણ ગાયા રંગ રટકે હો રાજ
પ્યારા લાગે. ૭

---

૩૭

શાસન નાયક સાહિબ સાચો, અતુલી બલ અરિહંત ।
કરમ અરિબળ સબળ નિવારી, મારિય મોહ મહંત;
મહાવીર જગમાં જીત્યોજી, જીત્યો જીત્યો આપ સહાય,
હાંજી જીત્યો જીત્યો ગ્યાન પસાય, હાંજી જીત્યો જીત્યો
ધ્યાન દશાય.
હાંજી જીત્યો જીત્યો જગ સુખદાય....મહાવીર ૧

અનંતાનુબંધી ભડ યોધા, હણિયા પહિલી ચોટ ।
મંત્રિ મિથ્યાત પછે તિગ રૂપી, તબ કરી આગળ દોટ ।
મહાવીર-૨

ભાંજી હેડ આયુષે તિગકેરી, ઈગ વિગલેંદ્રિય જાતિ ।
એહ મેવાસ ભાંજયો ચિરકાળે, નરક યુગલ સંઘાતિ ।
મહાવીર-૩

થાવરી તિરિદુગ જાંસી કટાવી, સાહારણ હણી ધાડી ।
થીણદ્ધી તિગ મદિરા વયરી, આતપ ઉદ્યોગ ઉખાડી ।
મહાવીર-૪

અપચ્ચક્ખાણા અને પચક્ખાણા, હણીયા યોદ્ધા આઠા ।
વેદ નપુંસક સ્ત્રી સેનાની, પ્રતિબિંબિત ગયા નાઠ ।
મહાવીર-૫

હાસ્ય રતિ અરતિ શોક દુગંછા, ભય એ મોહ ખવાસ ।
હણીયા પુરુષવેદ ફોજદારા, પછે સંજલના નાશ ।
મહાવીર-૬

નિંદ્રા દોય મોહ પટરાણી, ઘરમાંહિથી સંહારી ।
અંતરાય દરશનને જ્ઞાનાવરણીય લડતા મારી ।
માહાવીર-૭

જય જય હુઓ મોહ જ મુઓ, હુઓ તુજ જગનાથ ।
લોકાલોક પ્રકાશ થયો તબ, મોક્ષ ચલાવે સાથ ।
મહાવીર-૮

જિત્યો તિમ ભગતને જીતાવે, મુકાયો મુકાવે, ।
તરણ તારણ સમરથ છે તુંહી, માનવિજય નિતુ ધ્યાવે ।
મહાવીર–૯

---

૩૮

આણંદમય નિરુપમ ચોવીસમો, પરમેશ્વરપદ નિરખ્યો રે ।
પરમેશ્વરપદ જેહને છાજે, અંતર ચિત્તથી મેં પરખ્યો રે ।।
આણંદમય ૧

ધારક છે દેવ શબ્દ ઘણેરા, પણ દેવતત્વ ન ધરે રે ।
જેમ કનક કહિયે ધંતુરને, હેમની ગત તે ન સરે રે ।।
આણંદમય ૨

જે નર તુમ ગુણ ગણથી લીના, તે કિમ અવરને સેવે રે ।
માલતી કુસુમે લીના જે મધુકર, અવર સુરભીન લેવે રે ।
આણંદમય ૩ ।

ચિત્ત પ્રસન્ને રે જીનજીની ભજના, સજ્જન કહો કિમ ચૂકે રે।
ઘર આંગણ ગંગા પામીને, કુણ ઉવેખી ને મુકે રે । આ.૪

ધ્યેય સ્વરૂપે ધ્યાયે તમને જે, મન વચ કાય આરાધે રે ।
પ્રેમવિબુધ ભાણ પભણે તે નર, વર્ધમાન સુખ સાધે રે ।
આણંદમય ૫

---

૩૯

ત્રિશલાનંદન ચંદન શીતલ, સરિસ સોહે શરીર;
ગુણ મણી સાગર નાગર ગાવે, રાગ ધન્યા શ્રી ગંભીર રે ।
પ્રભુ વીરજીનેશ્વર પામ્યો ૧
શાસન વાસિત બોધે ભવિકને, તારે સયલ સંસાર;
પાવન ભાવના ભાવતી કીજે, અમો પણ આતમ સાર રે;
પ્રભુ. ૨
નાયક લાયક તુમ વિણ બીજો, નવિ મળીયો આ કાલ;
તારક વારક ભવભય કેરો, તું જગ દીનદયાળ રે....પ્રભુ ૩
અકલ અમાય અમલ પ્રભુ તાહરો, રૂપાતીત વિલાસ;
ધ્યાવત લાવત અનુભવ મંદિર, યોગીસર શુભ ભાસ રે.
પ્રભુ. ૪
વીર ધીર શાસનપતિ સાધો, ગાતા કોડી કલ્યાણ ।
કીર્તિ વિમળ પ્રભુ પરમ સોભાગી, લક્ષ્મીવાણી પ્રમાણ રે;
પ્રભુ ૫

---

૪૦

મુજરો લ્યોજી સિદ્ધારથ દારક મુજરો લ્યોજી,
સેવક સુખકાર મુજ.
ત્રિભુવન જન તારક મુજ. જિનશાસન ધારક ॥ મુજ.
વંદો ભવિકા વીર જીનેસર, ચોવીશમો જિનત્રાતા;

કેસરીલંછન કેસરી સરીખો, ત્રિશલારાણી માતા....મુજ. ૧
જીવિત વરસ બહોતેર અનુપમ, સોવનકાંતિ ઉદાર;
ક્ષત્રિયકુંડ નગર અતિસોહે, એકાદશ ગણધાર....મુજ. ૨
માતંગસુર સિદ્ધાઈ દેવી, પૂજે જિનવર પાયા;
સાત હાથ તુજ દેહ પ્રમાણજ, ચઉદ સહસ મુનિરાયા....
મુજરો. ૩
સાધ્વી સહસ છત્રીશ વિરાજે, ચરમજિનેસર દેવા;
તેર પદે મેં જિનવર ગાયા, સુરપતિ કરતા સેવા....મુજ. ૪
ભણશે ગણશે જે જન સુણશે, તસ ઘર રિદ્ધિ વિશાલા;
પ્રમોદસાગર જંપે પ્રભુજીને, હોજો મંગલ માલા....મુજ.
મુજરો લ્યોજી સિદ્ધારથ દારક૦ ૫

---

## ૪૧

સુગુણ સસનેહા વીરજી વીરજી વીનતી રે.
અવધારી શ્રી જિનરાય રે;
દરિશણ દીઠે પ્રભુજી તુમ તણે રે,
અમ્હ મન હરખ ઘણેરો થાય રે....સુગુણ૦ ૧
નિર્મલ તુજ ગુણ ગંગાજલે રે,
ઝીલે અહનિશી મુજ મન હંસ રે;
નિર્મલ હોયે કલિમલ નાશથી રે,
પીલે કરમ મરમ ભર અંશ રે

સુગુણ. ॥૨॥

કેવલ કમળાકંત મનોહરૂં રે,
ભેટી ભાવે તું ભગવંત રે;
માનું માનવ ભવ સફલો સહી રે,
પામ્યો વંછીત સુખ અનંત રે.
સુગુણ. ॥૩॥

દેવ દયાકર ઠાકુર જો મીલ્યો રે;
તો ફળ્યો સફલ મનોરથ આજ રે;
સેવક સેવા આણી ચિત્તમાં રે,
પૂરો મુજ મન વંછીત કાજ રે.
સુગુણ. ॥૪॥

પ્રભુ તુજ મનમા સેવા થકી રે, હું વસું એ તો મોટી વાત રે;
પણ હું યાચુ મુજ ચિત્તમાં રે, જિનજી વસજો દિન ને રાતરે.
સુગુણ. ॥૫॥

પ્રભુજી તુજ ચરણાંબુજ સેવનારે, સફલી ફલજો ભવભવ દેવરે;
હોજો મુજ તુજ શાસન વાસન રે, વળી તુજ ચરણ
કમળની સેવ રે. સુગુણ ॥૬॥

ચરમ જિનેસર ભુવન દિનેસરૂ રે, પૂરજો સેવક વંછીત આશ રે;
જ્ઞાનવિજય બુધશિષ્ય ઈમ વિનવે રે, નય વિજય
આણી મન ઉલ્લાસ રે. સુગુણ. ॥૭॥

૪૨

સફલ ફલ્યા સહિ માહરાજી, મનના મનોરથ આજ....ટેક.
વીર જિનેસર તું મલ્યો જી,
હવે સીધાં હો હવે સીધા વંછીત કાજ;
પ્રભુજી અરજ સુણીજે માહરી અરજ સુણીજે,
માહરો મુજરો લ્યો મહારાજ....પ્રભુ૦ ૧
દિન એતા ભૂલ્યો ભમ્યો જી, તુજ દરિશણ વિણ દેવ;
હવે મન મંડી ટકશું જી, તુમ સેવા કરૂં નિત મેવ.
પ્રભુ૦ ૨
તુમ દીઠે આવે નહી જી, દેવ અવર કોઇ દાય:
સુરતરૂ શાખા છાંડીને જી,
કુણ બેસે હો કુણ બેસે બાઉલ છાંહ....પ્રભુ૦ ૩
ગુણઅવગુણ જાણ્યા પખે જી, મન ન રહે એક તાર;
પ્રગટ પટંતર દેખીને જી, કુણ સેવે હો કુણ સેવે વસ્તુ અસાર
પ્રભુ૦ ૪
તું ગતિ તું મતિ સાહિબોજી, તું મુજ જીવન પ્રાણ,
નિરવહીયે શિર ઉપરે જી, ભવોભવ હો ભવોભવ તુમચી
આણ....પ્રભુ૦ ૫
જીતું તુમ સેવા બળે જી, કુમતિ કદાગ્રહ ફોજ;
નિતનિત નવલી તાહરી જી, મન ઇચ્છીત હો મન ઇચ્છીત
મોજ....પ્રભુ૦ ૬

નાથ વસો મુજ ચિત્તમાં જી, આજ અધિક સુખ પૂર;
હંસ રતન કહે માહરો જી, હવે પ્રગટયો હો હવે પ્રગટયો
પુન્ય પંડુર....પ્રભુ૦ ૭

---

૪૩

આજ મારે સુરતરૂ ફલિયો સાર, ઘર આંગણે શોભા
કરૂં જી રે જી;
આજ મે ત્રિશલાનંદન દેવ, દીઠા દેવ દયાકરૂં જી રે જી.
આજ મારે૦ ૧

જિનજી તારહે ગુણ અવદાત, ગંગ તરંગ પરે નિરમલા
જી રે જી;
જિનજી સંભારૂ દિનરાત, મુકી મનના આમલા જીરે જી.
આજ મારે૦ ૨

જિનજી ઉત્તમ જન શું રંગ, ચોલ મજીઠ કે તણી પરે
જી રે જી;
જિનજી તુમ શું અવિહડ નેહ, નિવહજો રૂડી પરે જીરે જી
આજ મારે૦ ૩

જિનજી તાહરી ગુણ મણિમાળ, કંઠે જે ભવિ ધારશે
જીરે જી;
જિનજી ધનધન તસ અવતાર, જે તાહરૂં નામ સંભારશે
જીરે જી. આજ મારે૦ ૪

જિનજી મેરૂ વિજયજી શિષ્ય, વિનીત વિજયના વયણડાં
જી રે જી;
જિનજી જે ચિત્ત ધરશે નિત્ય, તસ ઘર રંગ વધામણાં
જી રે જી આજ મારે૦ ૫

---

૪૪

આજ સફલ દિન માહરો એ, ભેટયો વિર જિણંદ કે,
ત્રિભુવનનો ધણી એ........ટેક૦
ત્રિશલારાનોણી નંદ કે, જગચિંતામણી એ;
દુઃખ દોહુગ દુરે ટળ્યાં એ, પેખી પ્રભુ મુખ ચંદ કે. ત્રિ૦.૧
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા એ, ઉલટ અંગે ન માય કે;
આવી મુજ ઘર આંગણે એ, સુરગવિ હેજ સવાય કે.
ત્રિ૦....૨
ચિંતામણી મુજ કર ચઢયું એ પાયો ત્રિભુવન રાજ કે;
મુહ માગ્યા પાસા ઢલ્યા એ, સિધ્યાં વંછીત કાજ કે.
ત્રિ૦....૩
ચિત્ત ચાહ્યા સાજન મિલ્યા એ, દુર્જન ઉડયા વાય કે;
સૌમ્ય નજર પ્રભુની લહી એ, જેહવી સુરતરૂ છાંય કે
ત્રિ૦....૪

તેજ ઝલાહલ દીપતો એ, ઉગ્યો સમકિત સૂર કે;
વિમલ વિજય ઉવજઝાયનો એ, રામ લહે સુખ પૂર કે.
ત્રિ૦....૫

---

૪૫

આવ આવ રે મહારા મનડા માહેં, તું છે પ્યારો રે;
હરિહરાદિક દેવ હુંતિ, તું છે ન્યારો રે....આવ૦ ૧
અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે;
હું નમું તુંને ગમે મુને, સાથ તાહરો રે....આવ૦ ૨
ગ્રહી સાહી રે મીઠડા હાથ માહરા, વૈરી વારો રે;
ઘો ઘો દેવ મુને, ઘે ને લારી રે....આવ૦ ૩
તું વિના ત્રિલોકમેં કેહનો, નથી ચારો રે;
સંસાર પારાવારનો સ્વામી, આપને આરો રે....આવ૦ ૪
ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં, તું છે તારો રે;
તાર તાર રે મુને, તું સંસાર અસારો રે....આવ૦ ૫

---

૪૬

શાસનપતિને વંદના, હોજો વાર હજાર હો સાહિબ;
ગંગાજલમાં જે રમ્યા, તે કિમ છિલર છાર હો સાહેબ.
શા૦....૧

જાઈ જુઇ સેવતાં, માલતી મોગર માલ હો સાહેબ;
ચંપક ગુલાબની વાસના, તે આઉલે કિમ હો સાહેબ
....શા૦ ૨

સતીય અવર ઈચ્છે નહીં, નર ભોગી ભરતાર હો સાહેબ;
અવ કદાગ્રહી આતમા, તાર તાર મુજ તાર હો સાહેબ.
....શા૦ ૩

મૃગમદ ઘન જિમ વાસના, વાસિત બોધ અગાધહો સાહેબ;
મૃગપતિ જે જસ સેવના, દૂર ગયા દુઃખ દાહ હો સાહેબ.
....શા૦ ૪

નિર્યામક સથ સાહેબા, આલંબન તુજ લીધ હો સાહેબ:
ભવિજન મન જિન તું વસ્યો, ત્રિશલાનંદન રિદ્ધ હો સાહેબ
....શા૦ ૫

એ રિધ એ સિધ તાહરી, પામી પરમાનંદ હો સાહેબ;
અજ્ઞાન તિમિરતા ભયહરૂં, પ્રગટથી જ્ઞાન દિણંદ હો સાહેબ.
....શા૦ ૬

સૂરિ પ્રતાપે રાજ્યમાં, ગુણીયલ જિન ગુણ ગાય હો સાહેબ;
ચતુર વિજય જિન નામથી, દિન દિન દોલત થાય હો
સાહેબ....શા૦ ૭

---

૪૭

શાસન નાયક સો અબ મેરી, અરજ કરનકું આયો;
હોજી સાહિબા, અબ મુજ વાલાયો........શા૦ ૧

કાલ અનંતે પુદ્ગલય, આવર્તનસો વહાયો....શા૦ ૨
ભમત ભમત સરિતોપલ ન્યાયે, તુમ શાસન હું પાયો. ૩
અબ સેવકકું વંછીત દીજે, લીજે જસ હું સવાયો..શા. ૪
જો તુમ તારે સોઈ હું જાનું, તિને કહા દીનો બતાયો.શા.
યોં કરને સામિકો ન રહે, તારક બિરૂદ ધરાયો....શા૦ ૬
આગે પીછે કશું ન વિચારો, પારસ અયસ જો મિલાયો
....શા૦ ૭

તુમ પદ સેવા અમૃત કિયા સોં, દીજે હું નવનિધિ
પાયો....શા૦ ૮

---

## ૪૮

વર્ધમાન પ્રભુ વંદીયે, ચોવીશમો જિનરાજ; ભવિજન
ક્ષત્રિય કુંડે અવતર્યા, આપે ત્રિભુવન રાજ. ભવિજન
વ. .... ૧

વંશ ઇક્ખાગુ સરોવર, જે પ્રભુ હંસ સમાન; ભવિજન
કનક કમલને જીપતો, જેહ તણો તનુ વાન. ભવિજન
વ. .... ૨

સુત સિદ્ધારથ રાયનો, ત્રિશલા જાત પ્રધાન; ભવિજન
વરશ બહોંતેર આઉખું, સાત હાથ તનુ માન. ભવિજન
વ. .... ૩

વર્તમાન શાસન તણો, નાયક અકલ અમીહ; ભવિજન
લંછન મિસિ સેવે સદા, જસ સચ્ચે જીત્યો સીંહ. ભવિજન
વ. .... ૪

માતંગ યક્ષ સિદ્ધાયિકા, નિતુ સેવે જસ પાય; ભવિજન
મહાવીર જિનરાયના, ભાવ વિજય ગુણ ગાય. ભવિજન
વ. .... ૫

---

૪૯

વીર જિનેસર વંદીએ, જેણે કીધો તપ ઉદારો રે;
એક છ માસી પૂરો કર્યો, બીજો પાંચે દાડે ઉણો કર્યો
રે. વીર૦ .... ૧

નવ ચોમાસી આદરી, વળી ત્રણ માસી બે વારો રે;
બે માસી તપ છ કર્યા, અઢી માસી બે તસ સારો રે.
વીર૦ .... ૨

બાર બે માસખમણ કર્યા, વળી દોઢ માસી બે વારો રે;
બહોંતેર પાસખમણ કર્યા, અઠમ બાર વિચારો રે
વીર૦ .... ૩

બસેં નેવું ગુણ છત્રીસ, છઠ કર્યા ઘણું સારો રે;
ભદ્ર ને મહાભદ્રાદિક, પ્રતિમા ત્રણ પ્રધાનો રે
વીર૦ .... ૪

બાર વરસ છદ્મસ્થપણે, ઉપરે સાડા છ માસો રે;
ત્રણસેને ઓગણ પચાસ પારણાં, બાકી ઉપવાસો રે.
વીર૦ .... ૫

વૈશાખ શુદિ દશમી દિને, પામ્યા કેવલજ્ઞાનો રે;
ભવિક જીવ પ્રતિબુઝંવ્યા, જેણે લીધા મુક્તિના રાજો
રે. વીર૦ .... ૬

વીર તણાં ગુણ ગાવતાં, ઘરે હુઈ મંગલમાલો રે;
રૂદ્ધિ કીર્ત્તિ તે નિત લહે, જસ નામ જપ્યાં જે સારો
રે. વીર૦ .... ૭

---

૫૦

સમવસરણ શ્રી વીર બિરાજે, સરસ મધુર ધ્વનિ ગાજે રે;
પૂરી પર્ષદ બાર મનોહર, છત્ર ત્રય શિર છાજે રે.
સમ૦ .... ૧

અષ્ટ મહાપ્રાતિહારજ સુંદર, દીઠે દારિદ્ર ભાંજે રે;
લુણ ઉતારતી ભમરીય ફરતી, ઇન્દ્રાણી નાટક છાજે રે;
સમ૦ .... ૨

જયકારી દુઃખ પાર ઉતારણ, માલિમ ધર્મ જહાજે રે;
મુકિત તણું બંદર આપવા, સેવક ગરીબ નિવાજે રે
સમ૦ .... ૩

ઇંદ્ર છડી લઈ દરબારે, ઉભા સેવા કાજે રે;
પ્રભુ મુખ પંકજ નિરખી નિરખી, હરખીત હોવે બાજે
રે. સમ૦ .... ૪

વિમલ સ્વરૂપી વિલસતી જેની, કીર્ત્તિ મીઠી આજે રે;
દાન દીયો અક્ષય સુખ સવલાં, દિન દિન અધિક દિવાજે
રે. સમ .... ૫

---

૫૧

જંબૂદ્વીપે અવર વિદેહે, ગ્રામાધિપ નયસાર;
શ્રાવક ધર્મ આરાધી સોહમે, એક પલ્ય સુર સાર રે
હમચડી .... ૧

નામ મરિચિ ભરત તણો સુત, મુનિ થયો ત્રિદંડી;
લખ ચોરાશી પૂર્વ આયુષો, બંભ લોકે સુર માંડી રે.
હમચડી .... ૨

એંશી લાખ પૂર્વનું જીવિત, કૌશિક દ્વિજ સુત થયો દેવી;
સૌધર્મે સુર પુષ્પમિત્ર દ્વિજ, બહોંતેર પૂર્વ લખ જીવી
રે. હમચડી .... ૩

સૌધર્મે સુર અગ્નિજદ્યોત દ્વિજ, ચોસઠ લખ પૂર્વ આય;
ઈશાને અગ્નિભૂત દ્વિજ લિંગી, છપ્પન પૂર્વ લખ
આય રે .... હમચડી ૪

સનત્કુમારે ભારદ્વાજે, ચુંમાલીશ લખ પૂર્વ આય;
માહેન્દ્ર સુર તિહાંથી બહુ ભવ, અંતે ત્રિદંડી થાય રે;
હમચડી .... ૫

રાજગૃહે વિશ્વભૂતિ નૃપતિ થયા, વર્ષ કોટીનું આય;
વર્ષ સહસ્ર ચારિત્ર નિયાણું, કરી મહાશુક્રે જાય રે.
હમચડી – ૬

ત્રિપૃષ્ટ નામ હરિ પોતનપુરીમાં, ચુંમાલીશ વર્ષ લખ આય;
સાતમી નરકે સિંહ ચતુ નરકે, ભવ ભ્રમણ બહુ થાય
રે. હમચડી – ૭

મહાવિદેહે પ્રિયમિત્ર ચક્રી, કોટી વર્ષ તપ કરતો;
શુક્રે સુરવર તિહાંથી ભરતે, છત્રાપુરી અવતરતો રે.
હમચડી .... ૮

નંદન નામે લાખ વરસને, પાલી સંયમ ભાર;
લાખ અગ્યાર એંસી સહસને, છ સય પણયાલ સંસાર
રે. હમચડી .... ૯

માસખમણથી સ્થાનક સાધે, બાંધી જિનપદ કર્મ;
પ્રાણતસુર તિહાંથી કુંડપૂર, ગર્ભે બહુ સંક્રમે રે.
હમચડી .... ૧૦

ક્ષત્રિયકુંડ પુરી સિધ્ધારથ, નૃપ ત્રિશલા રે માય;
હરિ લંછન કંચન વર્ણી કાય, ઇમ સગવીશ ભવ
થાય રે. .... હમચડી ૧૧

વર્ધમાન મહાવીર શ્રમણ એ, નામ ત્રણ સુખદાયી;
જ્ઞાન–વિમલથી જસ શાસન મહિમા, અવિચલ ઉદય
સવાઇ રે. હમચડી .... ૧૨

---

## ૫૨

કોડી ગમે ગુન્હા કર્યા જી, વિષય થયો લયલીન,
તે બગશીશ હવે કરો જી, અરિહંત વીર અમીન
જિનેસર; શાસનનો શણગાર – ૧
ઓલગીયા ઓલંભડે જી, મત આણો મન રીસ;
જે પૂંઠે સરજ્યા સદા જી, જંપે ઈમ જગદીશ–જિને૦ ૨
લળી લળી લટકે પાયે પડું જી, વળી વળી વિનવું એહ;
સમકિત ચિત્ત તુમશું મળ્યો જી, મત મૂકાવો તેહ–જિને૦ ૩
કહો કેણી પરે કીજીયે જી, વ્હાલો તું વીતરાગ;
ભગતે કાંઇ ન રંજીયે જી, લાલચનો શો લાગ–જિને૦ ૪
ધ્યાતા દાતા ધન તણો જી, ત્રાતા તું જિનરાય;
કેવલ લક્ષ્મી વર કરો જી, મેઘ વિજય ઉવજ્ઝાય–જિને૦ ૫

---

## ૫૩

અરજ સુણી એક માહરી રે, ત્રિશલા નંદન વીર જિણંદા;
કેવલજ્ઞાન દિવાકરૂં રે, મેરૂ મહીધર ધીર જીણંદા– અ૦ ૧

એહ અપાર ઉતારીયે રે, ભવ સાગર ગુણવંત જિણંદા;
દિલ ભરી દરીશન દીજીયે રે, તુમ સમ કો નહી સંત
જિણંદા–અ૦ ૨

તરશું તપ કિરીયા થકી રે, તે શો તુમચો પાડ જિણંદા;
જો રળતાં હોય લખેસરી રે, તો શી સુરતરૂ છાંય
જિણંદા.–અ૦ ૩

જાણો છો કલિયુગ તણી રે, રાખો છો પ્રભુ રીતિ જિણંદા;
જે ધની તે લોભી હુએ રે, ન કરે નિર્ધનશું પ્રીતિ
જિણંદા. –અ૦ ૪

અવરને જો પ્રાર્થીએ રે, તો શી તાહરી શોભ? જિણંદા
બિરૂદ રહે કિમ તાહરૂં રે, ભકત વત્સલનું થોભ
જિણંદા.–અ૦ ૫

તુજ પરે ધન જો મુજ હુએ રે, તો દેતાં ન કરૂં ઢીલ જિણંદા;
વિણ માગે પૂરણ કરૂં રે, આસ સકલ જન લીલ
જિણંદા. –અ૦ ૬

જો રે કરાવી ચાકરી રે, અમચી આશ પૂરીશ જિણંદા;
નિષ્કારણ જગહિતકરૂ રે, તે કેમ બિરૂદ ધરીશ જિણંદા
–અ૦ ૭

હરિલંછન હેજાળુઓ રે, આપો સમકિત ભાગ જિણંદા;
કેડે પડયા કિમ મૂકશે રે, નહીં ઈહા ઢીલની લાગ
જિણંદા. અ. – ૮

ઘણું ઘણું કહીએ તેહને રે, જે હોય સહેજે અજાણ જીણંદા;
સુપ્રીઞ્છને શું શીખવું રે, જ્ઞાન અનંતની ખાણજિણંદા;
અ. – ૯
ઓલગ કીજે તેહની રે, જે હોય ઓલગ જાણ જિણંદા
તું અંતરજામી અછે રે, તો શી ખેંચાતાણ જિણંદા;
અ. – ૧૦
જાણે અજાણે તાહરો રે, હું સેવક વિસવાવીસ જિણંદા;
ઇમ જાણીને આપનો રે: લેખ લખાવી એ જગદીશ
જિણંદા અ. – ૧૧
સઘલી સંપદ આપની રે, જો પ્રભુ આપો મોહે જિણંદા;
તો કો પાડ ન તાહરો રે, જગપિતા તું હોય જિણંદા
અ. – ૧૨
આસંગાયત જે હુએ રે, તે કહે કોડી વચન્ન જિણંદા;
કહેવાએ પણ તેહને રે, જેહશું બાંધ્યું મન્ન જિણંદા
અ. – ૧૩
નિજ બાલક લઘુ બોલડા રે, સુણી હરખે માવીત જિણંદા
તે માટે પ્રભુ દીજીયે રે, તુમ સેવા પ્રતીત જિણંદા
અ. – ૧૪
સિદ્ધારથ સુત વિનવ્યો રે, ભગતિ બોલ વિચાર જિણંદા;
ધીર વિમલ કવિ શિષ્યને રે, મત મૂકો વિસારી જિણંદા
અ. – ૧૫

૫૪

વીર વડધીર મહાવીર મોટો પ્રભુ, પેખતાં પાપ સંતાપ નાસે;
જેહના નામ ગુણ ધામ બહુમાનથી,
અવિચલ લીલ હૈયે ઉલ્લસે....વીર૦ ૧
કર્મ અરિ જીપતો, દીપતો વીર તું,
ધીર પરિસહ સહે મેરૂ તોલે;
સુરે બલ પરખીયો, રમત કરી નીરખીયો,
હરખીયો નામ મહાવીર બોલે....વીર૦ ૨
સાપ ચંડકોશીયો જે મહારોષીયો,
પોષીયો તેં સુધાનયન પૂરે;
એવડા અવગુણ શા પ્રભુ મેં કર્યાં ?
તાહરા ચરણથી રાખે દૂરે....વીર૦ ૩
શૂલપાણી સુરને પ્રતિ બોધીયો,
ચંદના ચિત્ત ચિંતા નિવારી;
મહેર ધરી ઘરે પહોતા પ્રભુ જેહને,
તેહ પામ્યા ભવદુઃખ પારી....વીર૦ ૪
ગૌતમાદિકને જઈ પ્રભુ તારવા,
વારવાં યજ્ઞ મિથ્યાત્વ ખોટો;
તેહ અગિયાર પરિવારશું બૂઝવી,
રૂઝવી રોગ અજ્ઞાન મોટો....વીર૦ ૫
હવે પ્રભુ મુજ ભણી તું ત્રિભુવન ધણી,

દાસ અરદાસ સુણી સામું જોવે;
આપ પદ આપતાં આપદ કાપતાં,
તાહરે અંશ ઓછું ન હોવે....વીર૦ ૬
ગુરૂ ગુણે રાજતા અધિક દિવાજતા,
છાજતા જેહ કલિકાલ માંહે;
શ્રી ખિમાવિજય પય સેવ નિત્યમેવ લહી,
પામીયે શમરસ સુજસ ત્યાંહે....વીર૦ ૭

---

## ૫૫

વીર જિનેસર સુણ મુજ સ્વામી, વિનવીયે શિરનામી રે;
તું પ્રભુ પૂરણ મન હિત કામી, તું મુજ અંતરજામી
રે. વી. ૧
એક જ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણ કહીજે રે;
ભગતિ કરતાં જો તું રીજે, તો મનવંછીત સીજે રે
વી. .... ૨
તુજ હિતથી સુખ સંપદ આવે, દારિદ્ર દુર ગમાવે રે;
જગબંધવ જિન તુંહી કહાવે, સુરનર તુજ ગુણ ગાવે રે
વી. .... ૩
તું પ્રભુ પ્રીતિ ન હેત જણાવે, પણ સેવક સુખ પાવે રે;
ગિરૂઆ સેવા ફળ નવિ આવે, સેવીજે ઈણ ભાવે રે
વી .... ૪

ત્રિશલાનંદન વીર જિનેશર, વિનતડી અવધારી રે;
કેસર જંપે દરિશન દીજે, દુરગતિ દૂર નિવારી રે
વી. .... ૫

---

## ૫૬

સુણ સુગુણ સનેહિ રે સાહિબા, ત્રિશલાનંદન અરદાસ રે;
તું તો રાજનગરનો રાજીયો, ગુણ ગાજીયો લીલ વિલાસ રે
સુ. – ૧

તુજ સરિખો સાહિબ શિર છતે, જુઓ મોહ કરે કિમ જોર રે;
તે ન ઘટે રવિ ઉગે રહે, જિમ અંધકાર ઘનઘોર રે
સુ. – ૨

અલવેસર વેષ રચી ઘણું, હું નાચ્યો મોહને રાજ રે;
હવે ચરણ શરણ મેં તુજ ગ્રહ્યા, આ ભાવઠ ભવની
ભાંજ રે સુ. – ૩

ટાળો પ્રભુ અવિનય માહરો, મુજ ગાલો ભવની ભીત રે:
મુજ રદય પખાલો ઉપશમે, પાલો પ્રભુ અવિહડ પ્રીત રે
સુ – ૪

નિગુણો પણ તુજ ગુણ સંગતે, ગુણ પામું તે ઘટમાન રે;
હુએ ચંદન પરસંગથી, લિંબાદિક ચંદન માન રે
સુ. – ૫

નિગુણો પણ શરણે આવીયો, નવિ છંડીજે ગુણગેહ રે;
નવિ છંડે લંછન હરિતણું, જુઓ ચંદ અમિમય દેહ રે
સુ. – ૬

મનમાંહી વિમાસી શું રહ્યા, હવે મહેર કરો મહારાજ રે;
સેવકનાં દુઃખ જો નવિ ટળે, તો લાગે કુણને લાજ રે
સુ. – ૭

તુજ આણથી હું પતિત છું, પણ પતિત પાવન તુજનામ રે;
નિજનામ ભણી મુજ વારતાં, શું લાગે છે તુજને દામ રે.
સુ. – ૮

ચાખી તુજ સમકિત સુખડી, નાઠી ભૂખડી તેહથી દૂર રે;
જો પામું સમતા સુરલતા, તો એ ટળે મુજ મહિમુર રે,
સુ. – ૯

તુજ અક્ષયસુખ જે રસવતી, તેહનો લવ દીજે મુજ રે;
ભુખ્યાની ભાંજે ભૂખડી, શું અધિકું કહીએ તુજ રે
સુ. – ૧૦

આરાધ્યો કામિત પૂરવે, ચિંતામણી પણ પાષાણ રે;
ઈમ જાણી સેવક સુખ કરો, પ્રભુ તુમે છો ચતુર સુજાણ
રે સુ. – ૧૧

શું વિનવીએ તુમ અતિ ઘણું, તું તો મોટો ત્રિભુવન ભાણ રે;
શ્રી નયવિજય સુશિષ્ય તે, હવે હેજો કોડી કલ્યાણ રે.
સુ. – ૧૨

૫૭

સમરી સરસતી વરસતી વચન સુધા ઘણી,
વીર જિનેસર કેસર અરચિત જગધણી;
રાજનગર વર ભૂષણ દુષણ ટાળતો,
થુણશું નિજ ગુણ કરણે જગ અજુવાળતો – ૧
સ્વામી મેં તુજ પામી ધર્મ સોહામણો,
માનું માનવ અવતાર સફલ કરી આપણો
મેં તુજ પામ્યો જિનજી નયન મેલવડો,
તો નિજ આંગણ રોપ્યો સુરતરૂ પરગડો – ૨
તુજ મનમાં મુજ વસવું કહો કિમ સંભવે,
સુપનમાંહી પણ વાત ન એ હુઈ નવિ હુવે;
મુજ મન મંદિરમાંહી સુંદર વસો જો તુમે,
તો અધિકું નવિ માંગશું રાગશું ફરી અમે – ૩
ચમક પાષણ ખેંચશે સંચશે લોહને,
તિમ તુજ ભગતિ મુકિતને ખેંચશે મોહને;
ઈમ જાણી તુજ ભક્તિ જુગતે કરી રહ્યો,
તે જન શિવસુખ કરતલ ધરશે ગહગહ્યો – ૪
લાગી તુજ ગુણ ભરકી કરકી નવિ શકે,
અલગું મુજ મન વળગું તુજ ગુણશું ટકે,
છાંડયો પણ નવિ છૂટે મોહ એ મોહના,
શિવસુખ દેશો તો છોડશું કેડી ન તે વિ.।। – ૫

બાઉલ સરિખા પરસૂર જાણી પરિહર્યા,
સુરતરૂ જાણી નાણી તુમે સાહિબ વર્યા;
કરો દેવ જો કરૂણા કર્મ તો નવિ ટકે,
ચોર જોર નવિ ચાલે સાહિબ એક થકે – ૬
તુજ સરીખો મુજ સાહિબ જગમાં નવિ મળે,
મુજ સરિખા તુજ સેવક લાખો ગમે રૂલે;
તો આસંગો તુજસું કરવો નવિ ઘટે,
સહજ મોજ જો આવે તો સેવક દુઃખ મટે–૭
જિમ વિણ પંકજ પરિમલ મધુકર નવિ રહે;
વિણ મધુમાસ વિલાસ ન કોકીલ ગહગહે,
તિમ તુજ ગુણ રસપાન વિના મુજ નવિ સરે;
અંબ શાખ જિણે ચાખી તે આંબલીશું શું કરે ? – ૮
જયાં મહકે તુજ પરિમલ કીર્તી વેલડી,
મુંજ મન તરૂઅર વીંટી તે રહી પરગડી,
ભકિતરાગ તસ પલ્લવ સમકિત ફુલડાં,
શિવસુખ ફળ તસ જેહનાં મોંઘા મૂલડાં – ૯
તુજ વાણી મુજ મીઠી લાગે જેહવી,
સાકર દ્રાખ સુધા પણ ન રૂચે તેહવી;
કાન કરાવે એહનાં જે ગુરૂ પારણાં,
નિત નિત લીજે દેવ તેહના ઓવારણાં – ૧૦
સુખદાયક જગનાયક વીર જિનેસરૂ,

ઈમ મેં સ્તવીયો વંછીત પૂરણ સુરતરૂ;
આ સ્તવ ભણતાં પ્રગટે નવનિધિ આંગણે,
શ્રી નયવિજય વિબુધ પાય સેવક ઇમ ભણે – ૧૧

---

## ૫૮

તો શું પ્રીત બંધાણી જગતગુરૂ ! તો શું પ્રીત બંધાણી;
વેદ અરથ કહી મેં બ્રાહ્મણકું,
ખિણમેં કીધો નાણી જગતગુરૂ — ૧
બાલક પરે મેં જે જે પૂછયું,
તેં ભાખ્યું હિત આણી,
મુજ કાલાને કુણ સમજાવે,
તો બિણ મધુરી વાણી જગત૦ — ૨
વમણ સુધારસ વરસી વસુધા, પાવન ખેત સમાણી;
નર નાકી તિરિ સમોહિત બોધિત,
તો હી ગુણમલિ ખાણી જગત. — ૩
કિસકે પાઉં પુરુ અબે જાઈ, કિનકી પકરું પાની;
કુણ મુજ ગોપમ કહી બોલાવે
તો સમકુણ વખાણી જગત — ૪
અઈમુત્તો આપો મુજ સાથે, રમતો કાચલી પાણી;
કેવલ કમલા ઉસકું દીની,
યાહી કિરતી નહીં છાની જગત — ૫

ચૌદ સહસ અણગારમાં મોટી, કીનો કાં હું પીછાની;
અંતિમ અવસર કરુણાસાગર,
દૂરે ભેજ્યો જાણી. જગત. .... ૬
કેવલભાગ ન માગત સ્વામી, રહેત ન છેડો તાણી;
બીચમેં છોડ ગયે શિવમંદિર,
લોકમેં હોત કહાણી. જગત .... ૭
ખામી કછુ ખિજમત મેં કીની, તાકી યાહી કમાણી;
સ્વામીભાવ લહે સુસેવક,
યાહી બાત નિપાની જગત. .... ૮
વીતરાગ ભાવે ચેતનતા, અંતર મૂરતિ ઠરાણી;
ખિમાવિજય જિન ગૌતમ ગણધર,
જ્યોતિશું જ્યોતિ મિલાણી. જગત. .... ૯

---

## ૫૯

નંદન ત્રિશલા દેવીનો રે, વર્ધમાન વડભાગ ॥ ટેક ॥
શાસનનાયક સાહિબો રે, કરુણા નિધિ વીતરાગ રે;
વીરજગતધણી ભાવ ધરમ દાતાર રે, સુગુણ શિરોમણી
વીર. .... ૧
કંચન કાંતિ સોહામણી રે, સાત હાથ તનુમાન;
સિંહ લંછન પય સોહતું રે, ભયવારક ભગવાન રે
વીર. .... ૨

ત્રીશ વરસે પ્રભુ સંયમી રે, છાંડી સવિ પરિવાર;
બાર બરસ છદ્મસ્થમાં રે, તપ તપીયા અવિકાર રે
વીર. .... ૩

કેવલ કમલા પામીયા રે, સમવસરણે સુખદાય;
મહાગોપ મહામાહણો રે, મહાસત્થવાહ કહાય રે
વીર. .... ૪

બાર ગુણો પ્રભુ દેહથી રે, વૃક્ષ અશોક મહંત;
છત્રત્રયી ત્રિભુવન ધણી રે, ભામંડલ ઝલકંત રે
વીર. .... ૫

કુસુમવૃષ્ટિ જાનુ લગે રે, પંચ વરણ સુરસાલ;
ચંચલ ચામર ઉજલાં રે, મુખકજ માનું મરાલ રે
વીર. .... ૬

ગાજે ગગને દુંદુભી રે, ભાખે જગત સામ્રાજય;
માનું સવિ સુરવર પ્રયતે રે, તાહરી સેવા કાજ રે
વીર. .... ૭

રત્ન સિંહાસન બેસીને રે; દિવ્યધ્વનિ વરસંત;
છ રાગ છત્રીસ રાગણી રે, સુરનર તિરિ સમજંત રે
વીર. .... ૮

સદહણા સુર વેલડી રે, ભવિ મન મંડપ રોપ;
સીંચી શમ અમૃતરસે રે, તૃષ્ણા તાપનો લોપ રે
વીર. .... ૯

કેવલ રૂપ તે ફાલશે રે, ફાલશે અવ્યાબાધ;
ક્ષમા વિજય જિન નિમિત્તથી રે પ્રગટે પરમ સમાધ
રે વીર. .... ૧૦

---

૬૦

જગપતિ તારક શ્રી જિનદેવ, દાસનો દાસ છું તાહરો;
જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ માહરો....૧
જગપતિ તાહરે તો ભક્ત અનેક, મારે તો એકજ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતિ તારી સોહામણી. .૨
જગપતિ ત્રિશલારાણીનો તન, ગંધાર બંદર ગાજીયો;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર, રાજરાજેશ્વર રાજીયો...૩
જગપતિ ભકતોની ભાંગે છે ભીડ, ભીડ પડે પ્રભુ પારીખે;
જગપતિ તુંહી પ્રભુ અગમ અપાર, સમજયો ન જાય
મુજ સારીખે .... ૪
જગપતિ ઉદય નમે કર જોડ, સત્તર નેવ્યાસી સમે કીયો;
જગપતિ ખંભાત જંબુસર સંઘ, ભગવંત ભાવશું
ભેટીયો. .... ૫

---

૬૧

પ્રભુજી વીરજિણંદને વંદિએ,
ચોવીસમાં જિનરાય હો ત્રિશલાના જાયા;

પ્રભુજીને નામે તે નવનિધિ સંપજે,
ભવદુઃખ સવિ મીટી જાયહો ત્રિશલા. ૧
પ્રભુજી કંચનવાન કર સાતનું,
જગતાતનું એટલું માન હો, ત્રિશલા.
પ્રભુજી મૃગપતિ લંછન ગાજતો,
ભાંજતો મદગજ માન હો. ત્રિશલા. ૨
પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો,
સિદ્ધારથ કુલ ચંદ હો; ત્રિશાલ.
પ્રભુજી ભકતવત્સલ ભવદુઃખહરુ,
સુરતરુ સમ સુખકંદ હો. ત્રિશલા. ૩
પ્રભુજી ગંધાર બંદર ગુણનીલો,
જગતિલો જિહાં જગદીશ હો. ત્રિશલા.
પ્રભુજીનું દર્શન દેખીને ચિત્ત કર્યું,
સર્યું મુજ વંછિત ઈશ હો. ત્રિશલા. ૪
પ્રભુજી શિવનગરીનો રાજિયો,
જગતારણ જિનદેવ હો; ત્રિશલા.
પ્રભુજી રંગવિજયને આપજો,
ભવોભવ તુમ પાય સેવ હો. ત્રિશલા. ૫

## ૬૨

સિદ્ધારથ રાજાને ઘેર પટરાણી, ત્રિશલા નામે સોહામણીએ;
રાજભુવનમાંહે પલંગે પોઢંતા, ચઉદ સુપન રાણીએ
લહ્યાએ. ૧

પહેલે રે સુપને ગયવર દીઠો, બીજે વૃષભ સોહામણોએ;
ત્રીજે સિંહ સુલક્ષણો દીઠો, ચોથે લક્ષ્મી દેવતાએ. ૨

પાંચમે પંચ વરણની માલા, છઠે ચંદ્ર અમીઝરોએ;
સાતમે સૂરજ આઠમે ધ્વજા, નવમે કલશ રૂપાલણોએ. ૩

પદમસરોવર દશમે દીઠો, ક્ષીરસમુદ્ર અગીયારમે એ;
દેવવિમાન તે બારમે દીઠું, રણઝણ ઘંટા વાજતાં એ. ૪

રતનનો રાશી તે તેરમે દીઠો, અગ્નિ શિખા ચૌદમે એ;
ચૌદ સુપન લહી રાણીજી જાગ્યા; રાણીએ રાયને
જગાડીયાએ. ૫

ઉઠો ઉઠો સ્વામી મને સુહણલાં લાધા, એ રે સુપન
ફલ શા હશે એ?

રાય સિદ્ધાર્થે પંડિત તેડયા, કહોરે પંડિત ફલ એહનું એ ૬
અમ કુલમંડલ તુમ કુલ દીવો, ધન રે મહાવીર અવતર્યાએ;
જે નર ગાવે તે સુખ પાવે, આનંદ રંગ વધામણાં એ. ૭

૬૩

વધતી વેલી મહાવીરથી, માહરે હવે હો થઈ મંગલ માલજે;
દિન દિન દોલત દીપતી, અલગી ટલી હો બહુ આલ
જંજાલ કે ! વીર જિણંદ જગ વાલહો ॥ ૧
તારક ત્રિશલાનંદનો, મુજ મલિયો હો મોટે સૌભાગ્ય કે;
કોડી ગમે વિધિ કેલવી, તુજ સેવીશ હો લાયક પાય
લાગ્યા કે । વીર. ॥ ૨
માહરે જે તેહ માહરે, હેજે કરી હો વર વાંછિત એહ કે;
દીજે દેવ દયા કરી, તુજ સંપત્તિ હો મુજ વલ્લભ
તેહકે વીર. ॥ ૩
સુતાં સાહેબ સાંભરે, બેઠાં પણ હો દિનમે બહુ વાર કે;
સેવકને ન વિસારજો, વિનતડી હો પ્રભુ એ અવધાર
કે । વીર ॥ ૪
સિદ્ધારથ સુત વિનવ્યો, કરજોડી હો મદ મચ્છર છોડ કે;
કહે જીવણ કવિ જીવનો; તુંજ તૂઠે હો સુખ સંપત્તિ
કોડ કે । વીર. ॥ ૫

---

૬૪

વીર જિનેશ્વર સાહિબ મેરા, પાર ન લહું તેરા;
મહેર કરી ટાલો મહારાજજી, જનમ મરણના ફેરા હો ।
જિનજી અબ હું શરણે આયો ॥ ૧

ગર્ભાવાસ તણાં દુઃખ મહોટાં, ઉંધે મસ્તક રહિયો;
મલ મૂત્ર માંહે લપટાણો, એહવા દુઃખ મેં સહિયાં
હો । જિનજી. ॥ ૨

નરક નિગોદમાં ઉપન્યો ને ચવિયો, સૂક્ષ્મ બાદર થઇયો;
વેચાણો સૂઇને અગ્રભાગે, માન તિહાં કિહાં રહીયો ? હો ।
જિનજી. ॥ ૩

નરક તણી વેદના અતિ ઉલટી, સહી તે જીવે બહુ;
પરમાધામીને વશ પડીયો, તે જાણો તમે સહુ હો ।
જિનજી. ॥ ૪

તીર્યંચ તણા ભવ કીધાં ઘણેરાં, વિવેક નહીંય લગાર;
નિશ દિનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાયે પાર
હો । જિનજી. ॥ ૫

દેવતાણી ગતિ પુણ્યે હું પામ્યો, વિષયારસમાં ભીનો;
વ્રત પચ્ચક્ખાણ ઉદય નવિ આવ્યાં, તાન માન માંહે
લીનો હો. । જિનજી ॥ ૬

મનુષ્યજન્મ ને ધર્મ સામગ્રી, પામ્યો હું બહુ પુણ્યે;
રાદ્રેગષ માંહે બહુ ભલીયો, ન ટલીં મમતા બુદ્ધિ હો.
જિનજી. ॥ ૬

એક કંચન ને બીજી કામિની, તેહશું મનડું બાંધ્યું;
તેના ભોગ લેાાને હું શૂરો, કેમ કરી જિન ધર્મ સાધુ ?
હો । જિનજી. ॥ ૮

મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છું કોઈક જડ જેવો;
કલીકલી કલપ મેં જન્મ ગુમાયો, પુનરપિ પુનરપિ
તેહવો. હો । જિનજી. ॥ ૯
ગુરુ ઉપદેશમાં હું નથી ભીનો, નાવી સદ્દહણા સ્વામી;
હવે વડાઈ જોઇએ તમારી, ખીજમતમાહિ છે ખામી.
હો । જિનજી. ॥ ૧૦
ચારગતિ માંહે રડવડીયો, તોયે ન સિધ્યાં કાજ;
ઋષભ કહે તારો સેવકને, બાંહે ગ્રહયાની લાજ. હો ।
જિનજી. ॥ ૧૧

---

૬૫

વીર હમણાં આવે છે મારે મંદિરીએ, મંદિરીએ રે
મારે મંદિરીએ । વીર. ॥
પાચ પડી હું તો ગોદ બીછાવું, નિતનિત વિનતડી
કરીએ. । વીર ॥ ૧
સ્વજન કુટુંબ પુત્રાદિક સહુને, હરખે એણીપરે ઉચ્ચરીએ.
વીર. ॥ ૨
જબ આંગણે પ્રભુ વીર પધારે, તવ વત્સ સન્મુખ
ડગ ભરીએ । વીર ॥ ૩
સયણાં સૂણો પ્રભુ પડિલાભીજે, તો ભવસાગર તરીએ.
વીર ॥ ૪

અપ્રતિબદ્ધપણે પ્રભુ વીરજી, ઘર ઘર ભિક્ષાએ ફરીયે.
વીર. ૫

અભિનવ શેઠ તણે ઘર પારણું, કીધું ફરતાં ગોચરીએ.
વીર. ॥ ૬

ભાવના ભાવતાં જીરણ શેઠજી, દેવદુંદુભી સુણી ચિત ભરીએ । વીર. ॥ ૭

બારમા કલ્પનું બાંધ્યું આયુષ, જિન ઉત્તમ વીર ચિત ધરીએ । વીર. ॥ ૮

તસ પદ્ પદ્મની સેવા કરતાં, સહેજે શિવસુંદરી વરીએ.
વીર. ॥ ૯

---

૬૬

શ્રી જિનવર ચરણે નમીજી, કહિશું ધ્યાન વિચાર;
આર્તરૌદ્રને પરહિરીજી, ધર્મ શુકલ મન ધારરે । પ્રાણી વંદો વીર જિણંદ ॥
જિમ હુએ પરમાનંદ રે, પ્રાણી વંદો વીર જિણંદા
પ્રાણી. ॥ ૧

સરસ પંચ ઈન્દ્રિય તણાજી, વંછે વિષય સવાદ;
અશુભ વિષય પામી ઘણોજી, મન આણે વિખવાદ ।
પ્રાણી ॥ ૨

ઈષ્ટ વિષય સ્વજનનોજી, મનચિંતે અવિયોગ;
અસંયોગ તિમ દુષ્ટનોજી, ચિંતે ઈહ પર લોગ રે ।
પ્રાણી ॥ ૩

વ્યાધિ રોગ વેદન તણાંજી, ઔષધ ને ઉપચાર;
ચિંતે ધનઋદ્ધિ મેલવાજી, વિવિધ વસ્તુ વ્યાપાર રે ।
પ્રાણી. ૪

તપ સંયમ કિરિયા કરીજી, કરે નિયાણું રે જેહ;
સુરનર સુખ વાંછે ઘણુંજી, આર્તધ્યાન સવિ એહ રે ।
પ્રાણી. ॥ ૫

રૂદન શોક તનુ તાડનાજી, ચિંત દુઃખ નિસાસ;
એણે અહિનાણે જાણજોજી, આર્તધ્યાન સુવિલાસ રે ।
પ્રાણી. ॥ ૬

ત્રણ લેશ્યા તસ પરિણમેજી, કૃષ્ણ નીલ કાપોત;
ગતિ તિર્યંચતણી લહેજી, દુઃખ અનંત તિહાં હોત રે
પ્રાણી. ॥ ૭

પર પ્રાણિને ચિંતવેજી, છેદન ભેદન ઘાત;
રીસવશે મન ગોઠવેજી, પરે પરે વિરૂઈ વાત રે. ।
પ્રાણી. ॥ ૮

જાણી દુઃખ પરને દિયેજી, દીયે જુઠાં વલી આલ;
મુખ મીઠો ધીઠો હૃદેજી, માંડે માયા જાલ રે. પ્રાણી ॥ ૯

ખાણ ખણે ચોરી કરેજી, લુંટેરે પરનાંરે વિત્ત;
તિમ નિજ ધન ઉગરવાજી, પરને દુઃખ દીયે નિત્ય રે.
પ્રાણી ॥ ૧૦
રૌદ્ર ધ્યાન એણીપરે કહ્યુંજી, નરક તણું રે જે હેત;
લેશ્યા ત્રણ મિલી ઘણુંજી, રોષ દોષ દુઃખ દેત રે. ।
પ્રાણી ॥ ૧૧
આર્તરૌદ્ર દુરે કરીજી, સેવો શ્રી ભગવંત રે;
ધર્મધ્યાન જેમ ઉલ્લસેજી, શુક્લધ્યાન ગુણવંત રે;
પ્રાણી. ॥ ૧૨
પઠે ગુણે વાંચે સુણેજી, ભાવે જિનવર આણ રે;
બાર ભાવના અનુભવે જી; ધર્મધ્યાન એહ જાણ રે. ।
પ્રાણી. ॥ ૧૩
આપો આપ વિચારતાંજી, જબ જાણે નિજરૂપ;
શુકલ ધ્યાન તે જાણજોજી; કેવલ જ્ઞાન સ્વરૂપ રે. ।
પ્રાણી ॥ ૧૪

---

૬૭

જયજિનવરજગહિતકારીરે, કરે સેવા સુર અવતારી રે;
ગૌતમ પમુહા ગણધારી, સનેહી વીરજી જયકારી રે ।
સનેહિ. ॥ ૧ ॥
અંતરંગ રિપુને ત્રાસે રે, તપ કોપાટોપે વાસે રે;
લહયું કેવળજ્ઞાન ઉલ્લાસે । સનેહિ. ॥ ૨ ॥

કુટિલ કે વાદ વદાય રે, પણ જિન સાથે ન આય રે;
તેણે હરિલંછન પ્રભુ પાય । સનેહિ. ॥ ૩ ॥
સવિ સુરવહુ થેઇ થેઇ કારા રે, જલ પંકજની પરે ન્યારા રે;
તજી તૃષ્ણા ભોગ વિકારા । સનેહિ ॥ ૪ ॥
પ્રભુ દેશના અમૃત ધારા રે, જિનધર્મ વિષે રથકારા રે;
જેણે તાર્યાં મેઘકુમારા । સનેહિ. ॥ ૫ ॥
ગૌતમને કેવલ આલી રે, વર્યા સ્વાતિયે શિવ વરમાલી રે;
કરે ઉત્તમ લોક દીવાલી । સનેહિ. ॥ ૬ ॥
અંતરંગ અલચ્છિ નિવારી રે, શુભ સજજનને ઉપગારી રે;
કહે વીર પ્રભુ હિતકારી । સનેહિ. ॥ ૭ ॥

---

૬૮

શ્રી વર્ધમાન જિન રાજિઆ રે,
રાજનગર શણગાર રે; સુખદરીઆ ॥
વાલેસર સુણો વિનતિ રે,
તું મુજ પ્રાણ આધાર રે । ગુણભરીઆ ॥ ૧
તુજ વિણ હું ન રહિ શકું રે, જિમ બાળક વિણ માત રે; સુખ. ।
માઇ દિન અતિવાહિએ રે, તાહરા ગુણ અવદાત રે । ગુણ. ॥ ૨

હમે મુજ મંદિર આવીએ રે, મ કરો દેવ વિલંબ રે; સુખ.।
ભાણા ખડખડ કુણ ખમે રે, પૂરો આસા (અ) વિલંબ
રે । ગુણ. ॥ ૩

મનમંદિર છે માહરૂ રે, પ્રભુ તુજ વસવા લાગ રે; સુખ. ।
માયા કંટક કાઢીઆરે, કીધો ક્રોધ રજ ભાગ રે ।
ગુણ. ॥ ૪

પ્રગટી સુરૂચી સુવાસના રે, મૃગમદ મિશ્ર કપૂર રે; સુખ. ।
ધૂપ ઘટી ઈહાં મહમહેરે, શાસન શ્રદ્ધા પૂર રે ।
ગુણ. ॥ ૫

કિરિયા શુદ્ધ બિછાવણાંરે, તકિયા પંચ આચાર રે; સુખ. ।
ચિહું દિશી દિવા ઝગમગે રે, જ્ઞાન રતન વિસ્તાર રે ।
ગુણ. ॥ ૬

અધ્યાતમ ધ્વજ લહલહે રે, મણિ તોરણ સુવિવેક રે; સુખ. ।
ગમા પ્રમાણ ઈહિં ઓરડારે, મણિ પેટી નય ટેક રે ।
ગુણ. ॥ ૭

ધ્યાન કુસુમ ઈહાં પાથરી રે, સાચી સમતા સેજ રે; સુખ ।
ઇહાં આવો પ્રભુ બેસીએ રે, કીજે નિજ ગુણ હેજ રે;
ગુણ. ॥ ૮

મનમંદિર જો આવશ્યો રે, એકવાર ધરી પ્રેમ રે; સુખ ।
ભગતિ ભાવ દેખી ભલો રે, જઇ શકશ્યો તો કેમ રે ?
ગુણ ॥ ૯

અરજ સુણી મન આવીયા રે, વીર જિણંદ મયાલ રે। સુખ ।
ઓચ્છવ રંગ વધામણાં રે, પ્રગડયો પ્રેમ વિશાલ રે ।
ગુણ. ॥ ૧૦

અર્ઘપાદ્ય કરૂણા ક્ષમા રે, સત્ય વચન તંબોલ રેઃ સુખ. ।
ધરશું તુમ સેવા ભણી રે, અંતરંગ રંગરોલ રે ।
ગુણ ॥ ૧૧

હવે ભગતિ રસ રીઝીયો રે, મત છોડો મનગેહ રે; સુખ. ।
નિરવહજો રૂડી પરે રે, સાહિબ સુગુણ સનેહ રે ।
ગુણ. ॥ ૧૨

ભમર સહજ ગુણ કુસુમનો રે, અમર મહિત જગનાથ રે,
સુખ. ।
જો તું મનવાસી થયો રે, તો હું હુઓ સનાથ રે ।
ગુણ. ॥ ૧૩

શ્રી નય વિજય વિબુધ તણો રે, અરજ કરે ઈમ શિશ રે;
સુંખ ।
રમજો મુજ મન મંદિરે રે, પ્રભુ પ્રેમ ધરી નિશ દિશરે ।
ગુણ. ॥ ૧૪

---

૬૯

સમરીઅ સરસતી વરસતી વચન સુધા ધણી રે કે, વચન.
વીર જિણેસર કેસર અરચિત જગ ધણી રે કે; અરચિત.

રાજનગર વર ભૂષણ દુષણ ઠાલતો રે કે, દુષણ.
ધુણશ્યું નિજ ગુણ કરણે જગ અજુઆલતો રે કે ।
જગ. ॥ ૧ ॥

સ્વામી મેં તુજ પામી ધર્મ સોહામણો રે કે, ધર્મ.
માનું મન અવતાર સફલ કરી આપણો રે કે; સફલ.
મેંહિ તુજ પામ્યો જિનજી નયણ મેલાવડો રે કે, નયન
તો નિજ આંગણે રોપ્યો સુરતરૂ પરગડો રે કે ।
સુર. ॥ ૨ ॥

તુજ મનમાં મુજ વસવું કિમ સંભવે રે કે વસવું.
સુપનમાંહી પણ વાત ન એ હુઈ નવિ હોએ રે કે, નએ.
મુજ મન મંદિર સુંદર વસો જો તુમ્હેરે કે, સુંદર.
તો અધિકું નવિ માંગશું રાગશ્યું ફરિ અમ્હેરે કે ।
રાગ. ॥ ૩ ॥

ચમક પાષાણ ખેંચશ્યે સંચશે લોહને રે કે, સંચશે.
તિમ તુજ ભગતી મુગતીની ખેંચશે મોહનો રે કે; ખેંચશે
ઇમ જાણી તુજ ભગતિ જૂગતી રહયો રે કે, ભગતિ.
તે જ૧ શિવસુખ કરતલ ધરસી ગહગહ્યો રે કે ।
ધરસિ. ॥ ૪ ॥

લાગી તુજ ગુણ ભરકી ફરકી નવિ શકે રે કે, ફરકી.
અલાંગુઅ મુજ મન વલગું તુજ ગુણશ્યું ટકે રે કે: મુજ
છાંડયો પણ નવિ છૂટે મોહ એ મોહનાં કે, મોહ.

શિવસુખ દેશો તો છોડશું કેડી ન તે વિનારે કે ।
। કેડિ ॥ ૫ ॥

બાઉલ સરિખા પર સુર જાણી પરિહર્યા કે, જાણી.
સુરતરૂ જાણીં નાણીં તુમ્હે સાહિબ વર્યા રે કે, તુમ્હે
કરો દેવ જો કરૂણા કરમ તો નવિ ટકે રે કે, કરમ.
ચોર જોર નવિ ચાલે સાહિબ એક થકે રે કે । સા. ॥ ૬ ॥

તુજ સરિખો મુજ સાહિબ જગમાં નવિ મલે રે કે, જગમાં
મુજ સરખા તુજ સેવક લાખ ગમે રૂલે રે કે, લાખ,
તો આસંગો તુજશ્યું કરવો નવિ ધરે રે કે, કરવો.
સહજ મોજ જો આવે તો સેવક દુઃખ મટે ર કે ।
તો. ॥ ૭ ॥

જિમ વિણ પંકજ પરિમલ મધુકર નવિ રહે રે કે, મધુ.
વિણ મધુમાસ વિલાસન કોકિલ ગહગહે રે કે; કોકિલ
તિમ તુજ ગુણ રસ પાન વિના મુજ નવિ સરે રે કે, વિના
અંબ શાખ જેણે ચાખી તે આંબલીશ્યુ શું કરે રે
કે । તે. ॥ ૮ ॥

ત્યાં મહિકે તુજ પરિમલ કીરતિ વેલડી રે કે, પરિમલ
મુજ મન તરૂઅર વીંટી તે રહિ પરગડી રે કે, તે રહિ
ભગતિ રાગ તસ પલ્લવ સમકિત ફુલડાં રે કે, સમકિત
શિવ સુખ ફલ તસ જેહના મોંઘા મૂલડાં રે કે ।
જેહના. ॥ ૦ ॥

તુજ વાણી મુજ મીઠી લાગે જેહવી રે કે, લાગે.
સાકર દ્રાક્ષ સુધા પણ ન રુચે તેહવી રે કે;
કાન કરાવે એહનાં જે ગુરુ પારણાં રે કે, જે ગુરુ.
તે નિત લીજે તેહનાં દેવ ઓવારણાં રે કે। દેવ. ॥ ૧ ॥
સુખદાયક જગનાયક વીર જિનેસરૂ રે કે, વીર.
ઈમ મેં સ્તવી (યો) વંછિત પૂરણ સુરતરૂ રે કે, વીર.
એ સ્તવ ભણતાં પ્રગટે નવનિધિ આંગણે રે કે, પ્રગટે.
શ્રી નયવિજય વિબુધ પાય સેવક ઈમ ભણે રે કે,
સેવક. ॥ ૧૧ ॥

---

૭૦

સરસતી સામિણી પાયે લાગી, પ્રણમી સદ્ગુરૂ પાયા;
ગાશું હિયડે હરખ ધરીને શ્રી વર્ધમાન જિનરાયા,
મોરા સ્વામી હો। તોરા ચરણ ગ્રહીજે.
સોભાગી જિનનાં ચરણ ગ્રહીજે, વૈરાગી જિનના ચરણ
ગ્રહીજે
અરુપી જિનનાં ચરણ ગ્રહીજે, ચરણ ગ્રહીજે હો; શરણે
રહિજે
નરભવ લાહો લીજે મોરા સ્વામી હો. ॥ ૧ ॥
ભારે કરમી તે પણ તાર્યા, પાતકથી ઉગાર્યા;
મુજ સરખા શે નવિ સંભાર્યા, શું ચિત્તથી ઉતાર્યા?
મોરા. ॥ ૨ ॥

પથર પણ કોઈ તીરથ પરભાવે, જલમાં દીસે તરતો;
તિમ અમે તરશું તુમ પાયે વલગા, શું રાખો છો અલગા.
મોરા. ૩
મુજ કરણી સામું મત જો જો, નામ સામું તુમે જો જો;
સાહેબ સેવક દુઃખ હરજો, તુમને મંગલ હોજો. મોરા. ૪
તરણ તારણ તુમે નામ ધરાવો, હું છું ખીજમતગારો:
બીજા કુણ આગલ જઈ જાચું, મોટા નામ તુમારો.
મોરા. ૫
એહ વિનતિએ સાહિબ તૂઠા, શ્રી વર્ધમાન જિનરાયા;
આપ ખજાના માંહેથી આપો, સમકિત રત્ન સવાયા.
મોરા. ૬
શ્રી નય વિજય વિબુધ પય સેવક, વાચક જસ ઈમ બોલે;
શાસન નાયક શિવ સુખદાયક, નહિ કોઇ વીરજીને તોલો;
મોરા. ૭

---

## ૭૧

હસ્તિપાલ રાજાની સભામાંરે, છેલ્લું ચોમાસું રે વીર;
બેંતાલીશમું તે કર્યું રે, પ્રણમું સાહસ ધીર રે.
વીર પ્રભુ સિદ્ધ થયા રે ૧
દેવશર્માને પ્રતિબોધવા રે, એમ જાય ગૌતમ સ્વામ;
ઉત્તરાધ્યયન પ્રરૂપતા રે, મોક્ષ ગયા ભગવાન રે.
વીર. ૨

સર્વાર્થ મુહુર્ત આવે થકે રે, છઠ ચોવિહારો કીધ રે;
અઢાર દેશના રાજા ભેગા થયા રે, સઘલાએ પોષહ લીધ
રે. વીર. ૩

પ્રભાતે ગૌતમ હવે રે, પાછા વલી આવે તામ;
દેવ સઘલા શોકાતુર કરે રે, એમ કહે ગૌતમ સ્વામ રે.
વીર. ૪

રાજા અને પ્રજા સહુ રે, સબ શોકાતુર જાણ;
દેવ દેવીયો શોકાતુર કરે રે, શું કારણ છે આમ રે.
વીર. ૫

તવ તે વલતું એમ કહે રે, સુણો સ્વામિ ગૌતમ સ્વામિ;
આજની પાછલી રાતમાં રે, વીર પ્રભુ થયા નિરવાણ
રે. વીર. ૬

વજાહત તણી પરે રે, ગૌતમ મૂર્છા રે ખાય;
સાવધાન વાયુ ભેગા થયા રે, પછી વિલાપ કરે મોહરાય
રે. વીર. ૭.

ત્રણ લોકનો સૂરજ આથમ્યો એમ કહે ગૌતમ સ્વામ;
મિથ્યાત્વરૂપી અંધકારનો રે, થાશે ગામો ગામ રે.
વીર. ૮

રાક્ષસ સરીખા દુકાલ પડે રે, થાશે ગામો ગામ;
પાંચમા આરામાં માણસ દુઃખીયાં થશે રે, તમે ગયા
મોક્ષ મોઝાર રે વીર. ૯

ચંદ્ર વિના આકાશ જ્યું રે, દયા વિના ધર્મ ન હોય;
સૂરજ વિના જંબુ દ્વીપમાં રે, તુમ વિના એમ પ્રમાણ રે.
વીર. ૧૦
પાંખડી કુગુરૂ તણું રે, કુણ.... .... .... .... ....
જ્ઞાનવિમલ સૂરિ ઇમ કહે રે, દીયે ઉપદેશ ભરપુર રે.
વીર૦ ૧૧

---

## ૭૨

હે વીર વ્હેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે,
દરિસણ વહેલાં દીજીયે હોજી;
પ્રભુ તું નિઃસનેહી, હું સસનેહી અજાણ વીર. ૧
ગૌતમ ભણે ભો નાથ તે વિશ્વાસ આપી છેતર્યો,
પરગામ મુજને મોકલી તું મુકિત રમણીને વર્યો,
હે પ્રભુજી તારા ગુપ્ત ભેદોથી અજાણ,
હે જિનજી તારા ગુપ્ત ભેદોથી અજાણ વીર. ૨
શિવનગર થયું શું સાંકડું ? કે હતી નહી મુજ યોગ્યતા,
જો કહ્યું હોત તો મુજને, તો કોઈ કોઇને રોકતા;
હે પ્રભુજી હું શું માગત ભાગ સુજાણશે ?, વીર. ૩
મમ પ્રશ્નના ઉત્તર દઈ, ગૌતમ કહી કોણ બોલાવશે, ?
કોણ સાર કરશે સંઘની, શંકા બીચારી કયાં જશે ?
હે પુણ્ય ! કહીને પાવન કરો મમ કાન વીર. ૪

જિન ભાણુ અસ્ત થતાં તિમિર મિથ્યાત્વ સઘલે વ્યાપશે;
કુમત કુશલ્ય જાગશે વલી ચાર ચુગલ વધી જશે,
હે ત્રિગડે બેસી દેશના દીયે જિન ભાણુ. વીર. ૫
મુનિ ચઉદ સહસ છે તાહરે, વીર માહરે તું એક છે,
ટલવલતો મને મુકી ગયા પ્રભુ કયાં તમારી ટેક છે;
હે પ્રભુ સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણ. વીર. ૬
પણ હું આજ્ઞાવાટ ચાલ્યો ન મલે કાઇ અવસરે;
હું રાગવશ રખડું નિરાગી વીર શિવપુર સંચરે;
હે વીર! વીર! કહું વીર ન ધરે કોઈ ધ્યાન વીર. ૭
કોણ વીરને કોણ ગૌતમ નહી કોઈ કોઇનું તદા
એ રાગ ગ્રંથી છુટતાં વલી જ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરૂ મણીસમ ગૌતમ નામે નિધાન. વીર. ૮
કાર્તિક માસ અમાસ રાત્રે, અષ્ટદ્રવ્ય દીપક મલે,
ભાવ દીપક જ્યોત પ્રગટે લોકો દેવ દિવાલી ભણે;
હે વીરવિજયનાં નરનારી ધરે ધ્યાન. વીર. ૯

---

## ૭૩

દરિશણ આવ્યા રે હો દરિશણ આવ્યા રે,
હો દેવાનંદા બ્રાહ્મણીજી ॥ ટેક ॥
સાથે લીધો પોતાનો કંથ એક રથ બેસી રે,
હો દંપતી હોય સંચર્યાજી;

વંદન આવ્યા તીહાં શ્રી ભગવંત,
દરિશણ આવ્યા રે હો દેવાનંદા બ્રાહ્મણીજી. ૧
ઘરેણાં તે પહેર્યા રે અતિહિ જડાવનાજી,
શોભે શોભે અપસરા મનોહાર;
રુમઝુમ કરતી રે હો હીંડે પ્રેમશું જી રે,
અઢાર દેશના દાસી છે સાથ. દરિ. ૨
અતિશય દેખી રે હો હેઠાં ઉતર્યાજી,
પાલા થઈને આવ્યા પ્રભુની પાસ;
પંચ અભિગમ હો દંપતી હોય સંચર્યાજી,
સેવા કીધી તે મનને ઉલ્લાસ, દરિ. ૩
ઉભાં તે થઇને રે હો જુવે સુંદરીજી,
નયણ કમલ કીહાં નવિ જાય;
તન મન ઉલ્લસી રે દેવાનંદા બ્રાહ્મણી,
નજર તે ખેંચી પાછી નવિ જાય. હરિ. ૪
પ્રભુને દેખી રે પાનો આવીઓજી,
પ્રફુલ્લિત દેહડી ને અંગ ન માય,
કશ તે તુટી રે હો કંચુકી તણીજી,
બલ્લૈયા તે બાહુમાં નવિ સમાય. દરિ. ૫
ગોયમ પૂછે રે હો શ્રી ભગવંતનેજી,
આ નંદા કેમ જુએ છે મેંસા–મેંસ;

દેહડી ફુલીની રે હો પાનો આવીયોજી,
આટલી નારીમાં દીસે છે એક. દરિ. ૬
ભગવંત ભાખે રે સુણો ગોયમાજી,
આ નંદા છે મોરી માય;
દેહડી ફુલીની રે હો પાનો આવીયોજી,
માય બેટાનું હેત જણાય. દરિ. ૭
વાણી સુંણીને રે હો હરખ્યા ગોયમાજી,
હરખ્યા સર્વ સભાનાં લોક;
જ્ઞાનવિમલ કહે ધનધન એહ સતીજી,
કર્મ ખપાવી ગયાં હોય મોક્ષ દરિ. ૮

---

૭૪

માતાજી તુમ ધન ધન રે, તેં જાયો પુત્ર રતન રે;
તુમ મુખ દેખી પ્રસન્ન રે, અમે દિગકુમરી છપ્પન રે. ૧
દેવ ચાકર બહોત સાહેલી રે, આવી અમે હરખ ભરેલી રે;
એક જોજન ભૂતલ સુદ્ધાં રે, તિહા કેળતણાં ઘર કીધા રે. ૨
જિન જનનીને તિહાં લાવેરે, જલ કલશા ભરી નવરાવે રે;
ચૂવા ચંદન ફુલ ચડાવે રે, આભૂષણ વસ્ત્ર સોહાવે રે. ૩

ધૂપ દીપને પંખા ધરીયા રે, આચાર સવે આચરીયા રે;
રંગ રસભરે ઘરે જાવે રે; દેવ શય્યાએ પધરાવે રે. ૪

નવિ ધરજો બીક લગાર રે, તુમ સેવક નયન હજાર રે;
જનમે સુત સહસ તે નારી રે, પણ તુંહિ રતન કુખ
ધારી રે. ૫

માજી દશોદિશ નક્ષત્ર તારા રે, પૂરવદિશિ કિરણ હજારા રે;
માતા સુત જનમ્યો રુડો રે, કરૂં ભેટ અમુલખ ચુડો રે.
૬

પ્રભુ જાય અનુપમ વરણા રે, દેવ કંચુક ચીરને ચરણા રે;
પ્રભુ જાયો જગત આધાર રે, કટિ મેખલ કુંડલ હાર રે.
૭

ઝાલકે તેજે તુજ ટીકો રે, શીર ધરજો માતા ટીકો રે;
આજથી આણા શીર રોપી રે, પ્રભુ પહેરણ આંગલા
ટોપી રે. ૮

હરિ કરશે પ્રભુ નજરાણા રે, તે આગે અમે શરમાણા રે;
તુમ ઉત્તમ ક્ષત્રિય જાત રે; આજ મલવા સરખી રાત
રે. ૯

અમે રાસ કીડાએ રમીએ રે, પગલે પગલે વળી નમીયે રે;
ત્રિભુવનમાં અપૂરવ દીવો રે, જગજીવન એ ચિરંજીવો
રે. ૧૦

તુમ પુત્રે કામણ કીધું રે, ચિત્તડું મુજ ચોરી લીધું રે;
શુભવીર રસીલા ધ્યાન રે, ભગતી વશે ભગવાન રે. ૧૧

૭૫

સકલ સુર સુર સેવિત સાહિબ, અહનીશ વીર જિણંદ ।।ટેકા।
સુરકાન્તા શચી નાટક પેખત, પણ નહી હર્ષ આણંદ;
હો જિનવર ! તું મુંજ પ્રાણ આધાર, જગજનને હિતકાર
હો જિનવર. ૧

દાનવીર તપવીર જિનેશ્વર, કર્મરિપુ હતવીર;
તિણે કારણ અભિધાન તમારૂં, યુદ્ધવીર ગંભીર. હોજિનવર. ૨
તું સિદ્ધારથ સિદ્ધારથ સુત, નહિ સુત માત્ર અબીહઃ
હરિ લંછન ગત લંછન સાહિબ, ચઉવિહ ધર્મ નીરીહ.
હો જિનવર. ૩
સંઘ ચતુર્વિધ સ્થાપના કીધી, ચઉ ગઈ પંથ વિહાય;
પંચમ નાણે પંચમ ગતિએ, વીર જિણંદ સધાય.
હો. જિનવર. ૪
સોલ પહોર પ્રભુ દેશના વરસી, ફરસી વિભુ ગુણઠાણા;
બંધન છેદન ગતિ પરિણામે, ચરમ સમય નિરવાણ.
હોજિનવર. ૫
સ્વાતિ નક્ષત્રે શિવપદ પામ્યા, દીવાલી દિન તેહ;
વીર વીર ગૌતમ વીતરાગી, તુટયો બંધન સ્નેહ હો.
જિનવર ૬

ખીમાગર જસ શુભ સુખ લહીએ, વીર કહે વીર ધ્યાન
કરતા સુરસુખ સૌખ્ય મહોદય, લીલા-લહેર વિતાન.
હો જિનવર ૭

---

૭૬

વારા વિના વીર કોની સાથે બોલશું,
જંગલ વન લાગે છે આ સંસાર જો;
વિધ વિધ શાસ્ત્રતણો આલાપ કરૂં કિહાં,
ભોજન પણ નવિ ભાવે તુમ વિન નાથ જો. તારા
વિના. ૧

કાર્ય સકલ કરવા તુજ અનુમતિ માંગતો,
એહવી હે વીર કોણથી પ્રાપ્ય જ થાય જો;
પ્રેમ પ્રકર્ષે હર્ષ હતો મુજ અંતરે,
નિરાશ્રિત કરી આપ ચાલ્યા શિવસ્થાન જો તારા
વિના. ૨

અમૃત અંજન સમ પ્રભુ દર્શન તાહરૂં,
કરવા અતિ અમ અંતર ઇચ્છા થાય જો;
સ્વામી નિરાગી છતાં હું તમને વિનવું,
શિષ્ય ગણી લો સાથે દીન દયાલ જો. તારા
વિના. ૩

રાગદશાએ બંધન આ સંસારનું,
એહવી તારી વાણીનો પરતાપ જો;

આજ ખરેખર અંતરથી મેં અનુભવી,
બાહ્ય દષ્ટિથી સ્વામી શિષ્ય ગણાય જો. તારા
વિના. ૪
કોના વીર ને કોના સ્વામી જાણવા,
શ્રીપુત ગૌતમ એ ભાવે તદ્દરૂપ જો;
નિજ સ્વરૂપી કેવલ કમલા વરી થયા,
ભવિ પ્રગટાવો એ ભાવે નિજ રૂપ જો
તારા વિના. ૫

---

૭૭

સરસ્વતી સ્વામીની વીનવું રે, સદ્દગુરુ લાગુંજી પાય;
વહાલા મારા જ્ઞાની વિના રે, ભાંતિ કોણ ભાંજશે રે.
વ્હાલા. ॥ ૧ ॥
અશોક પાલવ તારૂ છાંયડી રે, ત્રિગડું રચ્યું સુરરાય
વ્હાલા રે. ॥ ૨ ॥
સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રે, બેઠી છે પર્ષદા બાર. ૩
સોલ પહોર દીએ દેશના રે, બુઝાવ્યા જાણ અજાણ.
કાર્તિક અમાવાસ્યા જાણીયે રે, દીવાલી એ નિરવાણ. ૪
વ્હાલા. ॥ ૫ ॥
ભોલા કરી ભોળો ભોળવ્યો રે, છેતરી દીયો છે છેહ.
વ્હાલા ॥ ૬ ॥

હું રે નાનો પ્રભુ બાલકો રે, આડો કરીને ન આવત
સાથ. ॥ ૭ ॥
લઘુ થકી મનડું રચ્યું રે, શો તમારી સેવાને કાજ ॥ ૮ ॥
એક ઘડી પ્રભુ તુમ વિના રે, જાય મારે વર્ષ સમાન.
વ્હાલા ॥ ૯ ॥
ગૌતમ કહી કોણ બોલાવશે રે, કોણ કરશે મારી સાર.
વ્હાલા. ॥ ૧૦ ॥
તમે જાણ્યું ગૌતમ કેવલ માંગશે રે, માંગશે રે મુક્તિનો
વાસ ॥ ૧૧ ॥
કર્મમાં હશે તો કેવલ આવશે રે, આવશે મુક્તિનો
વાસ. ॥ ૧૨ ॥
વીર પ્રભુ મુગતે ગયા રે, ગૌતમ કેવળ જ્ઞાન. ॥ ૧૩ ॥
પદ્મવિજય મન રંગશું રે, આપજો મુક્તિનો વાસ.
વ્હાલા. ॥ ૧૪ ॥
વ્હાલા રે મારા ફરી ફરી ન આવું ગર્ભાવાસ.
વ્હાલા રે મહારા ફરી ફરી ન આવું સંસાર.
જ્ઞાની વિના ભ્રાંતિ કોણ ભાંજશે રે. ॥ ૧૫ ॥

---

૭૮

વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગ જીવન જગ ભૂપ;
અનુભવ મિત્તોરે ચિતે હિતકારી, દાખ્યું તાસ સ્વરૂપ.
વીર. ॥ ૧ ॥

જેહ અગોચર માનસ વચન ને, તેહ અતીન્દ્રિય રૂપ;
અનુભવ મિત્તો રે વ્યક્તિ શક્તિસું, ભાખ્યું તાસ સ્વરૂપ ॥ વીર ॥ ૨ ॥

નિક્ષેપે જે ન જાણીયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ,
શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવલ અનુભવ ભાણ;
॥ વીર. ॥

અગમ અગોચર અનુપમ અર્થનો, કોણ કરી જાણ ભેદ;
સહજ વિશુદ્ધરે અનુભવ વયણ જે; શાસ્ત્ર તે સઘલા રે ખેદ. ॥ વીર ॥ ૪ ॥

દિશી દિખાડી રે શાસ્ત્ર સવી રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત.
॥ વીર. ॥ ૫ ॥

અહો ચતુરાઈ રે અનુભવ મિત્તની, અહો તસ પ્રીત પ્રતીત
અંતરજામી સ્વામી સમીપ તે, રાખે મિત્રસું રીત.
॥ વીર ॥ ૬ ॥

અનુભવ સંગેરે રંગે પ્રભુ મલ્યા, સફલ ફલ્યા સવિ કાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે, આનંદઘન મહારાજ.
॥ વીર. ॥ ૭ ॥

---

## ૭૯

(સિદ્ધારથના રે નંદન વિનવું)

સરસતી માતા! રે, મતિ દીયો નિરમલી, માગું એક પસાય;

શ્રી મહાવીરે રે જે જે તપ કર્યાં, ભાખું તે સુખદાય;
વલી વલી વંદુરે વીરજી સોહામણા, શ્રીજિન શાસન સાર.
॥ ૧ ॥

ભાવઠ ભંજન સુખકરણ સહી, સમર્યાં સંપત્તિ થાય;
નામ લિઅતારે નવ નિધિ સંપજે, પાતિક દુર પલાય
વલી. । ૨ ।

બાર વરસ લગે વીરજીએ તપ કર્યો; ઉપર તેરજ પાખ;
બે કરજોડી રે સ્વામીને વિનવું, આગમ હે છે રે સાખ
વલી. । ૩ ।

નવ ચૌમાસી રે પ્રભુજીની જાણવી, એક કર્યો ખટ માસ;
પણ દિન ઉણોરે ખટ એક ધારિએ, બારે એકેક માસ. વલી.
। ૪ ।

બહોંતેર પાસખમણ જગ દીપતા, છ હોય માસી વખાણ;
ત્રણ અઢી માસી રે એ હોય હોય કરી, દો દોઢ માસી રે
જાણ. વલી. । ૬ ।

ભદ્ર મહાભદ્ર સર્વતો ભદ્ર એ, દો ચઉ દશ દિન હોય;
એહમા પારણું પ્રભુએ નવિ કર્યું, એમ સોલે દિન જોય.
વલી. । ૬ ।

ત્રણ ઉપવાસે રે પડિમા બારમી, કીધી બારજ વાર;
દોસો બેલા રે ઉપર જાણિયે, ઓગણત્રીસ ઉદાર વલી.
। ૭ ।

નિત્ય નિત્ય ભોજન વીરજીએ નવિ કર્યું,
નવિ કર્યો ચોથ આહાર;
થોડા તપ માંરે બેલા જાણિયે, તપ સઘલો ચોવિહાર.
વલી. । ૮ ।
દેવ મનુષ્ય તિરિયંચે જે કર્યા, પરીસહ સહયા અપાર;
બે ઘડી ઉપર નીંદ નવિ કરી, સાડા બાર વરસ મોઝાર।
વાલી । ૮ ।
ત્રણસો પારણ દિવસ વખાણિયે, ઉપર ઓગણપચાસ;
અનુક્રમે સ્વામી રે કેવલ પામીયા, થાપ્યું તીરથ સાર.
વલી. । ૧૦ ।

---

## ૮૦

## શ્રી મહાવીર સ્વામીના ૨૭ ભવનું સ્તવન

: દોહા :

શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય ॥ ૧ ॥
સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ॥ ૨ ॥
વીરજીનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત ॥ ૩ ॥

ઢાળ પહેલી

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;

કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજનવેળા થયા રે પ્રાણી!
ધરીયે સમકિત રંગ, જિમ પામીયે સુખ અભંગ રે
પ્રાણી! ધરીયે ॥ ૧ ॥
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દઈ ભોજન કરૂં રે, તો વાંચ્છિત ફળ હોય રે.
પ્રાણી. ॥ ૨ ॥
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઇહાંરે, મુનિ કહે સાર્થ વિયોગ રે.
પ્રાણી ॥ ૩ ॥
હરખભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાર્થ ભેળાં કરૂં આજ.
પ્રાણી. ॥ ૪ ॥
પગવટીયે ભેળાં કર્યાં રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભવ મારગ અપવર્ગ રે
પ્રાણી. ॥ ૫ ॥
દેવ ગુરૂ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે.
પ્રાણી ॥ ૬ ॥
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે.
પ્રાણી. ॥ ૭ ॥

નામે મરીચી યૌવને રે, સંયમ લીએ પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયા રે, ત્રિદંડિક શુભ વાસરે, પ્રાણી ૮

---

## ૮૧

### " ઢાળ બીજી "

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેષે. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડન ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે; સ્થૂલથી વ્રત ધરતો રંગે ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોરણે પૂછે નરેશ, કોઈ આગળ હોશે જિનેશ? ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઈવંત ગવાશો, હરી ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદુ ત્રિદંડિક વેશ, નમું ભક્તિએ વીર જિનેશ. ૬
એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે:
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ મ્હારૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિંહા બંધાણો. ૮

એક દિન તનુ રોગ વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળીયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દર્શિને ધર્મનો વ્હેમ, સુણી ચિંતે મરીચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરીચી કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા યૌવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગે સિધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખ માંહી ૧૩

---

૮૨

ઢાળ ત્રીજી

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ॥ ૧ ॥
કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડિક વેશ ધરાય.
॥ ૨ ॥
સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મુઓ
॥ ૩ ॥

મધ્ય સ્થિતિએ સુર સ્વર્ગ ઇશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂરવાપુરી, અગ્નિભૂતિ ત્રિદંડિક મરી. ॥ ૪ ॥

ત્રીજે સરગ મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી;
પુરવ લાખ ચુમ્માલીશ આય, ભારદ્વાજ ત્રિદંડિક થાય. ॥ ૫ ॥

તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પૂરવને આય. ॥ ૬ ॥

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ॥ ૭ ॥

સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણ ધરી દયા, મથુરામાં ગૌચરીયે ગયા. ॥ ૮ ॥

ગાયે હણ્યા મુનિ પડયા વશા, વિશાખાનંદી પિતરિયા હસ્યા;
ગોશૃંગે મુનિ ગર્વે કરી, ગગન ઉછાળી ધરતી ધરી. ॥ ૯ ॥

તપ બળથી હોજ્યો બળ ધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રીશુભ વીર સત્તર સાગરા. ॥ ૧૦ ॥

૮૩

॥ ઢાળ ચોથી ॥

અઢારમે ભવે સાત સુપન સૂચિત સતી,
પોતનપુરીએ પ્રજાપતિ–રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ટ–વાસુદેવ નિપન્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ॥ ૧ ॥
વીશમે ભવ થઇ સિંહ–ચોથી નરકે ગયા,
તિંહાથી ચવી સંસારે ભવ બહુલા થયા;
બાવીશમે નરભવ લહી પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજધાની મુકાએ સંચર્યા. ॥ ૨ ॥
રાય ધનંજય ધારણી રાણીએ જનમીયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવીયા;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ॥ ૩ ॥
મહાશુક્રે થઇ દેવ ઇણે ભરતે ચવી,
છત્રિકા નગરીએ જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ॥ ૪ ॥
અગિઆર લાખને એંશી હજાર છસેં વળી,
ઉપર પીસ્તાલીશ અધિક પણ દિન રૂળ

વીશ સ્થાનક માસખમણે જાવજજીવ સાધના,
તીર્થંકરનામકર્મ તિહાં નિકાચના. ॥ ૫ ॥
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવીશમે ભવ પ્રાણતકલ્પે દેવતા;
સાગર વીશનું જીવિત સુખભરે ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ॥ ૬ ॥

---

## ૮૪

### ॥ ઢાળ પાંચમી ॥

નયર મહાણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદ દ્વિજ શ્રાવિકારે, પેટ લીધો પ્રભુ વિસરામરે.
પેટ. ॥ ૧ ॥
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કુખે છટકાયા રે. ત્રિશલા.
॥ ૨ ॥
નવ માસાંતર જનમિયારે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. નામે.
॥ ૩ ॥
સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વરસે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવ વહુનું તિલક શિર દીધ
રે. શિવ. ॥ ૪ ॥

સંઘ ચતુર્વિધા થાપીયો રે, દેવાનંદા ઋષભદત્તા પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતી સૂત્રે અધિકાર રે.
ભ. ॥ ૫ ॥
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચૌદ સહસ અણગાર;
છત્રીશ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે.
બીજો. ॥ ૬ ॥
ત્રીશ વરશ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બ્હોંતેર વર્ષનું આઉખું રે, દીવાળીયે શિવપદ લીધ રે.
દીવા ॥ ૭ ॥
અગુરૂ લઘુ અવગાહને રે, કીયો સાદી અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ
રે. તન. ॥ ૮ ॥
તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તમારી આશ
રે. અમે. ॥ ૯ ॥
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહિબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે.
નવિ. ॥ ૧૦ ॥
મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભ વીર સદા સુખવાસ રે.
શુભ ॥ ૧૧ ॥

કળશ

ઓગણીશ એકે વરસ છે કે, પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો;

સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો;
શુભ વિજય પંડિત ચરણ સેવક, વીર વિજય જય-
કરો ॥ ૧ ॥

---

## ૮૫

### શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક સ્તવન

દુહા :— શાસન નાયક શિવકરણ વંદુ વીર જિણંદ;
પંચ કલ્યાણક તેહનાં ગાશું ધરી આણંદ.
॥ ૧ ॥

સુણતા થુણતાં પ્રભુ તણાં, ગુણ ગિરૂઆ એકતાર;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફળ હોય
અવતાર. ॥ ૨ ॥

॥ ઢાળ પહેલી ॥

સાંભળજો સસનેહી સયણા. પ્રભુજીના ચરિત્ર ઉલ્લાસે રે;
જે સાંભળશે પ્રભુ ગુણ તેહનાં, સમકિત નિર્મળ થાશે રે.
સાં॰ ॥ ૧ ॥
જંબૂદ્વીપે દક્ષિણ ભરતે, માહણકુંડ નામ ગ્રામે રે;
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે. સાં ॥ ૨ ॥
અષાઢ શુદિ છઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા રે;
ઉતરા ફાલ્ગુની જોગે પ્રભુ આવી, તસ કુખે અવતરિયા રે.
સાં. ॥ ૩ ॥

તેણી રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે રે;
પ્રભાતે સુણી કંત ઋષભદત્ત, હૈડા માંહિ હરખે રે.
સાં ॥ ૪ ॥
ભાખે ભોગ અરથ સુખ હોશે, હોશે પુત્ર સુજાણ રે;
તે નિસુણી સા દેવાનંદાએ, કીધું વચન પ્રમાણ રે. સાં.
॥ ૫ ॥
ભોગ ભલા ભોગવતી વિચરે, એહવે અચરિજ હોવે રે;
કાર્તિક જીવ સુરેશ્વર હરખે, અવધે પ્રભુજીને જોવે રે.
સાં. ॥ ૬ ॥
કરી વંદન ને ઇંદ્ર સન્મુખ, સાત આઠ ડગ આવે રે;
શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે.
સાં. ॥ ૭ ॥
સંશય પડિઓ એમ વિમાસે, જિન ચક્રી હરી રામ રે;
તુચ્છ દરિદ્ર માહણકુળ નાવે, ઉગ્ર ભોગ વિણ ધામ રે.
સાં. ॥ ૮ ॥
અંતિમ જિન માહણકુળ આવ્યા, એહ અછેરૂ કહીએ રે;
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહિએ.
સાં. ॥ ૯ ॥
ઇણ અવસર્પિણી દશ અછેરા, થયાં તે કહીએ તેહ રે;
ગર્ભ હરણ ગોશાળા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે.
સાં ॥ ૧૦ ॥
મૂળ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત રે;
એ શ્રી વીર જિનેશ્વર વારે, ઉપન્યા પંચ વિખ્યાત રે.
સાં. ॥ ૧૧ ॥

શ્રી તીરથ મલ્લિજિન વારે, શીતલ ને હરિવંશ રે;
ઋષભને અઠ્ઠોતેરસો સીધા, સુવિધિ અસંયતી શંશ રે;
સાં. ॥ ૧૨ ॥
શંખ શબ્દ મળીયા હરી હરીસ્યું, નેમીશ્વરને વારે રે;
તેમ પ્રભુ નીચ કુળે અવતરીયા સુરપતિ એમ વિચારે રે.
સાં. ॥ ૧૩ ॥

---

## ૮૬

### ॥ ઢાળ બીજી ॥

ભવ સત્તાવીશ સ્થૂળમાંહિ ત્રીજે ભવે,
મરીચી કીયો કુળ મદ ભરત યદા સ્તવે;
નીચ ગોત્ર કર્મ બાંધ્યું તિહાં તેહથી,
અવતરીયા માહણ કુળ અંતિમ જિનપતિ. ॥ ૧ ॥
અતિશે અઘટતું એહ થયું થાશે નહીં;
યોનિ પ્રસવે જિન ચક્રી નીચ કુળે નહિં;
એહ મારો આચાર ધરૂં ઉત્તમ કુળે,
હરીણગમેષી દેવ તેડાવ્યો તેટલે. ॥ ૨ ॥
કહે માહણકુંડ નયરે જઈ ઉચિત કરો,
દેવાનંદાની કુખેથી પ્રભુજીને સંહરો;
નયર ક્ષત્રીયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા રાણી ધરો પ્રભુ કુખે તેહની. ॥ ૩ ॥

ત્રિશલા ગર્ભ લઈને ધરે માહિણી ઉરે,
બ્યાશી રાત વ્યતીત કહ્યું તેમ સુર કરે;
માહિણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યાં,
ત્રિશલા સુપન લહે તિહાં ચૌદ અલંકર્યાં. ॥ ૪ ॥

હાથી વૃષભ સિંહ લક્ષ્મી માળા સુંદરૂં,
શશી રવી ધ્વજ કુંભ પદ્મસરોવર સાગરૂં;
દેવ વિમાન રયણપુંજ અગ્નિ વિમળ હવે,
દેખે ત્રિશલા માતા કે પીયુને વિનવે. ॥ ૫ ॥

હરખ્યો રાય કે સુપન પાઠક તેડાવીયા,
રાજ ભોગ સુત ફળ સુણી તેણે વધાવીયા;
ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભ સુખે વહે,
માયતણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે. ॥ ૬ ॥

માય ધરે દુઃખ જોર વિલાપ ઘણા કરે,
કહે મેં કીધા પાપ અઘોર ભવાંતરે;
ગર્ભ હર્યો મુજ કેણે હવે કેમ પામીએ ?
દુઃખનું કારણ જાણ્યું વિચાર્યું સ્વામીએ. ॥ ૭ ॥

અહો અહો મોહવિટંબણ જાલિમ જગતમેં,
અણદીઠે દુઃખ એવડું પાયું પલકમે;
તામ અભિગ્રહ કીધો પ્રભુજીએ તે કહું,
માતા પિતા જીવંતા હું સંયમ નવિ ગ્રહું ॥ ૮ ॥

કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ,
બોલે ત્રિશલામાત હૃયા ઘણું હિંસતી;
અહો મુજ જાગ્યા ભાગ્ય ગર્ભ મુજ સળવળ્યો,
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરૂતરૂ જેમ ફળ્યો ॥ ૯ ॥
સખીયો કહે રે શીખામણ સ્વામિની સાંભળો,
હળવે હળવે બોલો હસો ખેલો ચલો;
ઈમ આનંદે વિચરતા દોહલા પુરતે,
નવ મહિના ને સાડા સાત દિવસે થતે. ॥ ૧૧ ॥
ચૈત્ર તણી શુંદિ તેરશ નક્ષત્ર ઉત્તરા,
જોગે જનમ્યા વીર સુહંકર સુંદરા;
ત્રિભુવન થયો રે ઉદ્યોત કે હરખ વધામણાં,
સોના રૂપાને ફુલે વધાવે સુર ઘણાં. ॥ ૧૧ ॥
આવી છપ્પન કુમારિકા પ્રભુ ઓચ્છવ કરે,
ચલ્યું રે સિંહાસન ઈંદ્ર કે ઘંટા રણઝણે;
મળી સુરની કોડ કે સુરવર આવીયા,
પંચ રૂપ કરી પ્રભુજી સુરગિરિ લાવીયા. ॥ ૧૨ ॥
એક ક્રોડ સાઠ લાખ કળશ જળશું ભર્યાં,
કેમ સહેશે લઘુ વીર? કે ઇંદ્ર સંશય ધર્યાં;
પ્રભુ અંગુઠે ચાંપ્યો મેરૂ અતિ થડથડયો,
ગડગડયો પૃથ્વી લોક જગત જન લડથડયો. ॥ ૧૩ ॥

અનંત બળી પ્રભુ જાણીને ઈંદ્ર ખમાવીઆ,
ચાર વૃષભના રૂપ કરી જળ નામીઆ;
પુજી અર્ચી પ્રભુજીને માય પાસે ધરે,
ઠવી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે. ॥ ૧૪ ॥

---

૮૭

॥ ઢાળ ત્રીજી ॥

કુરી મહોત્સવ સિદ્ધારથ નૃપતિ, નામ ધરે વર્ધમાન;
દિન દિન વાધે પ્રભુ સુરતરૂ જેમ, રૂપ કળા અસમાન
રે. હમચડી. ॥ ૧ ॥
એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે;
ઈંદ્રમુખે પ્રશંસા સુણીને, મિથ્યાત્વી સુર આવે રે.
હમ. ॥ ૨ ॥
અહિ રૂપે વિટાણો તરૂશ્યું, પ્રભુજીએ નાખ્યો ઉછાળી;
સાત તાડનું રૂપ કર્યું તબ, મુષ્ઠે નાખ્યો વાળી રે.
હમ. ॥ ૩ ॥
પાય લાગીને તે સુર ખમીયો, નામ ધરે મહાવીર;
જેવા ઈંદ્રે વખાણ્યા સ્વામી, તેવા સાહસ ધીર રે.
હમ. ॥ ૪ ॥
માતા પિતા નિશાળે મૂકે, આઠ વરસના જાણી;
ઇંદ્ર તણાં તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી
રે. હમ. ॥ ૫ ॥

અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી;
અઠાવીશ વરસે પ્રભુજીના, માતપિતા નિરવાણી રે.
હમ ॥ ૬ ॥

દોય વરસ ભાઇના આગ્રહે, પ્રભુ ઘરવાસો વસીયા;
ધર્મપંથ દેખાડો એમ કહી, લોકાંતિક ઉલ્લસીયા રે.
હમ. ॥ ૭ ॥

એક ક્રોડ આઠ લાખ સોનૈયા, દિન પ્રત્યે પ્રભુજી આપે;
એમ સંવત્સરી દાન દઇને, જગના દરિદ્ર કાપે રે.
હમ. ॥ ૮ ॥

છંડી રાજ્ય અંતેઉર પ્રભુજી. ભાઈએ અનુમતિ દીધી;
માગશર વદી દશમી ઉત્તરાએ, વીરે દીક્ષા લીધી રે.
હમ. ॥ ૯ ॥

ચઉનાણી તે દિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરે,
ચીવર ધરી બ્રાહ્મણને આપ્યું, ખંડ ખંડ દોય ફેરે રે.
હમ. ॥ ૧૦ ॥

ઘોર પરિસહ સાડા બારે વરસે જે જે સહિયા;
ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાયે કહીયા રે.
હમ. ॥ ૧૧ ॥

શૂલપાણી ને સંગમદેવે ચંડકોસી ગોશાળે;
દીધા દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાળે રે.
હમ. ॥ ૧૨ ॥

કાને ગોપે ખીલા નાંખ્યા, કાઢતા મુકી રાટી;
જે સાંભળતાં ત્રિભુવન કંપ્યા, પર્વત શિલા ફાટી રે.
હેમ. ॥ ૧૩ ॥

તે તે દુષ્ટ સહુ ઉદ્ધરીયા, પ્રભુજી પર ઉપગારી;
અડદ તણાં બાકુળા લઈને, ચંદનબાળા તારી રે. હેમ.
॥ ૧૪ ॥

હોય છ માસી નવ ચઉમાસી, અઢી માસી ત્રણ માસી;
દોઢ માસી તો બબ્બે કીધાં, છ કીધા બે માસી રે.
હેમ ॥ ૧૫ ॥

બાર માસને પક્ષ બહોંતેર, છઠ બસે ઓગણત્રીસ વખાણું;
બાર અઠ્ઠમ ભદ્રાદિ પડિમા, દિન હોઇ ચાર દશ જાણું
રે. હેમ. ॥ ૧૬ ॥

એમ તપ કીધા બારે વરસે. વીણ પાણી ઉલ્લાસ;
તેમાં પારણા પ્રભુજીએ કીધાં, ત્રણસે ઓગણ પચાસ રે.
હેમ. ॥ ૧૭ ॥

કર્મ ખપાવી વૈશાખ માસે, શુદિ દશમી શુભ જાણ;
ઉત્તરા જોગે શાલીવૃક્ષ તળે, પામ્યા કેવળ નાણ રે.
હેમ ॥ ૧૮ ॥

ઇન્દ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી;
સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે.
હેમ. ॥ ૧૯ ॥

ચાઉદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીશ કહીજે;
એક લાખ ને સહસ ઓગણ સાઠ, શ્રાવક શુદ્ધ લહીજે
રે. હમ ॥ ૨૦ ॥
ત્રણ લખને સહસ અઢાર વળી, શ્રાવિકા સંખ્યા જાણી;
ત્રણસે ચઉદસ પૂરવધારી, તેરશે ઓહીનાણી રે.
હમ. ॥ ૨૧ ॥
સાત સયા તે કેવલનાણી, લબ્ધિધારી પણ તેતા;
વિપુલમતિ પાંચસે કહીજે, ચારશે વાદી જેતારે. હમ.
॥ ૨૨ ॥
સાતસે અંતેવાસી સિધ્યા, સાધવી ચઉદસે સાર;
દીન દીન દીપે તેજ સવાયે, પ્રભુજીનો પરિવાર રે.
હમ. ॥ ૨૩ ॥
ત્રીશ વરશ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થ;
ત્રીશ વરશ કેવળ બેંતાલીસ, વરસ તે શ્રમણા મધ્યરે.
હમ. ॥ ૨૪ ॥
વરસ બહોંતેર કેરું આયુ, વીર જિણંદનું જાણો;
દિવાળી દિન સ્વાત્તિ નક્ષત્રે, પ્રભુજીનું નિરવાણ રે.
હમ. ॥ ૨૫ ॥
પંચ કલ્યાણ એમ વખાણ્યાં, પ્રભુજીના ઉલ્લાસે;
સંઘ તણાં અગ્રહે એમ હર્ષભર, સુરત રહી ચોમાસે
રે. હમ. ॥ ૨૬ ॥

કળશ

ઈમ ચરમ જિનવર, સયલ સુખકર થુણ્યો અતિ ઉલટ ધરી;
અષાઢ ઉજવલ પંચમી દિન, સંવત સત્તર ત્રીહોતરે;
ભાદ્રવા શુદિ પડવા તણે દિન, રવિવારે ઉલટ ભરો;
વિમલવિજય ઉવઝાય પદકજ, ભ્રમર સમ શુભ શિષ્ય એ;
રામ વિજય જિન વીર નામે, લહે અધિક જગીસ એ
॥ ૧ ॥

---

## ૮૮

## શ્રી મહાવીર સ્વામીના પાંચ કલ્યાણનું દશ ઢાળીયું સ્તવન

॥ ઢાળ ૧ લી ॥

સરસ્વતી ભગવતી દીયો મતિ ચંગી, સરસ સુરંગી વાણ;
તુજ પસાય માય ચિત્ત ધરી હું, જિનગુણ રયણની ખાણ;
ગિરૂઆ ગુણ વીરજી, ગાઈશું ત્રિભુવન રાય;
જસ નામે ઘર મંગળમાળા, તસ ઘર બહુ સુખ થાય
ગિ. ॥ ૧ ॥

જંબુદ્વીપ ભરત ક્ષેત્ર માંહે, નયર માહણ કુંડ ગ્રામ;
ઋષભદત્ત વર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા
નામ, ગિ. ॥ ૩ ॥

સુર વિમાન વર પુષ્પોત્તરથી, ચવી પ્રભુ લીયે અવતાર;
તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર.
ગિ. ॥ ૩ ॥

ધુર મયગલ મલપંતો દેખે, બીજે વૃષભ વિશાળ;
ત્રીજે કેસરી ચોથે લક્ષ્મી, પાંચમે કુસુમની માળ
ગિ. ॥ ૪ ॥
ચંદ્ર સુરજ ધ્વજ કળશ પઉમસર, દેખે દેવ વિમાન;
રયણરેલ રયણાયર રાજે, ચૌદમે અગ્નિ પ્રધાન
ગિ. ॥ ૫ ॥
આનંદભર તવ જાગી સુંદરી, કંતને કહે પ્રભાત;
સુણી વિપ્ર કહે તુજ સુત હોશે, ત્રિભુવન માંહે વિખ્યાત
ગિ. ॥ ૬ ॥
અતિ અભિમાન કીયો મરીચી ભવે, ભવિ જુઓ કર્મ વિચાર;
તાત સુતા વર તિહાં થયા કુંવર, વળી નીચ કુળે અવતાર.
ગિ. ॥ ૭ ॥
ઇણ અવસર ઇંદ્રાસન ડોલે, નાણે કરી હરી જોય;
માહણી કુખે જગગુરૂ પેખી, નમી કહે અઘટતું હોય.
ગિ. ॥ ૮ ॥
તત્ક્ષણ હરિણ ગમેષી તેડાવી, મોકલિયો તેણે ઠાય;
માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહુ બદલી સુર જાય.
ગિ. ॥ ૯ ॥
વળી નિશિભર તે દેવાનંદા, સુપન લહે અસાર;
જાણે એ સુપન ત્રિશલા કર ચઢિયાં; જઈ કહે નિજ
ભરતાર. ગિ. ॥ ૧૦ ॥

કંત કહે તું દુઃખ હર સુંદરી, મુજ મન અચરિજ એહ;
મરૂથલ માંહિ કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટળ્યો
તેહ. ગિ. ॥ ૧૧ ॥

---

૮૯

॥ ઢાળ બીજી ॥

નયર ક્ષત્રિયકુંડ નરપતિ, સિદ્ધારથ ભલો એ;
આણ ન ખંડે તસ કોઇ જગ જસ નિરમલો એ. ૧
તસ પટરાણી ત્રિશલા સતી, કુખે જગપતિ એ;
પરમ હર્ષ હૈડે ધરી ઠવિયા સુરપતિ એ. ૨
સુખ શય્યાએ પોઢી દેવી, તો ચૌદ સુપન લહે એ;
જાગતી જિન ગુણ ગાવતી, હરખતી ગહગહે એ. ૩
રાજ હંસ ગતિ ચાલતી, પિયુ કને આવતી એ;
પ્રહ ઉગમતે સુર કે, વિનવે નિજ પતિ એ. ૪
વાત સુણી રાય રંજિયા, પંડિત તેડીયા એ;
તેણે સમે સુપન વિચારવા, પુસ્તક છોડીયાં એ. ૫
બોલે મધુરી વાણ કે, ગુણનિધિ સુત હોશે એ;
સુખ સંપત્તિ ઘર વાધશે, સંકટ ભાંજશે એ ૬
પંડિતને રાય તુઠિયા, લચ્છી દીયે ઘણી એ;
કહે એ વાણી સફળ હોજો, અમને તુમ તણી એ ૭
નિજ પદ પંડિત સંચર્યા, રાય સુખે રહે એ;

હેની ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહે એ. ૮
માત ભકિત જિનપતિ કરે, ગર્ભ હાલે નહીં એ;
સાત માસ વાડા વોલીયા, માય ચિંતા લહી એ. ૯
સહીયરને કહે સાંભળો, કોણે મારો ગર્ભ હર્યો એ;
હું ભોળી જાણું નહીં, ફોગટ પ્રગટ કર્યો એ. ૧૦
સખી કહે અરિહંત સમરતા, દુઃખ દોહગ ટળે એ;
તવ જિન જ્ઞાન પ્રયુંજીયો, ગર્ભથી સળસળે એ. ૧૧
માત પિતા પરિવારનું, દુઃખ નિવારીયું એ;
સંયમ ન લેઉં માય તાય છતાં, જિન નિરધારિયું એ. ૧૨
અણ દીઠે મોહ એવડો, તે કેમ વિછુઓ ખમે એ;
નવ માસ વળી ઉપરે, દિન સાડા સાતમે એ ૧૩
ચૈતર શુદિ દિન તેરસે, શ્રી જિન જનમીઆ એ;
સિદ્ધારથ ભૂપતિ ભલા, ઓચ્છવ માંડિયા એ. ૧૪

## વસ્તુ

પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો, જગત શણગાર;
શ્રી સિદ્ધારથ નૃપ કુલ તિલો, કુળમંડન કુળ તણો દીવો;
શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિશલાદેવી સુત ચિરંજીવો;
એમ આશીષ દીયે ભલી, આવી છપ્પન કુમારી;
સૂતિકર્મ કરે તે સહી, સોહે જીસી હરિની નારી. ૧.

૯૦

॥ ઢાળ ત્રીજી ॥

ચળ્યું રે સિંહાસન ઇંદ્ર, જ્ઞાને નિરખતાં એ;
જાણી જન્મ જિણંદ, ઇંદ્ર તવ હરખતા એ ૧
આસનથી રે ઉઠેવ, ભકિત હૃદયે ધણીએ;
વાજે સુઘોષા ઘંટ, સઘળે રણઝણે એ. ॥ ૨ ॥
ઇંદ્ર ભુવનપતિ વીશ, વ્યંતર તણાએ;
બત્રીશ રવિ શશી દોય, દશ હરિ કલ્પનાએ. ॥ ૩ ॥
ચોસઠ ઇંદ્ર મિલેય, પ્રણમી કહે એ;
રત્નગર્ભા જિન માત, દુજી એસી નહીંએ ॥ ૪ ॥
જન્મ મહોત્સવ કરે દેવ, સરવે આવીયા એ;
માયને દેઈ નિદ્રા મંત્ર, સુત લેઈ મેરૂ ગયાએ. ॥ ૫ ॥
કંચન મણિ ભુંગાર, ગંધોદકે ભરે એ;
કેમ સહેશે લઘુ વીર, હરિ શંકા ધરે એ. ॥ ૬ ॥
વહેશે નીર પ્રવાહ, કિમ તે નામીયેં એ;
ન કરે ન્હવણ સનાત્ર, જાણ્યું સ્વામીયે એ. ॥ ૭ ॥
ચરણ અંગુઠે મેરૂ, ચાંપ્યો નાચીયો એ;
મુજ શિર પગ ભગવંત, એમ કહી માચિયો. ॥ ૮ ॥
ઉલટયા સાયર સાત, સરવે જલ હલ્યા એ;
પાતાલે નાગેન્દ્ર, સઘળા સળ સલ્યા એ. ॥ ૯ ॥
ગિરિવર ત્રુટે ટુંક, ગડ ગડી પડયા એ;

ત્રણ ભુવનનાં લોક, કંપિત લડથડયા એ. ॥ ૧૦ ॥
અનંત બળ અરિહંત, સુરપતિ કહે એ;
મુઝ મન મુરખ મૂઢ, એટલું નવિ લહે એ. ॥ ૧૧ ॥
પ્રદક્ષિણા દેઈ ખામેય, મહોત્સવ કરે એ;
નાચે સુર ગાયે ગીત, પુણ્ય પોતે ભરે એ. ॥ ૧૨ ॥
એણે સમે સ્વર્ગની લીલ, તૃણ સમ ગણે એ;
જિન મુકી માય ને પાસ, પદ ગયા આપણે એ. ॥૧૩॥
માય જાગી જુવે પુત્ર, સુરવરે પૂજિયો એ;
કુંડલ દોય દેવદુષ્ય, અમિય અંગુઠે દીયો એ. ॥૧૪॥
જન્મ મહોત્સવ કરે તાત, ઋદ્ધિએ વાધીયો એ;
સ્વજન સંતોષી નામ, વર્ધમાન થાપીયો એ. ॥૧૫॥

---

## ૯૧

### ॥ ઢાળ ૪થી ॥

પ્રભુ કલ્પતરૂ સમ વાધે, ગુણમહિમા પાર ન લાધે;
રૂપે અદ્‌ભુત અનુપમ અકલ, અંગે લક્ષણ વિદ્યા સકલ ૧
મુખ ચંદ કમલ દલ નયણા, શ્વાસ સુરભિગંધ મીઠાં વયણાં;
હેમ વર્ણ તનુ સોહાવે, અતિ નિર્મળ નીરે નવરાવે. ૨
તપ તેજે સૂરજ સોહે, જોતાં સુર નરનાં મન મોહે;
રમે રાજકુંવરશ્યું વનમાં, માય તાતને આનંદ મનમાં ૩
પ્રભુ અતુલ મહાબળ ધીર, ઇંદ્ર સભામાં કહે જિન વીર;
એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને રમવાને ૪

સુર અહિ થઈ આમળો રાખે, પ્રભુ હાથે ઝાલી દુર નાખે;
વળી બાળક થઈ આવી રમીયો, હારી વીરને ખાંધે લેઈ
ગમીયો ૫

માય તાય દુઃખ ધરી કહે મિત્રો, વર્ધમાનને લઈ ગયો શત્રુ;
જોતાં સુર વાધે ગગને મિથ્યાત્વી, વીરે મુઠે હણ્યો પડયો
ધરતી ૬

પાય નમી નામ દીધું મહાવીર, જેવો ઇંદ્રે કહયો તેવો ધીર;
સુર વળીયો ને પ્રભુ આવ્યા રંગે, માય તાય ને ઉલટ
અંગે. ૭

વસ્તુ

રાય ઓચ્છવ રાય ઓચ્છવ, કરે મન રંગ,
લેખનશાળા સુત હવે; વીર જ્ઞાન રાજા ન જાણે;
તવ સૌધર્મ ઈંદ આવી કરી, પૂછે ગ્રંથ સ્વામી વખાણે;
જૈન વ્યાકરણ તિહાં કીયો, આણંદે સુરરાય;
વચન વદે પ્રભુ ભારતી, પંડયો વિસ્મય થાય. ॥૧॥

---

૯૨

॥ ઢાળ ૫ મી ॥

યૌવન વય જબ આવિયા એ,
રાયે કન્યા યશોદા પરણાવીયા એ;
વિવાહ મહોત્સવ શુભ કીયા એ,
સવિ સુખ સંસારનાં વિલસીયા એ. ॥૧॥

અનુક્રમે હુઇ એક કુંવરીએ,
ત્રીશ વર્ષ જિનરાજ લીલા કરીએ;
માત પિતા સદ્દગતિ ગયા એ,
પછી વીર વૈરાગે પૂરિયા એ. ॥૨॥
મયણરાય મનશું જીતિયો એ,
વીરે અથિર સંસાર મન ચીંતિયો એ;
રાજ રમણી રૃદ્ધિ પરિહરી એ,
કહે કુટુંબને લેશું સંયમસિરી એ. ॥૩॥

---

૯૩

॥ ઢાળ છઠી ॥

પિતરીયો સુપાસરે, ભાઈ નંદિવર્ધન ।
કહે વત્સ એમ ન કીજિયે એ. ॥૧॥
આગે માય તાય વિછોહુ રે, તું વળી વ્રત લીયે ।
ચાંદે ખાર ન દીજીયે એ. ॥૨॥
નીર વિના જેમ મચ્છ રે, વીર વિના તેમ ।
ટળવળતું સહુ એમ કહે એ. ॥૩॥
કૃપાવંત ભગવંત રે, નેહ વિના વળી,
વરસ બે ઝાઝેરા રહયા એ. ॥૪॥
ફાસુ લીએ અન્નપાન રે, પર ઘર નવી જમે ।
ચિત્ત ચારિત્ર ભાવે રમે એ. ॥૫॥

ન કરે રાજની ચિંત રે, સુર લોકાંતિક ।
આવિ કહે સંયમ સમે એ. ॥૬॥
બુઝ બુઝ ભગવંત રે, છોડ વિષય સુખ ।
એ સંસાર વધારણો એ. ॥૭॥

---

૯૪

॥ ઢાળ ૭ મી ॥

આલે આલે ત્રિશલાનો કુંવર, રાજા સિદ્ધારથનો નંદન,
દાન સંવત્સરી એ;
એક કોડી આઠ લાખ દિન પ્રતે એ, કનક રયણ રૂપા મોતી તો,
મુઠી ભરી ભરીએ. ॥૧॥

ધણ કણ ગજ રથ ઘોડલા એ, ગામ નયર પુર દેશ તો,
મન વંછિત વળી એ, નિર્ધનને ધનવંત કર્યા એ,
તસ ઘર ઓળખે ન નારતો, સમ કરે વળી વળી એ ॥૨॥

દુઃખ દારિદ્ર હરે જગતના એ, મેઘ પરે વરસી દાન તો,
પૃથ્વી અરૂણ કરીએ; બહુ નર નારી ઓચ્છવ જુએ એ,
સુર નર કરે મંડાણ તો, જિન દીક્ષા વરીએ. ॥૩॥

વિહાર ક્રમ જગગુરૂ કીઓ એ, કેડે આવ્યો માહણ મિત્ર તો,
નારી સંતાપીઓ એ; જિન ! યાચક હું વિસર્યો એ,
પ્રભુ ખંધ થકી દેવદુષ્ય તો, ખંડ કરી દીઓ એ. ॥૪॥

૯૫

॥ ઢાળ ૮ મી ॥

જસ ઘરે હોય પ્રભુ પારણું,
સુર તિહાં કંચન વરસે અતિ ઘણું,
આંગણું દીપે તેજે તેહ તણું એ, દેવ દુંદુભી વાજે એ,
તેણે નાદે અંબર ગાજે એ,
છાજે એ, ત્રિભુવન માંહે સોહામણું એ. ॥ ૧ ॥

ત્રુટક

સોહામણું પ્રભુ તપ તપે બહુ, દેશ વિદેશે વિચરતાં,
ભવિ જીવને ઉપદેશ દેતાં, સાતે ઇતિ સમાવતાં,
ષટ માસ વન કાઉસગ્ગ રહી. જિન કર્મ કઠિન દહે સહી,
ગોવાળ જાયે ગૌ ભળાવી, વીર મુખે બોલે નહીં ॥ ૨ ॥

ઢાળ

ગૌ સવિ દશ દિશે ગયા, તેણે આવી કહ્યું મુનિ કિંહા ગયા,
ઋષિરાયા ઉપર મુરખ કોપીયાએ,
ચરણ ઉપર રાંધી ખીર, તેણે ઉપસર્ગે ન ચળ્યા ધીર,
મહાવીર, શ્રવણે ખીલા ઠોકીયા એ. ॥ ૩ ॥

ત્રુટક

ઠોકીયા ખીલા દુઃખે પીલ્યા, કો ન લહે તેમ કરી ગયા,
જિનરાજને મન શત્રુ મિત્ર સરિખા, મેરૂ પરે ધ્યાને રહયા,
ઉન્હી વરસે મેઘ બારે, વીજળી ઝબુકે ઘણી,
બેઉ ચરણ ઉપર ડાભ ઉગ્યા, એમ સહે ત્રિભુવન ધણી ॥૪॥

ઢાળ

એક દિન ધ્યાન પુરૂં કરી, પ્રભુ નયરીએ પહોંચ્યા ગૌચરી,
તિહાં ગૈધે, શ્રવણે ખીલા જાણીયા એ,
પારણું કરી કાઉસગ્ગ રહયા, તિંહા ગૈદો સંચ ભેળા કીયા,
બાંધીયા વૃક્ષે દોર ખીલા તાણીયા એ. ॥ ૫ ॥

ત્રુટક

તાણી કાઢયાં દોય ખીલા, વીર વેદના થઈ ઘણી,
આક્રંદતાં ગિરિ થયો શતખંડ, જૂઓ ગતિ કરમ તણી;
બાંધે રે જીવડો કર્મ હસતાં, સેવતાં છુટે નહીં,
ધન્ય ધન્ય મુનિવર રહે સમચિત્ત, કર્મ એમ ત્રુટે સહી.॥૬॥

---

૯૬

॥ ઢાળ ૯ મી ॥

જુઓ જુઓ કર્મે શું કીધું રે, અન્ન વર્ષ રૂષભે ન લીધું રે;
કર્મ વશે ન કરો કોઈ ખેદ રે, મલ્લિનાથ પામ્યા
સ્ત્રીવેદ રે. ॥ ૧ ॥

કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરકે રે પડીયો રે;
ભરત બાહુબળશ્યું લડિયો રે, ચક્રી હાર્યો જસ
ચડીયો રે. ॥ ૨॥

સનતકુમારે સહયા રોગ રે, નળ દમયંતી વિયોગ રે;
વાસુદેવ જરા કુંવરે માર્યો રે, બળદેવ મોહનીયે ધાર્યો રે.
॥ ૩ ॥

ભાઈ શબ મસ્તકે વહીયો રે, પ્રતિબોધ સુર મુખે લહીયો રે;
શ્રેણિક નરકે પહુત્તા રે, વન ગયા દશરથ પુત્ર રે ॥૪॥
સત્યવંત હરિશ્ચંદ્ર ધીર રે, ડુંબ ઘર શિર વહ્યું નીર રે;
કુબેરદત્તને કુયોગ રે, બેન વળી માતાશું ભોગ રે. ॥૫॥
પર હસ્તે ચંદનબાળા રે, ચઢ્યું સુભદ્રાને આળ રે;
મયણરેખા મૃગાંકલેખા રે, દુઃખ ભોગવ્યા તે અનેકા રે. ॥૬॥
કરમે ચંદ્ર કલંકયો રે, રાય રંક કોઈ ન મૂકયો રે,
ઇંદ્ર અહલ્યાશું લુબ્ધો રે, રત્નાદેવી ઈશ વશ કીધો રે.
॥ ૭ ॥
ઈશ્વર નારીએ નચાવ્યો રે, બ્રહ્મા ધ્યાનથી ચૂકાવ્યો રે;
અહો અહો કર્મ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્ધમાન રે.
॥ ૮ ॥

---

૯૭

॥ ઢાળ ૧૦ મી ॥

એમ કર્મ ખપાવી, ધીર પુરૂષ મહાવીર;
બાર વરસ તપ્યા તપ, તે સઘળાં વિણ નીર. ॥૧॥
શાલિવૃક્ષ તળે પ્રભુ, પામ્યા કેવળ નાણ;
સમોસરણ રચે સુર, દેશના દીયે જિનભાણ. ॥૨॥
અપાપા નયરી, યજ્ઞ કરે વિપ્ર જેહ;
બુઝવી દીક્ષા દીયે, વીરને વંદે તેહ. ॥૩॥

ગૌતમ ઋષિ આદે, ચારસેં ચાર હજાર;
સહસ ચૌદ મુનીશ્વર, ગણધર વર અગ્યાર. ॥૪॥
ચંદનબાળા પ્રમુખ, સાધવી સહસ છત્રીશ;
દોઢ લાખ સહસ નવ, શ્રાવક દે આશીષ. ॥૫॥
ત્રણ લાખ શ્રાવિકા, ઉપર સહસ અઢાર;
સંઘ ચતુર્વિધ સ્થાપ્યો, ધન ધન જિન પરિવાર. ॥૬॥
પ્રભુ અશોક તરૂ તળે, ત્રિગડે કરે વખાણ;
સુણે બારે પરખદા, યોજન વાણી પ્રમાણ. ॥૭॥
ત્રણ છત્ર સોહે શિર, ચામર ઢાળે ઇંદ્રિ;
નાટક બદ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ. ॥૮॥
ફુલ પગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ;
નમે સકળ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ. ॥૯॥
ચિંહ્ન રૂપે સોહે, ધર્મ પ્રકાશે ચાર;
ચોવીશમો જિનવર, આપે ભવનો પાર. ॥૧૦॥
પ્રભુ વરસ બહોંતેર, પાળી નિર્મળ આય;
ત્રિભુવન ઉપગારી, તરણ તારણ જિનરાય. ॥૧૧॥
અમાવાસ્યા કાર્તિક, દીવાળી નિરવાણ;
પ્રભુ મુગતે પહોંચ્યાં, પામે નિત્ય કલ્યાણ. ॥૧૨॥

કળશ

એમ વીર જિનવર સયલ સુખકર, નામે નવનિધિ સંપજે,
ઘર ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એક મને જે નર ભજે;

તપગચ્છ ઠાકુર ગુણ ગૈરાગર, હીર વિજય સૂરીશ્વરૂ,
હંસરાજ વંદે મન આણ દે, કહે ધન્ય એ મુજ ગુરૂ. ॥૧॥

## ૯૮

વીર જિનેશ્વર સાહિબા, શાસનપતિ શિરતાજ;
સિદ્ધારથ કુળ દિનમણિ, તારણ તરણ જહાજ—વીર. ॥૧॥
ત્રિગડે બેસીને દેશના, દેતા જગ ઉપકાર;
ભવિક કમળ વિકસાવતા, આતમ ધર્મ દાતાર—વીર. ॥૨॥
કેવળજ્ઞાન ગુણે ભર્યા, કેવળ દર્શન વંત;
ક્ષાયિક ચારિત્ર અનુભવે, કીધો ભવનો રે અંત—વીર. ॥૩॥
અનંત ગુણ મણિ આગરું, કરુણા રસના ભંડાર;
ચઉગતિનાં દુઃખ વામીયા, જગ જંતુ હિતકાર—વીર. ॥૪॥
ત્રિકરણ શુધ્ધે રે તાહરૂં, ધ્યાન ધરૂં મહારાજ;
ભોળે ભાવે ભકિત કરૂં, સાધું વાંછિત કાજ—વીર. ॥૫॥
જગ ચિંતામણિ સારિખા, જગ વલ્લભ જગનાથ;
જિન ઉત્તમ પદ સેવતાં, રતન થાયે સનાથ—વીર. ॥૬॥

## ૯૯

ત્રિશલાનંદન ચંદન શીત, દર્શન અનુભવ કરીએ નિત્ય,
સાહિબ સેવિએ;
તુમ દર્શનથી અળગા જેહ, વળગ્યા કર્મપિશાચને તેહ.
સા. ॥ ૧ ॥

હું પણ ભમિયો આ સંસાર, દર્શન દીઠા વિણ નિરધાર; સા.
અબ તુમ દરિશન દીઠું રત્ન, નિજ ઘરમાં રહી કરશું યત્ન.
સા. ॥ ૨ ॥
દરિશણથી જો દરિશણ થાય, તે આનંદ તો જગત ન માય; સા.
ભવ ભ્રમણાદિક દુરે જાય, ભવસ્થિતિ ચિંતન અલ્પ ઠરાય.
સા. ॥ ૩ ॥
તસ લક્ષણ પ્રગટે ઘરમાંહિ, ત્રૈશાલિક પ્રભુ તુઠો ઉચ્છાહિ; સા.
અમૃત લેશ લહ્યું એકવાર, રોગ નહિ ફરી અંગ મોઝાર.
સા. ॥ ૪ ॥
દરિશન દરિશન હોવે તાસ, સંવેદન દરિશનનો નાશ; સા.
પણ જો જાય પલાંડુ પાસ, તો મહુમહકે વાસ બરાસ.
સા. ॥ ૫ ॥
દેવ કુદેવની સેવ કરંત, ન લહ્યું દરિશન શ્રી ભગવંત; સા.
એક ચિત્ત નહિ એકની આશ, પગ પગ તે દુનિયાનાં દાસ.
સા ॥ ૬ ॥
વેશ્યઘાટ પરે ક્ષીણ કોઇ ઘાટ, તસ મુખ દરિશન દૂરે દાટ; સા.
લોક કહે ધિક ચિત્ત ઉચાટ, ઘર ઘર ભટકે જે બારે વાટ.
સા. ॥ ૭ ॥
તિણ વિધ ભમીઓ કાળ અનંત, મળીયા કળીયા નવિ અરિહંત; સા.
તે દિન તો દરિશન પ્રતિપક્ષ, હવે દરિશન ફળશે પ્રત્યક્ષ.
સા. ॥ ૮ ॥

પ્રીતિ ભક્તિ એ ચોળનો રંગ, ગુણ દરિશણે ગયો રંગ
પતંગ; સા.
અણમિલવે હુવે મન ઉત્કંઠ, મિલવે દુઃખ કરે વિરહે ઉલ્લંઠ.
સા. ॥ ૯ ॥
અનુભવ દરિશણે બિહુ દુઃખ નાશ,
રાત્રિ દિવસ રહો હિયડા પાસ; સા.
ક્ષય ઉપશમ ગુણ ક્ષાયિક દાય,
ગર્ભવતી પ્રિયા પુત્ર જણાય. સા. ॥ ૧૦ ॥
રંગ મહેલમાં ઓચ્છવ થાય,
મોહ કુટુંબ તે રોતું જાય; સા.
શ્રી શુભવિજય સુણો જગદીશ,
વીર કહે પછે દેજો આશિષ. સા. ॥ ૧૧ ॥

---

૧૦૦

અનિ હારે પુરણ મનોરથ પુત્રની રે, તેજ કાંતિ કહી નવિજાય.
જ્યોતિ જગે જિન ચંદની રે;
અનિહારે ભૂતલ રત્ન રવિ અથમે રે,
ચિંતામણિ સ્વર્ગ સિધાય. જ્યો. ॥૧॥
અનિહારે જન્મની વેળાએ વેગળો રે,
તેજે તરણિ હાર્યો જાય; જ્યો.
અનિહારે રાત્રે જન્મ ઝરે અમૃત ચંદ્રમા રે,
પ્રભુ શીતલ દર્શન થાય. જ્યો. ॥૨॥

અનિહારે માજી તમારો સુત લાડકો રે,
મુખ દેખી મોહ્યું મન; જયો.
અનિહારે મોહન પુત્ર મલ્હાવતી રે,
જગ માતા તુમે ધન ધન. જયો. ॥૩॥
અનિહારે લોચન અમૃત કચોલડાં રે,
કજ કેતકી જયું મુખવાસ; જયો.
અનિહારે કહી ન શકે ગુણ કેવળી રે,
રાત થોડી ઘણેરી આશ. જયો ॥૪॥
અનિહારે જઇશું અમે હરિ આવશે રે,
રહેજો માજી સુખવાસ; જયો.
અનિહારે વાતે વિલાસે વાલેસરી રે,
મુજ રહેજો હૈડા પાસ. જયો. ॥૫॥
અનિહારે ઈંદ્રાણી હુલરાવશે રે,
તુજ બાળક બાળે વેશ; જયો.
અનિહારે પાવન પુણ્ય પનોતિ પરણશે રે,
ગીત ગાવા અમો આવશું. જયો. ॥૬॥
અનિહારે રાસ રમી રમણી ગઈ રે,
કરી પોત પોતાનું કાજ; જયો
અનિહારે સુરગિરિ જન્મ મલ્હાવશે રે,
શુભવીર વિજય મહારાજ. જયો. ॥૭॥

૧૦૧

મહાવીરજી સિદ્ધિ વર્યા, સંદેશ એ દેતા ગયા;
પ્રાણહિંસા ત્યાગીને ધરો, ધર્મ નહિ વિના દયા–મહા. ૧
ધર્મનું મૂળ જીવદયા, વીતરાગ એ કહેતા ગયા;
વિસ્તાર કરવા ગણધરૂને, ત્રિપદી દેતા ગયા–મહા. ૨
ક્રોધબંધન ચંડકોશી–નું વિષ છેદી ગયા;
બાકુળ વહોરી ચંદનાનાં, ભવ સહુ ભેદી ગયા–મહા. ૩
સિદ્ધિદાયક સિદ્ધચક્ર, યંત્ર તો દેતા ગયા;
જાપ નવપદનો કરી ભવિ, ભવ તરો કહેતા ગયા–મહા. ૪
ગૌતમને કૈવલ્ય દેવા, આપથી દુરે કર્યા;
દેશના સોળ પહોર દેઇ, અમૃત ભવિ હૃદયે ભર્યા–મહા. ૫
શક્રેન્દ્રને પ્રભુ મોક્ષ કાળે, ભૂત ભાવિ કહી ગયા;
પ્રભુતણા ફરમાન સહુ ભવિ, ધારજો ગ્રંથે લહ્યા–મહા. ૬

## ધ્યા. સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી કૃત સાગર—સમાધાનમાંથી ઉદ્ધૃત.

## (ભાગ ૧ લો)

પ્રશ્ન ૫૫–ચોમાસાની દીક્ષા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે?

સમાધાન– ચોમાસાની દીક્ષાનો પાઠ નિશીથચૂર્ણિ ઉદ્દેશો ૧૧ ગા. ૫૬૫

પ્રશ્ન ૬૪–સુંદર પુષ્પોની પૂજા કરવી તે બરાબર છે. પણ તેની પાંખડીઓને ચુંટવી તેથી વનસ્પતિ· કાય દુભાય છે. અને તેથી એકેન્દ્રિય જીવને દુઃખ થાય છે. આટલી બધી કિલામણા કરવાની પ્રવૃતિ શાસ્ત્રમાં હશે એવી મનમાં વિચારણા આવે તેનું શું ?

સમાધાન– પરમારાધ્ય પૂજા પ્રસંગે આ વિચાર આવે છે પણ સંસારની સમગ્ર પ્રવૃત્તિમાં છકાયની હિંસા ડગલે પગલે થયા કરે છે. પણ તે સંબંધી મહાનુભાવ ! લેશભર વિચાર કેમ આવતો નથી !!! એકેન્દ્રિયની કિલામણ, કદર્થના અને હિંસાથી હૃદય ક્ષોભ પામે તેને જરૂર સર્વ-વિરતિ અંગીકાર કરવી જોઇએ. વિ. પ્રભુ ચરણે ચડેલ એકેન્દ્રિયો પોતાના એકેન્દ્રિયભવની સાર્થકતા તે પૂજા પ્રસંગે આપણી દ્વારાએ કરી

શકે છે. પણ (તે) સ્વરૂપ (હિંસાને વાસ્તવિક) બ્હાના તળે (હિંસા માની) પરમારાધ્ય પૂજા ત્યાગ કરવી તે અનુચિત છે. એ પૂજા પ્રસંગની હિંસા તે વાસ્તવિક હિંસા નથી.

પ્રશ્ન ૭૯–દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં શું અંતર છે?

સમાધાન–ચોથા આરામાં ઉંચામાં ઉંચા સર્વોત્તમ પ્રકારના વિવિધ દ્રવ્યથી પૂજા કરે તેના કરતાં પાંચમાં આરામાં છેડે શ્રી દુપ્પસહસૂરીશ્વરજીનું ચારિત્ર અને તે રૂપ ભાવપૂજાની વચ્ચે ક્રોડ અને કોડી, મેરૂ અને સરસવ સમાન અંતર છે. અર્થાત દશાર્ણભદ્ર અને ઇંદ્રમહારાજા કે જે સામૈયાદિકની ભકિતમાં અનુક્રમે ચઢીયાતા છે, છતાં જ્યારે દશાર્ણભદ્ર સર્વ ત્યાગરૂપ સર્વવિરતિ આદરે છે તે વખતે ઇંદ્રમહારાજા તેના (દશાર્ણભદ્રના) ચરણમાં ઝુકે છે.

પ્રશ્ન ૧૬૭–નવગ્રહોમાં સમકિતી કયા તથા મિથ્યાત્વી કયા? કયા શાસ્ત્રના આધારે તે માનવું? કાલા ગોરા ક્ષેત્રપાલ સમકિતી છે કે મિથ્યાત્વી?

સમાધાન- ગ્રહોના વિમાનોમાં શાશ્વત જિનચૈત્ય હોવાથી અને તેની આશાતના તેઓ ટાળતા હોવાથી તથા દીક્ષા પંચાશકમાં અને પ્રતિષ્ઠાવિધિમાં ગ્રહોનાં આહ્વાન તથા નન્દીસ્તવે ધર્માનુષ્ઠાનમાં ગ્રહોની સાક્ષી ગણવાથી તે સમકિતી હોય તેમ

સંભવે છે. કાલા ગોરા નામના ક્ષેત્રપાલ ભૈરવનો કોઈ તેવા મુખ્ય ગ્રંથોમાં લેખ નથી.

પ્રશ્ન ૧૬૮–નવ ગ્રહોને માનવા કે નહિ?

સમાધાન- સાધર્મિક તરીકે માનવામાં અડચણ જણાતી નથી.

પ્રશ્ન ૧૬૯–દશ દિક્પાલમાં સમકિતી કયા, મિથ્યાત્વી કયા? કયા શાસ્ત્રના આધારે એ માનવું? એમને માનવા કે નહિ?

સમાધાન- નન્દીસ્તવ આદિના આધારે દશ દિક્પાલોને પણ સમકિતી માનવામાં અડચણ નથી.

પ્રશ્ન ૧૭૦–સોળ વિદ્યાદેવીઓમાં સમકિતી કઈ અને મિથ્યાત્વી કઈ? તથા એ દેવીઓને માનવી કે નહિ? માનવી તો કયા શાસ્ત્રના આધારે?

સમાધાન- વિદ્યાદેવીઓમાં સમકિતી કે મિથ્યાત્વીનો ઉલ્લેખ સ્પષ્ટપણે ખ્યાલમાં નથી. પણ શ્રી શોભનમુનિકૃત સ્તુતિઓમાં તે દેવીઓની સ્તુતિઓ હોવાથી સમ્યગ્દૃષ્ટિ હોય પણ તેથી લોકોમાં મનાતી દેવીઓને મનાય નહિ. કારણ કે તેઓની ક્રિયા જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ છે.

પ્રશ્ન ૭૦૬–પકખી, ચોમાસી તથા સંવત્સરી પ્રતિક્રમણમાં મોટી શાંતિ અને છેલ્લો લોગસ્સ બોલાયા પછી 'સંતિકર' બોલવું જ જોઈએ?

સમાધાન– 'સંતિકર' એ નવ સ્મરણમાંનું એક સ્મરણ છે. પાપ હરનાર હોવા સાથે વિઘ્નનું નિવારક

છે. પૂર્વપુરૂષોએ તેનું કથન આચરેલું છે, અને તેની (સંતિકરની) ટીકામાં પાક્ષિકને દિવસે તેના પઠનનો ઇસારો છે, માટે તે બોલવું ઉચિત છે, અનુચિત નથી. કેટલાંક તરફથી કહેવામાં આવે છે કે-એમ પ્રક્ષેપ કરતાં ઘણું વધી જશે; પણ આ કથનની આચરણા કરનારા મહાપુરૂષોએ એ નહિ વિચાર્યું હોય એમ માનવા તૈયાર થવું, એ યોગ્ય નથી. કદાચ મહાપુરૂષોએ કારણસર વધાર્યું તો તે સંતિકરંના અંગે કઇ સાવદ્યકરણી હતી કે જેથી નિષેધ કરવાની જરૂર પડી ?

પ્રશ્ન ૭૦૮–ભગવાન શ્રી મહાવીર દેવના કાનમાં ખીલા ઠોકયા ત્યારે તેમના મુખેથી કંઈ અવાજ સરખો થયો નહિ, જ્યારે ખીલા કાઢયા ત્યારે ભગવાને ચીસ પાડી તો પછી ભગવાન શ્રી મહાવીરદેવના વીર્યબલમાં વધારો ઘટાડો માનવો ?

સમાધાન- ભગવાન શ્રી મહાવીર દેવના કાનમાં ગોવાળીઆએ જે શલાકાઓ ઠોકી તે વખતે માત્ર માંસનું વિંધાવાપણું હતું અને તેથી તે વખતે ભૈરવ શબ્દ ન થયો પણ તે શલાકાઓ કાનમાં ઘણી મુદ્દત રહેવાથી માંસ સાથે જોડાઇ ગઇ અને તેથી તે શલાકાઓ ખેંચતી વખત મર્મસ્થાનના માંસનો ભાગ ખેંચાયો અને તેથી ભૈરવ શબ્દ

થયો એમ માનવામાં, વીર્યની ન્યૂનાધિકતા માનવાની કાંઈ જરૂર નથી. જો કે કીલકનાં પ્રક્ષેપ અને નિર્ગમનની વખતે ભગવાન શ્રી મહાવીરદેવ છદ્મસ્થ અવસ્થામાં હોઈ વીર્યની ન્યૂનાધિકતા પણ માનવામાં અડચણ નથી, તો પણ કીલકકર્ષણ વખતે થયેલો ભૈરવ શબ્દ તેઓશ્રીના વીર્યની ન્યૂનતા જણાવનારો નથી એમ જણાય છે.

પ્રશ્ન ૭૦૮–આયંબિલની રસોઇમાં હિંગ વપરાય કે નહિ ?

સમાધાન– શ્રી વિજયસેનસૂરિજીના કથન મુજબ સુંઠ વિગેરે વાપરવામાં જો આયંબિલમાં વાંધો નથી તો હિંગમાં વાંધો ન હોય તે સ્વાભાવિક છે, અને એ વાત 'બિલવણ સૂંઠિ મરીચ અને સૂઆ, મેથી સંચલ રાંમઠ કહ્યા' આ મુજબ આયં–બિલની સજઝાયમાં જોવાથી સમજી શકાશે તથા પ્રવૃત્તિથી પણ હિંગવાળા પદાર્થો આયંબિલમાં દોષકર્તા નથી એમ જણાય છે.

## સાગર – સમાધાનમાંથી

## ( ભાગ ૨ જો )

પ્રશ્ન ૭૭૨–શ્રી મહાવીર ભગવાનના જન્મને શ્રવણ કરતી વખતે નાળીયેર વધેરાય છે, તે નાળીયેર એકેન્દ્રિય જીવ હોવાથી અનુચિત કેમ નહિ ?

સમાધાન–સંસારી લોકો હર્ષની વખતે નાળીયેરની શેષ વહેંચે છે, તેવી રીતે આ જન્મોત્સવ પ્રસંગ શ્રવણના આનંદને અંગે નાળીયેરની શેષો વહેંચે તે સ્વાભાવિક છે. ‘નાળીયેર એકેન્દ્રિય છે માટે ન વધેરવું’ એમ કહી એકેન્દ્રિયની દયાના કથનને આગળ કરે તે તેને જ શોભે કે જે અગ્નિકાયને એકેન્દ્રિય સમજી દીવો ન સળગાવતો હોય, માટી, મીઠાની વિરાધના ન કરતો હોય, તથા શાક વિગેરે વનસ્પતિની વિરાધનાથી જે અલગ થયો હોય; એકેન્દ્રિયની વિરાધનાથી આ રીતિએ દુર રહેનારો મનુષ્ય નાળીયેરની શેષ ન વહેંચે તે સ્વાભાવિક છે. બાકી અન્યત્ર એકેન્દ્રિયને અંગે ચિંતા ન કરનારો, અત્ર આવી વાત આગળ કરે તે તો ફક્ત ભકિતનાં

ચેડાં જ છે. શાસ્ત્રકારો પણ એકેન્દ્રિયના આરંભથી દૂર રહેનારા વિમલબુદ્ધિને દ્રવ્યસ્તવ કરવાની જરૂરિયાત નથી, એમ સ્પષ્ટપણે જણાવે છે.

પ્રશ્ન ૭૭૮–લોકરીતિએ દીવાળી કરવી એવી કહેવતને અનુસરીને દીવાળી કરતાં લૌકિક દીવાળીને દિવસે અમાવાસ્યા અને સ્વાતિ નક્ષત્રને ભગવાન મહાવીર મહારાજના નિર્વાણ કલ્યાણકની તિથિ તથા નક્ષત્ર છે તે બે માંથી એક પણ ન આવે તેનું શું ?

સમાધાન– ત્રિલોકનાથ શ્રીતીર્થંકર ભગવાનોની આરાધના માત્ર તે તે અંગે જ છે, અને તે પ્રમાણે શ્રી પંચાશક વિગેરેમાં ચોકખો લેખ છે. કોઇ પણ ભગવાનનું કોઇ પણ કલ્યાણક નક્ષત્રની અપેક્ષાએ આરાધવાનું હોતું જ નથી અને અમાવાસ્યા તિથિના નિયમને બાધ કરવા માટે જ लोकानुगैः એમ કહીને આ શ્રી દીવાળીનું પર્વ લોક તેમ કરવા જણાવેલું છે.

| | | | |
|---|---|---|---|
| ૨૯ | શ્રી વિ...દ્યા...સં...ગી...ત સ...રિ...તા | | અલભ્ય |
| ૩૦ | દેશ કેમ ફેરવ્યો ? દિશા ફેરવો ભા ૧થી૪ | રૂા | ૫-૦૦ |
| ૩૧ | શ્રી વ્યાખ્યાન સંગ્રહ ભા ૧ | રૂા | ૬-૦૦ |
| ૩૨ | હરિબલ મચ્છીનું અદ્‌ભુત ચરિત્ર | રૂા. | ૨ ૦૦ |
| ૩૩ | શ્રી વ્યાખ્યાન સંગ્રહ ભા. ૨જો | રૂા. | ૮-૦૦ |
| ૩૪ | રાજનગર શ્રમણ સંમેલનની કાર્યવાહી | રૂા. | ૧૦-૦૦ |
| ૩૫ | શ્રી હંસ આરાધના સંગ્રહ | રૂા | ૧૦-૦૦ |
| ૩૬ | વિવિધ પ્રશ્નોત્તર શુદ્ધિપ્રકાશ ભા ૧-૨જો | રૂા. | ૧૦-૦૦ |
| ૩૭ | શ્રી શાસનકંટકોધ્ધારકસૂરિજી જીવન સુરેખ | રૂા. | ૫-૦૦ |
| ૩૮ | ઠળીયા દીક્ષા મહોત્સવ પ્રસંગની ભવ્યતા | રૂા. | ૧-૦૦ |
| ૩૯ | શ્રી શાસનકંટકોધ્ધારકસૂરિજી જીવન પરાગ | રૂા. | ૪-૦૦ |
| ૪૦ | જય વિજય ચરિત્ર અને સમ્યક્ત્વનું સ્વરૂપ | રૂા. | ૨-૦૦ |
| ૪૧ | કલ્યાણ સમાધાન શુદ્ધિપ્રકાશ | રૂા. | ૩-૦૦ |
| ૪૨ | શ્રી ધર્મસુરિજીના વંદિત્તાના આવશ્યક સુધારા | રૂા. | ૧-૨૫ |
| ૪૩ | શ્રી રામચંદ્રસુરિજીના ઉત્સૂત્રોની હારમાળા | રૂા. | ૨-૦૦ |
| ૪૪ | શ્રી જિન ચંદ્ર ભકિત સુધારસ | | અલભ્ય |
| ૪૫ | શ્રી સૂર્યપૂરનું સાગર સ્વાગત | રૂા. | ૧-૫૦ |
| ૪૬ | સુધાકર રત્ન મંજુષા | | અલભ્ય |
| ૪૭ | સૂર્યપુરની ભવ્ય શહેરયાત્રા | રૂા. | ૧-૫૦ |
| ૪૮ | કલ્યાણ કલિકા શુદ્ધિપ્રકાશ | રૂા. | ૧-૦૦ |
| ૪૯ | શ્રી હંસ રત્ન મંજૂષા ભા. ૧લો | રૂા. | ૯-૦૦ |
| ૫૦ | શ્રી હંસ રત્ન મંજૂષા ભા. ૨જો | | પ્રેસમાં |
| | | | આ ૧લી |

પ્રા...પ્તિ...સ્થા...ન

**શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર**

**અને પૌષધશાળા—ઠળીયા-૩૬૪૧૪૫.**

# શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી
# જૈન ગ્રંથમાલાના પ્રકાશનો

| નંબર | નામ | કિંમત |
|---|---|---|
| ૧થી૪ | શ્રી શાસન સુધાકર વર્ષ ૧ થી ૪ની ફાઇલો | અલભ્ય |
| ૫થી૧૩ | ,, વર્ષ ૫થી૧૨ની પ્રત્યેક ફાઇલ | રૂા. ૨૦-૦૦ |
| ૧૩ | શ્રી પિંડ નિર્યુક્તિ આગમ ગ્રંથનો અનુવાદ | રૂા. ૧૫-૦૦ |
| ૧૪ | શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી સ્મૃતિગ્રંથ ભા. ૧લો. | રૂા ૧૫ ૦૦ |
| ૧૫ | શ્રી શ્રાવકપ્રતિક્રમણ-વંદિતા સૂત્રનો અનુવાદ | રૂા. ૨૫-૦૦ |
| ૧૬ | શ્રી શાસન. સ્મૃતિગ્રંથ ભા. ૨જો રૂા. | ૧૫-૦૦ |
| ૧૭ | પ્રાચીન અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા | રૂા. ૧૫-૦૦ |
| ૧૮ | શ્રી શાસન. સ્મૃતિગ્રંથ ભા. ૩જો | રૂા. ૨૫-૦૦ |
| ૧૯ | શ્રી માનતુંગ-માનવતીનો રાસ | રૂા ૫-૦૦ |
| ૨૦ | શ્રી શાસન. લેખ સંગ્રહ ભા. ૧ લો. | રૂા. ૨૦-૦૦ |
| ૨૧. | કુમતાહિવિષજાંગુલીમંત્ર તિમિર તરણી | રૂા. ૫-૦૦ |
| ૨૨ | શ્રી શાસન. લેખ સંગ્રહ ભા. ૨જો | રૂા ૨૦-૦૦ |
| ૨૩ | શ્રી રંજનશ્રીજી મ.નું આદર્શ જીવન | અમૂલ્ય |
| ૨૪ | કુમતા... શાસન. લેખ સંગ્રહ ભા. ...રણી.. | રૂા ૩-૦૦ |
| ૨૫ | શ્રી કુમતાહિવિષજાંગુલીમંત્ર તિમિર તરણી રૂા / શ્રી શાસન. લેખ સંગ્રહ ભા. ૨જો રૂા. | ૧૦-૦૦ |
| ૨૬ | શ્રી ...હિવિષજાંગુલીમંત્ર તિમિર તરણી ...જીવન સંગ્રહ ભા. | રૂા. ૫-૦૦ |
| ૨૭ | શ્રી શાસન ...મંત્ર તિમિર તરણી રૂા ...ંગ્રહ ભા. ૨જો રૂા. ૧૦- | રૂા. ૮-૦૦ |
| ૨૮ | દિ...શ્રા... ...જીવન રૂા. | રૂા. ૧૦-૦૦ |